www.jayswaminarayan.org
www.bhujmandir.org

સંવત્ ૨૦૬૨ પોષસુદ ૨ | શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ | સને. ૨૦૦૬ તા. ૧-૧-૦૬

શ્રીકૃષ્ણાય નમો નમઃ

-: પ્રકાશક :-
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.

કમ્પોઝ સેટીંગ
શ્રીનરનારાયણદેવ કોમ્પ્યુટર
શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ - કચ્છ.



# શ્રી વ્યાસમુનિ વિરચિતઃ
# શ્રીમદ્‌ભાગવત મહાપુરાણ

## -: દશમ સ્કંધ પૂર્વાર્ધ :-

### અધ્યાય ૧

### કંસે દેવકીના છ પુત્રોનો કરેલો નાશ.

॥ राजोवाच ॥

कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः । राज्ञां चोभयवंशयानां चरितंपरमाद्भुतम् ॥१॥

પરીક્ષિત રાજા કહે છે- આપે ચંદ્રવંશ તથા સૂર્યવંશનો વિસ્તાર કહ્યો અને તે બન્ને વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓનું પરમ અદ્‌ભુત ચરિત્ર પણ કહ્યું.[૧] હે મુનિવર ! સ્વધર્મ પાળનારા યદુરાજાનો વંશ તો ઘણા વિસ્તારથી કહ્યો. હવે એ વંશમાં બલરામની સાથે અવતરેલા વિષ્ણુનાં પરાક્રમો અમને કહો.[૨] જગતનું પાલન કરનાર વિશ્વાત્મા ભગવાને યદુના વંશમાં અવતરીને જે પરાક્રમો કર્યા છે તે વિસ્તારથી અમોને કહો.[૩] મુક્ત, મુમુક્ષુ અને વિષયી એમ ત્રણ પ્રકારના લોકો આ જગતમાં છે, તેઓમાંથી કોઇને પણ ભગવાનની કથામાં તૃપ્તિ થતી નથી. કેમ કે તૃષ્ણા વગરના મુક્ત પુરૂષો તેને ગાયા કરે છે. એ કથા સંસારના ઔષધ રૂપ છે, તેથી મુમુક્ષુ લોકોને પણ સંસારમાંથી છૂટવાનો એજ ઉપાય છે. કાન અને મનને પ્રિય લાગનાર હોવાથી વિષયી પુરૂષોને પણ સર્વોત્તમ વિષય એ જ છે. માટે પશુની સમાન વૃત્તિવાળા કેવળ મૂર્ખ પુરૂષ વિના બીજો કયો પુરુષ ભગવાનની કથામાંથી વિરામ પામે? ન જ પામે.[૪] અમારે તો ભગવાનની કથા નિરંતર સાંભળવી જ જોઇએ; કેમ કે અમારા કુળના દૈવતરૂપ તો શ્રીકૃષ્ણ જ હતા. યુધ્ધમાં દેવતાઓને પણ જીતી લેનારા ભીષ્મદેવજી આદિ અતિરથીઓરૂપી મોટા મત્સ્યોને લીધે જેને કોઇનાથી પણ તરી શકાય નહિ એવા કૌરવોના સૈન્યરૂપી મહાસાગરને મારા દાદા પાંડવો, ભગવાનરૂપી વહાણના આશ્રયથી વાછડાના પગના ખાબોચિયા જેવો ગણી તરી ગયા હતા.[૫] ભગવાને કેવળ પાંડવોની રક્ષા કરી હતી એમ નથી, પણ આ મારા શરીરની પણ એમણે જ રક્ષા કરી છે. કૌરવો અને પાંડવોના વંશના બીજરૂપ આ મારૂં શરીર, કે જે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી જતું હતું, તેને પણ ભગવાને પોતાને શરણે આવેલી મારી માતાના ઉદરમાં પ્રવેશીને સુદર્શન ચક્રદ્વારા રક્ષણ કર્યું છે.[૬] હે વિદ્વાન ! સમગ્ર પ્રાણીઓની અંદર પુરૂષરૂપે સ્થિત કાર્યને કરનારા, અને બહાર કાળરૂપે વિનાશને કરનારા, અને પોતાના સંકલ્પથીજ મનુષ્યભાવનું અનુકરણ કરનારા એવા શ્રીકૃષ્ણનાં પરાક્રમ કહો.[૭] શેષનાગના અવતારરૂપ બલરામને એકવાર આપે રોહિણીના પુત્ર કહ્યા અને બીજીવાર દેવકીના પુત્ર કહ્યા તો બીજા દેહ વિના તેમને દેવકીના ગર્ભનો સંબંધ શાથી થયો ?[૮] ભગવાનને કંસની બીક લાગવી તો સંભવે જ નહીં, છતાં તે પોતાના પિતાનું ઘર છોડીને વ્રજમાં શા માટે પધાર્યા ? ભક્તોના રક્ષક ભગવાને પોતાની જ્ઞાતિઓની સાથે કયા સ્થળમાં નિવાસ કર્યો હતો ?[૯] ભગવાને વ્રજમાં રહીને તથા મથુરામાં રહીને શી શી લીલા કરી ? અને પોતાની માનો ભાઇ કંસ, કે જેને મારવો ન જોઇએ છતાં તેને પોતાને હાથે શા માટે માર્યો ?[૧૦] મનુષ્યનો દેહ ધરીને યાદવોની સાથે મથુરામાં કેટલાં વર્ષ સુધી રહ્યા હતા, અને તે ભગવાનને કેટલી સ્ત્રીઓ હતી ?[૧૧] હે સર્વજ્ઞ મુનિ ! આ અને આ ઉપરાંત પણ જે કોઇ ભગવાનનું ચરિત્ર હોય તે સઘળું મને કહેવા માટે યોગ્ય છો; કેમકે એ વિષયમાં મને શ્રદ્ધા છે.[૧૨] મેં જો કે અન્ન અને જળ છોડી દીધેલાં છે, તો પણ તમારા મુખારવિંદમાંથી નીકળતું ભગવાનની કથારૂપી અમૃતનું પાન કરૂં છું, તેથી બીજાઓથી સહન ન કરી શકાય એવાં ભૂખ અને તરસ મને બાધ પમાડી શકતા નથી.[૧૩]

સૂત શૌનકને કહે છે- હે શૌનક મુનિ ! વૈષ્ણવોમાં મુખ્ય શુકદેવજી આ પ્રમાણે ઉત્તમ પ્રશ્ન સાંભળી, પરીક્ષિત રાજાની પ્રશંસા કરીને કળિયુગના દોષોને દૂર કરનારું ભગવાનનું ચરિત્ર કહેવા લાગ્યા.[૧૪] શુકદેવજી કહે છે- હે ઉત્તમ રાજર્ષિ ! તમારો નિશ્ચય બહુ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

જ સારો છે, કે જેથી ભગવાનની કથામાં તમારી બુદ્ધિને નિષ્ઠા થઇ છે.[૧૫] ગંગાજળ જેમ ત્રણે લોકને પવિત્ર કરે છે તેમ ભગવાનની કથા સંબંધી પ્રશ્ન પણ કહેનાર, પૂછનાર અને સાંભળનાર એ ત્રણેને પવિત્ર કરે છે.[૧૬] ગર્વવાળા રાજાઓ કે જેઓ વાસ્તવિક રીતે દૈત્યો જ હતા, તેઓનાં ઘણાં ઘણાં સૈન્યોના મોટા ભારથી દબાએલી પૃથ્વી ગાયનુંરૂપ ધરીને બ્રહ્માને શરણે ગઇ. ખેદ પામેલી, દયા ઉપજે એવી રીતે ચીસો નાખતી અને આંખનાં આંસુ જેના મોઢામાં ભરાયાં હતાં, એવી પૃથ્વીએ બ્રહ્માની પાસે ઉભી રહીને તેમની પાસે પોતાનાં દુઃખનું નિવેદન કર્યું.[૧૭-૧૮] બ્રહ્મા પૃથ્વીનું દુઃખ સાંભળીને પૃથ્વી, દેવતાઓ અને મહાદેવને સાથે લઇ ક્ષીરસાગરને કાંઠે ગયા.[૧૯] ત્યાં જઇને સમાધિ કરીને જગતના નાથ, દેવના દેવ અને મનોરથોને પરિપૂર્ણ કરનાર વિષ્ણુની પુરૂષસૂક્તના મંત્રોથી સ્તુતિ કરતાં સમાધિમાં જ ભગવાને જે આકાશવાણી કહી, તે સાંભળીને બ્રહ્માએ દેવતાઓને કહ્યું કે- હે દેવતાઓ ! મારી પાસેથી ભગવાનનાં વચન સાંભળો અને પછી તે પ્રમાણેજ કરો. વિલંબ કરશો નહીં.[૨૦-૨૧] આપણી વિજ્ઞપ્તિથી પહેલાં જ ભગવાને પૃથ્વીના દુઃખને ધ્યાનમાં લીધું છે, માટે ઈશ્વરોના પણ ઈશ્વર એવા ભગવાન પોતાની કાળશક્તિથી પૃથ્વીનો ભાર ઉતારવા પૃથ્વીમાં અવતાર ધરશે, તેટલામાં તમો પણ પોતપોતાના અંશોથી યાદવોમાં અવતાર ગ્રહણ કરો.[૨૨] સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ ભગવાન વસુદેવના ઘરમાં અવતરશે, તેમને પ્રસન્ન કરવા સારૂં દેવોની પત્નિઓ પણ અવતાર ગ્રહણ કરો.[૨૩] સહસ્ર મુખવાળા, સ્વયંપ્રકાશ, અનંત અને ભગવાનના અંશરૂપ શેષનાગ, ભગવાનનું પ્રિય કરવા સારૂં પ્રથમ અવતાર ધરશે.[૨૪] વિષ્ણુની માયા કે જેણે સઘળા જગતને મોહ ઉપજાવેલો છે, તે પણ પ્રભુની આજ્ઞાથી દેવકીના ગર્ભને રોહિણીના ઉદરમાં સ્થાપન કરવારૂપ કાર્યને માટે ભગવાને આપેલા ઐશ્વર્યથી યુક્ત થઇને યશોદાથકી જન્મ ધારણ કરશે.[૨૫]

શુકદેવજી કહે છે- પ્રજાપતિઓના પતિ બ્રહ્મા આ પ્રમાણે દેવતાઓને આજ્ઞા કરી અને વચનથી પૃથ્વીને આશ્વાસન આપી, પોતાના સર્વોત્તમ બ્રહ્મલોકમાં ગયા.[૨૬] પૂર્વે યાદવોના અધિપતિ શૂરસેન રાજા મથુરા નગરીમાં રહીને મથુરા અને શૂરસેન નામના દેશને ભોગવતા હતા, ત્યાંથી માંડી મથુરા નગરી સઘળા યાદવવંશી રાજાઓની રાજધાની થઈ હતી, કે જે મથુરામાં ભગવાન નિરંતર રહેલા છે.[૨૭-૨૮] શૂરના પુત્ર વસુદેવ એક દિવસે એ નગરીમાં પરણીને નવી પરણેલી સ્ત્રી દેવકીની સાથે પોતાને ઘેર જવાને સારું રથમાં બેઠા, તે સમયે ઉગ્રસેન રાજાના કંસે પોતાની બહેન દેવકીને રાજી કરવા સારું ઘોડાની રાશ ઝાલી હતી, (હાંકવા બેઠો હતો.) અને તેની સાથે બીજા સેંકડો સોનાના રથ હતા.[૨૯-૩૦] દીકરી પર પ્રીતિ રાખનાર ઉગ્રસેનના મોટાભાઇ દેવકે પોતાની દીકરી દેવકીને તેના પ્રયાણ સમયમાં સોનાની માળાવાળા ચારસો હાથી, પંદરસો ઘોડા, અઢારસો રથ અને સુંદર શણગારેલી બસો દાસીઓ આપી હતી.[૩૧-૩૨] વરવહુના પ્રયાણ સમયમાં અતિ મંગળ રૂપ શંખ, તુર્ય, મૃદંગ અને દુંદુભિઓ એક સાથે વાગતાં હતાં.[૩૩] માર્ગમાં રથને હાંક્યા જતા કંસને "હે કંસ !" એમ બોલાવીને આકાશવાણીએ કહ્યું કે- "હે મૂર્ખ ! જે દેવકીને તું ઘેર વળાવવા જાય છે તેનો આઠમો ગર્ભ તને મારશે"[૩૪] એ વાણી સાંભળી તે ખળ, પાપી અને ભોજના કુળને લાંછનરૂપ એવા કંસે, બહેનને મારી નાખવા સારું તલવાર લઈને ચોટલો પકડ્યો.[૩૫] આવું ભૂંડું કામ કરવા તૈયાર થયેલા ક્રુર અને નિર્લજ્જ કંસને શાંત પાડવા સારું સ્તુતિથી, યુક્તિઓથી અને દયા ઉપજે એવી રીતે ભાગ્યશાળી વસુદેવ કહેવા લાગ્યા. [૩૬]

વસુદેવ કહે છે- હે કંસ ! શૂર પુરૂષોએ વખાણવા યોગ્ય ગુણવાળો અને ભોજ કુળની કીર્તિ વધારનારો તું ઉઠીને વિવાહના ઉત્સવમાં આ સ્ત્રી જાતિ અને વળી બહેનને મારી નાખવા શા માટે વિચારે છે ?[૩૭] મરણની બીકથી મારતો હોય તો મરણ કોઈનું ટાળ્યું ટળતું નથી; કેમકે પ્રાણીઓનું દેહની સાથે મરણ સરજાઇ ચૂક્યું છે. અને વધારે સમય જીવવા સારૂં એટલે પોતાના મરણમાં વિલંબ પાડવા સારું મારતો હોય તો મરણ તો આજ અથવા સો વર્ષે પ્રાણીઓને અવશ્ય થનાર જ છે, તેમાં માત્ર વિલંબ નાખવા સારું પાપ કરવું યોગ્ય નથી.[૩૮] આ દેહ ભોગ અને પ્રેમ વગેરેનું સ્થાનક છે તે પડી ગયા પછી જો બીજો દેહ ન આવતો હોય તો પાપ કરીને પણ દેહનું રક્ષણ કરવું ઘટે, પરંતુ તેમ નથી, કેમકે પરવશ પ્રાણી મરણ સમયે વગર યત્ને જ પ્રથમથી બીજા દેહને પામી, પછીથી પૂર્વદેહનો ત્યાગ કરે છે.[૩૯] જેમ ચાલ્યો જતો માણસ ધરતી ઉપર એક પ્રથમ મૂકેલા પગથી દેહને ટેકાવીને પછીથી બીજો પગ ઉપાડે છે, અને જેમ ખડમાંકડી બીજા ખડને પકડીને પછી પ્રથમનું ખડ છોડી દે છે, તેમ કર્મ માર્ગમાં ચાલ્યો જતો જીવ પણ બીજા દેહને પામ્યા પછી પહેલા દેહને છોડી દે છે.[૪૦] દેખેલા (રાજાદિક) અને સાંભળેલા (ઈન્દ્રાદિક) દેહના જેમાં સંસ્કાર લાગેલા છે એવા મનથી તે જ રાજાદિકના દેહનું ચિંતવન કરતો પુરૂષ, સ્વપ્રમાં તેવા જ પ્રકારના દેહને દેખે છે, પછી થોડીવારમાં એ જ રાજાદિકના દેહને "હું છું" કરી માને છે અને પછી જાગ્રતના દેહની સ્મૃતિ ભૂલી જાય છે, અને એવી જ રીતના મનથી તેવા જ દેહના મનોરથ કરતો પુરૂષ, જાગ્રતમાં પણ એ જ કોઇ પ્રકારના દેહને દેખે છે, પછી થોડીવારમાં એ જ દેહને "હું છું" કરી માને છે અને પછી પોતાના દેહની સ્મૃતિ ભૂલી જાય છે, તે જ પ્રમાણે મૃત્યુ સમયે પણ કર્મને લીધે બીજા દેહને પામીને પૂર્વ દેહનો ત્યાગ કરે છે.[૪૧] મૃત્યુ સમયે અંતર્યામી પરમાત્મા દ્વારા કર્માત્મક વાસનાને અનુસારે પ્રેરાયેલું મન, પંચભૂતાત્મક દેવ, મનુષ્ય, પશુ, પક્ષી એ આદિક દેહોને મધ્યે જે જે દેહોનું સ્મરણ કરે છે, અને સ્મરણ કરતાં જે જે દેહને પામે છે, તે તે દેહને વિષે વાસનાત્મક મનની સાથે જીવ પણ જાય છે. આ રીતે વાસનાત્મક મનની સાથે જે જવું એ જ જીવની ઉત્પત્તિ છે.[૪૨] જેમ જળને વિષે તથા તેલ, ઘી આદિક પદાર્થને વિષે સૂર્ય તથા ચંદ્રના બિંબો, પ્રતિબિંબ રૂપે દેખાય છે. એ પ્રતિબિંબ કંપનથી રહિત હોય છે, છતાં વાયુના કંપનને લીધે

www.jayswaminarayan.org www.bhujmandir.org

કંપાયમાન જણાય છે. એ જ રીતે જીવ સ્વભાવસિદ્ધ દેવ, મનુષ્ય તથા રાજાદિકની ઉપાધિથી રહિત છે, છતાં એ જીવ વાસનાને લીધે હું દેવ છું, મનુષ્ય છું, અને રાજા છું, આવા વિવિધ પ્રકારના મોહને પામે છે. વાસ્તવિકતાએ દેહ થકી આત્મા પૃથક્ છે. મૃત્યુ તો દેહનું જ થાય છે, પરંતુ આત્માનું મૃત્યુ થતું નથી, આત્મા તો અમર છે. આવી વસ્તુસ્થિતિ હોવાથી આત્મતત્ત્વને જાણનારા પુરૂષે, જો પોતાના કલ્યાણની ઈચ્છા હોય તો કોઈનો પણ દ્રોહ ન કરવો જોઈએ. કેમકે દ્રોહ કરનારને જ સામા પ્રાણીથી અને યમથી પણ ભય ઉત્પન્ન થાય છે.[૪૩-૪૪] આ બિચારી તારી નાની બેન, બાળક અને ભલી દેવકી જે લાકડાની પૂતળીની પેઠે પરતંત્ર છે તેને તારે મારવી જોઈએ નહિ.[૪૫]

શુકદેવજી કહે છે- હે રાજા ! આ પ્રમાણે વસુદેવે સામથી અને ભેદથી કંસને સમજાવવા માંડયો, તોપણ રાક્ષસોને અનુસરેલો ક્રુર કંસ દેવકીને મારવાથી અટક્યો નહીં.[૪૬] દેવકીને મારી નાખવાનો કંસનો આગ્રહ જાણી, વિચાર કરીને વસુદેવે મોતને અટકાવવા સારું પોતાના મનમાં આ પ્રમાણે નિશ્ચય કર્યો.[૪૭] બુદ્ધિમાન માણસે બુદ્ધિ પહોંચે ત્યાં સુધી મોતને અટકાવવું જોઈએ, અને એમ કરતાં ન અટકે તો તેમાં માણસનો અપરાધ કહેવાતો નથી.[૪૮] એટલા માટે દેવકીને જે દિકરા આવે તે કંસને આપવાનો ઠરાવ કરીને અત્યારે તો આ રાંક સ્ત્રીને છોડાવું. દેવકીને દીકરા આવ્યા પછી જે ભાવી હશે તે થશે, પણ હાલ તુરત તો આને જીવતી રાખવી જોઈએ. અને તેટલા સમયમાં જો કંસ જ મરી જાય તો પછી કશી પીડા નથી.[૪૯] સમય પર દીકરા આવે અને કંસ ન મર્યો હોય તો મારા પુત્રો તેને આપી દઈશ, અને કદાચ મારા પુત્રથી જ કંસનું મરણ થાય એમ વિપરીત પણ શા માટે ન બને ? કેમકે આનો આઠમો ગર્ભ તને મારશે, એમ કહેનારા ઈશ્વરની વાણી જાણવી મુશ્કેલ છે, કારણ કે ઘણી વખત સમીપે આવેલું મૃત્યુ પણ દૂર ચાલ્યું જાય છે. અને દૂર ચાલ્યું ગયેલું મૃત્યુ પણ સમીપમાં આવી જાય છે. જેમ વનમાં વૃક્ષોને અને ગામમાં ઘરોને બાળતો અગ્નિ, સમીપમાં હોય તેઓને છોડી દઈને સમય પર દૂર હોય તેઓને પણ બાળી નાખે છે. એમાં ભગવાનની ઈચ્છા સિવાય બીજું કોઈ પણ કારણ નથી, તેમ પ્રાણીઓના મૃત્યુમાં પણ ઈશ્વરની ઈચ્છા એ જ કારણ છે. અને ઈશ્વરની ઈચ્છા શું હોઈ શકે, એ આપણી બુદ્ધિથી કળવું કઠીન છે. [૫૦-૫૧] આ પ્રમાણે પોતાની બુદ્ધિ પહોંચી ત્યાં સુધી વિચાર કરીને વસુદેવે ઘણા માનથી તે પાપી કંસનો સત્કાર કર્યો.[૫૨] પછી મનમાં ખેદ પામવા છતાં કંસને વિશ્વાસ બેસાડવા સારું વસુદેવે પોતાનું મુખ પ્રફુલ્લિત રાખીને હસતાં હસતાં એ નિર્લજ્જ અને ક્રુર કંસને આ પ્રમાણે કહ્યું.[૫૩] વસુદેવ કહે છે- હે ભલા કંસ! જે બીક આકાશવાણીએ દેખાડી છે તે બીક તારે રાખવી જ નહીં; કેમકે આ દેવકીના જે પુત્રો થકી તને ભય ઉત્પન્ન થયેલો છે તે પુત્રો હું તને અર્પણ કરી દઈશ.[૫૪]

શુકદેવજી કહે છે- વસુદેવના વચનનો સાર જાણીને કંસ બહેનને મારવાથી અટકયો, અને વસુદેવ પણ રાજી થઈ કંસના વખાણ કરી પોતાને ઘેર ગયા.[૫૫] પછી પ્રસવનો સમય આવતાં ભગવાનની ભક્તિ કરનારી દેવકીએ આઠ દીકરા અને એક દીકરીને એક એક વર્ષને અંતરે જન્મ આપ્યા.[૫૬] પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા ઈચ્છતા વસુદેવે પ્રથમ ઉત્પન્ન થયેલા કીર્તિમાન નામના દીકરાને મનમાં ખેદ પામવા છતાં પણ કંસને આપ્યો. [૫૭] પોતાનું વચન પાળનારા પુરૂષોથી સહન ન કરી શકાય એવું કાંઈ પણ હોતું નથી. તેથી વસુદેવે પુત્રને મૃત્યુના હાથમાં સોંપ્યો. એક ભગવાન વિના બીજું કાંઈ સાચું નથી, એમ જાણનારાઓને કશી વાતની અપેક્ષા રહેતી નથી, તેથી વસુદેવે પુત્રને રમાડવાના સુખની અપેક્ષા છોડી દીધી. હું પોતે દીકરાને લઈ જઈશ તો કંસ છોડી દેશે એવું વસુદેવના મનમાં હતું જ નહીં; કેમકે નીચ પુરૂષોથી ન થઈ શકે એવું કશું પણ હોતું નથી. જેઓએ પોતાનું ચિત્ત ભગવાનમાં રાખ્યું હોય તેઓ જેને ન છોડી શકે એવું પણ કશું હોતું નથી, તેથી દેવકીએ પણ પુત્રને મૂકી દીધો.[૫૮] હે રાજા ! વસુદેવની એ સમતા અને સત્યમાં સ્થિતિ જોઈને રાજી થયેલો કંસ હસીને બોલ્યો કે- 'આ છોકરાને પાછો લઈ જાઓ; કેમકે આના થકી મને બીક નથી. તમારા આઠમા ગર્ભથી જ મારું મૃત્યુ ઠરેલ છે, માટે આઠમો પુત્ર આવે ત્યારે તે મને સોંપવો.[૫૯-૬૦] વસુદેવ 'ઠીક' એમ કહી દીકરાને લઈને પાછા પોતાને ઘેર ગયા, પણ કંસનાં તેવાં વચનનો તે વસુદેવે સત્કાર કર્યો નહીં; કેમકે કંસ દુષ્ટ છે અને તેનું મન તેના પોતાના હાથમાં નથી.[૬૧] આ પ્રમાણે કંસની શાંતિ દેવતાઓના કાર્યને અનૂકુળ નથી એમ જાણી, નારદજી આવીને કંસને કહ્યું કે- ''ગોપકુળમાં વ્રજવાસી નંદાદિક ગોવાળીયા અને તેઓની સ્ત્રીઓ તથા યદુકુળમાં વસુદેવ આદિ યાદવો, તેઓની દેવકી આદિ સ્ત્રીઓ, જ્ઞાતિઓ, સ્નેહી થઈને તને અનુસરી રહ્યા છે, એ બધા પણ દેવતારૂપ છે અને દેવતાઓએ પૃથ્વીને ભારરૂપ લાગતા દૈત્યોનો નાશ કરવાને ઉદ્યમ કર્યો છે.[૬૨-૬૪] એટલું કહીને નારદજી ચાલ્યા ગયા. પછી યાદવોને દેવતારૂપ માની અને પોતાને મારવા સારું દેવકીના ગર્ભમાંથી વિષ્ણુ જન્મશે એમ ધારી, કંસે દેવકી અને વસુદેવના પગમાં બેડી નાખી અને વિષ્ણુની શંકાથી દેવકીના જેટલા પુત્રો જન્મ્યા, એ બધા પુત્રોને મારી નાખ્યા.[૬૫-૬૬] પૃથ્વીમાં પોતાની ઈંદ્રિયોને તૃપ્ત કરનારા લોભી રાજાઓ ઘણું કરીને મા, બાપ, ભાઈઓ અને સઘળાં સંબંધીઓને પણ મારી નાખે છે.[૬૭] હું પૂર્વ જન્મમાં કાળનેમિ નામે મોટો દૈત્ય હતો અને તે જન્મમાં વિષ્ણુએ મારી નાખવાથી પાછો અહીં જન્મ્યો છું'' એમ કંસ જાણતો હતો, તેથી તેણે યાદવોની સાથે વિરોધ કર્યો.[૬૮] યદુ, ભોજ અને અંધક કુળના અધિપતિ પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરી, મોટા બળવાળો કંસ પોતે શૂરસેન દેશનું રાજ્ય કરવા લાગ્યો.[૬૯]

उग्रसेनं च पितरं यदुभोजांधकाधिपम् । स्वयं निगृह्य बुभुजे शूरसेनान् महाबलः ॥६९॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો પહેલો અધ્યાય સંપૂર્ણ.**

www.jayswaminarayan.org

www.bhujmandir.org

## અધ્યાય ૨

# દેવકીના ગર્ભમાં રહેલા શ્રીકૃષ્ણ ભગવાનની દેવતાઓએ કરેલી સ્તુતિ.

॥ श्रीशुकउवाच ॥

प्रलंबबकचाणुरतृणावर्तमहाशनैः । मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः ॥१॥

શુકદેવજી કહે છે- પ્રલંબાસુર, બકાસુર, ચાણુરમલ્લ, તૃણાવર્તદૈત્ય, અઘાસુર, મુષ્ટિકમલ્લ, અરિષ્ટાસુર, દ્વિવિદવાનર, પૂતના, કેશિદૈત્ય, ધેનુકાસુર અને બીજા પણ બાણાસુર અને નરકાસુર આદિ દૈત્યોના રાજાઓની સહાયતાથી બળવાન કંસ યાદવોનું નિકંદન કરવા લાગ્યો. એ કંસને જરાસંધનો મોટો આશ્રય હતો.[૧-૨] કંસથી પીડાએલા યાદવો કુરુ, પાંચાલ, કૈક્ય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોશલ દેશમાં જતા રહ્યા, અને કેટલાક યાદવો કંસને જ અનુસરીને તેની સેવા કરવા લાગ્યા. કંસે દેવકીના છ બાળક મારી નાખ્યા પછી વિષ્ણુના અંશરૂપ શેષનાગ કે જેને અનંત કહે છે, તે દેવકીના સાતમા ગર્ભમાં આવ્યા. એ ગર્ભથી દેવકીને હર્ષ અને શોક બન્ને વૃદ્ધિ પામ્યાં.[૩-૫] વિશ્વાત્મા ભગવાને પણ પોતાનો આશ્રય કરીને રહેલા યાદવોને કંસથી ઉત્પન્ન થયેલું દુઃખ જાણીને યોગમાયાને આજ્ઞા કરી કે- “હે દેવી ! તમો ગોવાળિયા અને ગાયોથી શોભી રહેલા વ્રજમાં જાવ. વસુદેવની સ્ત્રી રોહિણી નંદના ગોકુળમાં છે, અને બીજી વસુદેવની સ્ત્રીઓ પણ કંસના ઉદ્વેગથી ગુપ્ત સ્થાનકોમાં રહે છે.[૬-૭] હમણાં દેવકીના ઉદરમાં મારા અંશરૂપ શેષનાગ પધાર્યા છે, તેમને ત્યાંથી ખેંચીને રોહિણીના ઉદરમાં સ્થાપન કરો.[૮] પછી હું પરિપૂર્ણ રૂપથી દેવકીનો પુત્ર થઈશ, અને તમો નંદની સ્ત્રી યશોદાના ઉદરથી જન્મ લેજો.[૯] સકામ પુરૂષોને ઐશ્વર્ય અને સમગ્ર ઇચ્છિત ફળોને આપનારાં તમોને પૃથ્વી પર મનુષ્યો ધુપ, ઉપહાર અને બલિદાનથી પૂજશે.[૧૦] પૃથ્વીમાં મનુષ્યો તમારાં સ્થાનક કરશે. અને દુર્ગા, ભદ્રકાળી, વિજયા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, કન્યકા, માયા, નારાયણી, ઈશાના, શારદા અને અંબિકા એવાં નામો પાડશે.[૧૧-૧૨] તમો દેવકીના ઉદરથી ગર્ભનું આકર્ષણ કરશો. તેથી પૃથ્વીમાં તે પુત્રનું ‘સંકર્ષણ’ એવું નામ કહેવાશે. જગતને રાજી કરશે તેથી રામ અને અત્યંત બળવાન હોવાથી ‘બલ’ એવું પણ નામ કહેવાશે.[૧૩] આ પ્રમાણે ભગવાને આજ્ઞા કરતાં મોટા આદરથી તેમનાં વચનનો સ્વીકાર કરી અને ભગવાનને પ્રદક્ષિણા કરી માયાએ પૃથ્વીમાં જઈને તે પ્રમાણે જ કર્યું.[૧૪] યોગમાયાએ દેવકીનો ગર્ભ રોહિણીમાં સ્થાપન કરતાં, ‘અહો ! દેવકીનો ગર્ભ પડી ગયો’ એમ લોકો કહેવા લાગ્યા.[૧૫] ભક્તોને અભય આપનારા વિશ્વાત્મા ભગવાન પણ પરિપૂર્ણ રૂપથી વસુદેવના મનમાં પધાર્યા.[૧૬] ભગવાનની શ્રીમૂર્તિને ધારણ કરતા વસુદેવ સૂર્યની પેઠે અતિ પ્રકાશવા લાગ્યા તેથી કોઈ બીજા પ્રાણીઓ વસુદેવની સમીપે પણ જઈ શકતા ન હતા.[૧૭] પછી વસુદેવે ધારણ કરેલા જગતને મંગળકારી, સર્વના આત્મા અને પરિપૂર્ણ શક્તિવાળા ભગવાન વસુદેવ થકી દેવકીના ઉદરમાં પધાર્યા, અને જેમ પૂર્વદિશા આનંદકારી ચંદ્રને ધારણ કરે તેમ દેવકીએ પણ તે ભગવાનને પોતાના ઉદરમાં ધારણ કરી લીધા.[૧૮] તે દેવકી, જેમાં સર્વ જગતનો નિવાસ છે એવા ભગવાનના નિવાસરૂપ થયાં, તોપણ કંસના કારાગૃહમાં રુંધાયેલાં હોવાથી, ઘડામાં રોકાએલા દીવાની પેઠે અને વિદ્યાને છુપાવનારા ખળ પુરૂષમાં રુંધાયેલી સદ્વિદ્યાની પેઠે, બીજા લોકોને આનંદ આપી શક્યાં નહી.[૧૯] ઉદરમાં ભગવાન પધારવાને લીધે કાંતિથી ઘરને શોભાવતાં અને સુંદર મંદહાસ્ય કરતાં, તે દેવકીને જોઈને કંસે વિચાર કર્યો કે- “મારા પ્રાણને લેનારો વિષ્ણુ આના ઉદરમાં અવશ્ય આવી ચુક્યો છે; કેમકે પહેલાં આ દેવકી આવાં તેજસ્વી ન હતાં.[૨૦] હવે હમણાં તુરત મારાથી વિષ્ણુને શું થઈ શકે ? આ દેવકી થકી ઉત્પન્ન થઈને એ વિષ્ણુ મારા વધરૂપ પોતાનું પરાક્રમ કરશે જ, અને વળી આ સ્ત્રીજાતિને મારી નાખું તો મારા પરાક્રમનો મેંજ નાશ કર્યો કહેવાય, એક તો સ્ત્રીજાતિ, તેમાં વળી બેન અને તેમાં વળી ગર્ભીણીનો વધ કરૂં તો તે વધ હમણાં જ મારી કીર્તિ, લક્ષ્મી અને આયુષ્યનો નાશ કરી નાખે.[૨૧] જે પુરૂષ બહુજ ક્રુરતાથી પોતાના પ્રાણોને ધારણ કરે છે તે પુરૂષ જીવતો જ મરેલો ગણાય છે. એવા પુરૂષ વિષે લોકો ધિક્કારથી બોલે છે કે- આ દેહાભિમાની પુરૂષ મર્યા પછી અવશ્ય નરકમાં પડશે.[૨૨] ભગવાનની સાથે વૈરાનુબંધ રાખનારો કંસ આવો વિચાર કરીને, પોતે દેવકીને મારી નાખવાને સમર્થ હતો છતાં પણ, મારવાથી અટકીને ભગવાનનો જન્મ થવાની રાહ જોવા લાગ્યો.[૨૩] બેસતાં, સૂતાં, ઉઠતાં, જમતાં, અને પૃથ્વી પર ફરતાં ભગવાનનું જ ચિંતવન કર્યા કરતો એ કંસ સઘળા જગતને ભગવાનમય દેખવા લાગ્યો.[૨૪] બ્રહ્મા, સદાશિવ, નારદાદિક મુનિઓ અને અનુચર સહિત દેવતાઓ ત્યાં આવીને, મનોરથ પૂરનારા ભગવાનની સુંદર વાક્યોથી આગળ કહેવાશે એ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.[૨૫]

દેવતાઓ સ્તુતિ કરે છે- આપ સત્યસંકલ્પવાળા છો, સત્યથી પ્રાપ્ત થનાર છો, ત્રણેકાળમાં સત્ય છો, સમગ્ર જગતની ઉત્પત્તિના કારણરૂપ છો, સત્યભૂત એવા ચિદાકાશમાં રહેલા છો, સત્યના પણ સત્ય છો, સૂર્ય ચંદ્રના પણ પ્રવર્તક છો. આવી રીતે સર્વપ્રકારે સત્ય સ્વરૂપ એવા તમારે શરણે અમો આવેલા છીએ. [૨૬] આ બ્રહ્માંડરૂપી આદિ વૃક્ષ કે જેમાં એક (પ્રકૃતિ) આશ્રય છે, બે (સુખ અને દુઃખ) ફળ છે, ત્રણ (ગુણ) મૂળ છે, ચાર (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) રસ છે, પાંચ (ઇન્દ્રિયો) જાણવાના પ્રકાર છે, છ (જન્મ, મરણ, શોક, ક્ષુધા, પિપાસા અને મોહ) સ્વભાવ છે, સાત (ધાતુ) છાલ છે, આઠ (પંચભૂત, મન, બુદ્ધિ અને અહંકાર)

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શાખા છે, નવ (દ્વાર) છિદ્ર છે, દશ (પ્રાણ) પાંદડાં છે અને બે (જીવ તથા ઈશ્વર) પક્ષીઓ છે, આ બ્રહ્માંડરૂપી વૃક્ષની ઉત્પત્તિ તમારાથી થઇ છે, લય તમારામાં થાય છે, અને સ્થિતિ પણ તમારામાં જ છે. માટે સઘળું બ્રહ્માંડ તમારું જ શરીર હોવાથી તમારાથી ભિન્ન નથી. અર્થાત્ શરીર અને શરીરિનું અભિન્નપણું કહેલું છે, તમારી માયાથી જેઓનું જ્ઞાન ઢંકાઇ ગયું છે, તેઓ જગતને તમથી ભિન્ન દેખે છે, પણ વિદ્વાનો તેમ દેખતા નથી.[૨૭-૨૮] જ્ઞાન સ્વરૂપ અને સર્વના આત્મા તમો જ સ્થાવર જંગમ લોકના પાલનને માટે શુદ્ધ સત્વમય, ધાર્મિકોને સુખદાયી અને અધાર્મિકોને દુઃખદાયી એવા રૂપોને વારંવાર ધરો છો.[૨૯] હે કમળ સરખા નેત્રવાળા ! શુદ્ધસત્વમય શરીરથી યુક્ત એવા તમારે વિષે પ્રવેશ કરાવેલું છે ચિત્ત જેમણે, એવા કેટલાક જ્ઞાનીઓ તમારા ચરણની ઉપાસનારૂપી નાવનો આશ્રય કરીને સંસારરૂપી સમુદ્રને સુખપૂર્વક તરી જાય છે.[૩૦] હે સ્વયંપ્રકાશ ! હે મહાદયાળુ ! તમારા ચરણની ઉપાસના કરનારા મહાત્મા પુરૂષો આ ભયંકર અને દુસ્તર ભવસાગરને આપના ચરણારવિંદની ઉપાસનારૂપી વહાણથી ઉતરીને તે ચરણારવિંદની ઉપાસનારૂપી વહાણને આ પૃથ્વી ઉપર મુકીને ચાલ્યા ગયા છે. અર્થાત્ આ પૃથ્વી ઉપર તમારા ચરણારવિંદની ઉપાસનાને પ્રવર્તાવીને ચાલ્યા ગયા છે. આવા આપ ભક્તો ઉપર અનુગ્રહ કરનાર છો.[૩૧] હે કમળ સરખા નેત્રવાળા ! જે બીજા લોકો ‘અમે મુક્ત જ છીએ’ એમ માનીને તમારી ભક્તિ નહીં કરવાથી અશુદ્ધ બુદ્ધિવાળા અને તમારા ચરણનો અનાદર કરનારા છે તેઓ ઘણા જન્મના તપને લીધે સારૂં કુળ પણ, નીચ યોનિમાં જન્મ પામે છે.[૩૨] હે માધવ ! જે લોકો તમારામાં જ સ્નેહ બાંધી રહેલા અને તમારા જ છે, તે લોકો ભક્તિથી રહિત પુરૂષોની જેમ પોતાના માર્ગમાંથી કદી ભ્રષ્ટ થતા નથી, પણ તમે કરેલા રક્ષણને લીધે નિર્ભય થઇને મોટાં મોટાં અનેક વિઘ્નોને માથે પગ મૂકીને ફરે છે.[૩૩] તમે જગતની સ્થિતિને માટે, પ્રાણીઓને કલ્યાણની પ્રાપ્તિને માટે આશ્રય કરવા યોગ્ય એવા શુદ્ધ સત્વગુણમય શરીરને ધારણ કરો છો, કે જે શરીર ધરવાને લીધે બ્રહ્મચારીઓ વેદના અધ્યયનથી, ગૃહસ્થો કર્મયોગથી, વાનપ્રસ્થો તપથી અને સંન્યાસીઓ સમાધિથી તમારૂં પૂજન કરે છે.[૩૪] તમે અવતાર ન ધરો તો પૂજન નહિ થઇ શકવાને લીધે કલ્યાણની પ્રાપ્તિ થાય નહીં. હે પ્રભુ ! આ સત્વગુણમય આપનું શરીર ન અવતરે તો અજ્ઞાનને તોડનાર પ્રત્યક્ષ જ્ઞાન થાય જ નહીં; કેમ કે ‘જેના સંબન્ધથી બુદ્ધિ આદિ પદાર્થો પ્રકાશે છે. તે બુદ્ધિ આદિ પદાર્થોના સાક્ષી કોઇ ભગવાન હોવા જોઇએ, આમ પ્રકાશ ઉપરથી આપનું કેવળ અનુમાન થઇ શકે છે. પણ આપનું સ્વરૂપ આ નેત્રથી પ્રત્યક્ષ જોઇ શકાતું નથી.[૩૫] વેદ વચનોના અનુસારે મન વડે કેવળ અનુમાન કરવા યોગ્ય, સર્વના સાક્ષી એવા તમો, તે તમારા ગુણ, જન્મ, કર્મ, નામ અને રૂપ નિરૂપણ કરી શકાતું નથી. છતાં પણ હે દેવ ! ઉપાસક લોકો યજ્ઞાદિક ક્રિયામાં અગ્નિ, ઈન્દ્રાદિકના નામ રૂપ દ્વારા તમોને જ આરાધ્ય માને છે. એ વાત પ્રસિદ્ધ છે.[૩૬] તમારા મહામંગળ નામ અને રૂપોને સાંભળતો, બોલતો, સંભારતો અને ચિંતવતો જે પુરૂષ દેવાર્ચનાદિક ક્રિયાઓમાં તમારા ચરણારવિંદમાં જ ચિત્ત રાખે તેને પુનઃ જન્મ ધરવો પડતો નથી.[૩૭] હે વિષ્ણુ ! બહુ સારું થયું, વામનરૂપે ત્રણ પગલાંથી માપેલી પૃથ્વીનો ભાર તમારા જન્મથી જ મટી ગયો. આપનાં સુંદર પગલાંઓથી ચિન્હવાળી થયેલી પૃથ્વીને અને આપે દયા કરેલા સ્વર્ગને અમે દેખીશું એ ઘણું સારૂં થયું.[૩૮] હે નિત્યમુક્ત પરમેશ્વર ! આપ અજન્મા છો આપને જન્મ ધરવાનું કારણ માત્ર ક્રીડા વિના બીજું કશું અમે ધારતા નથી. કેમકે અવિદ્યારૂપી પ્રકૃતિદ્વારા કરાયેલી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય આ ત્રણે વિકારો તમને જ આધીન છે.[૩૯] હે યદુકુળમાં ઉત્તમ ! મત્સ્ય, હયગ્રીવ, નૃસિંહ, કચ્છપ, વરાહ, હંસ, રાજા, બ્રાહ્મણ અને દેવતાઓમાં અવતાર ધરીને આપે બીજા સમયમાં જેવું અમારું અને ત્રૈલોક્યનું રક્ષણ કર્યું છે, તે પ્રમાણે હમણાં પણ કરો અને પૃથ્વીનો ભાર ઉતારો. હે ઈશ્વર ! અમે આપને પ્રણામ કરીએ છીએ.[૪૦] (દેવકીને કહે છે) હે માતા ! અમારાં કલ્યાણ કરવા સારૂં તમારા ઉદરમાં પોતાના સંકલ્પથી પરમ પુરૂષ ભગવાન પધાર્યા છે એ બહુ જ સારૂં થયું છે. હવે કંસનું મોત આવી ચુક્યું છે, માટે તે કંસથી તમો હવે ભય પામશો નહિ. તમારા પુત્ર ભગવાન યાદવોનું રક્ષણ કરશે.[૪૧] શુકદેવજી કહે છે- આ પ્રમાણે જે રીતે દેવતાઓએ ભગવાનનું સ્વરૂપ જાણેલું હતું એ રીતે પોતાની બુદ્ધિને અનુસારે યથાયોગ્ય સ્તુતિ કરીને દેવતાઓ બ્રહ્મા તથા સદાશિવને આગળ કરી (અમને છેતરીને આ બે દેવ અહીં રહેશે એમ માનવાથી તેઓને સાથે લઇ) પાછા સ્વર્ગમાં ગયા.[૪૨]

इत्यभिष्टूय पुरुषं यद्रुपमनिदन् यथा । ब्रह्मेशानौ पुरोधाय देवाःप्रतिययुर्दिवम् ॥४२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો બીજો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૩

# શ્રીકૃષ્ણનો જન્મ અને તેમનું ગોકુળમાં પધારવું.

॥ श्रीशुकउवाच ॥

अथ सर्वगुणोपेतः कालः परमशोभनः । यर्ह्येवाऽजनजन्मर्क्षं शांतर्क्षग्रहतारकम् ॥१॥

શુકદેવજી કહે છે- પછી જ્યારે સઘળા શુભગુણોવાળો અને અત્યંત સુંદર સમય આવ્યો, ચંદ્રમા રોહિણી નક્ષત્રમાં આવ્યો, નક્ષત્ર, ગ્રહ અને તારાઓ અનુકુળ હતા, દિશાઓ સ્વચ્છ થઇ, આકાશ નિર્મળ થયું, નક્ષત્રો નિર્મળ રીતે ઉગ્યાં, પૃથ્વીમાં રાજધાનીઓ,

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ગામડાં, વ્રજ અને ખાણ્યોમાં મંગળ વરતી રહ્યું, નદીઓનાં જળ સ્વચ્છ થઇ ગયાં, જળાશયોમાં કમળ ખીલવાની શોભા થઇ, વનરાજીઓના પુષ્પના ગુચ્છોમાં પક્ષીઓ અને ભમરાઓ નાદ કરવા લાગ્યા, શીત, મંદ અને સુગંધી પવન વાવા લાગ્યો, દ્વિજ લોકોના અગ્નિઓ શાંત ભરેલા અને સારી રીતે પ્રદીપ્ત થયા, કંસાદિક વિના બીજાં સઘળાં પ્રાણીઓ અને દેવતાઓનાં મન પ્રસન્ન થયાં, સ્વર્ગમાં ઈશ્વરના અવતારને સૂચવનારાં દુંદુભિ વાગવા લાગ્યાં, કિન્નર અને ગાંધર્વો ગાવા લાગ્યા, સિદ્ધ અને ચારણો સ્તુતિ કરવા લાગ્યા, વિદ્યાધરની સ્ત્રીઓ અને અપ્સરાઓ નાચવા લાગી, મુનિઓ અને દેવતાઓ આનંદથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, સમુદ્રની પછવાડે મેઘ મંદમંદ ગર્જના કરવા લાગ્યો અને ઘાટા અંધારાવાળા મધરાતના સમયમાં માણસોની હરફર બંધ પડી ગઇ, ત્યારે પૂર્વદિશાથી જેમ સંપૂર્ણ ચંદ્રમા પ્રકટ થાય, તેમ દેવતારૂપી દેવકીથી સર્વના અંતર્યામી ભગવાન મનુષ્યરૂપે પ્રકટ થયા.[૧-૮] એ અદ્‌ભૂત બાળકને વસુદેવે દીઠા. એ બાળકનાં કમળની સમાન નેત્રો હતાં, ભુજા ચાર હતી, શંખ, ચક્ર, ગદા અને પદ્મરૂપી આયુધો ધર્યાં હતાં, શ્રીવત્સનું ચિન્હ દેખાતું હતું. કૌસ્તુભમણિ શોભતો હતો, પીળાં વસ્ત્ર ધર્યાં હતાં, ઘાટા મેઘના સરખી કાંતિ હતી, અમૂલ્ય વૈદૂર્યમણિથી જડેલા મુગટ અને કુંડળોની કાંતિથી અનેક કેશ ઝળકી રહ્યા હતા, અને અતિ ઉત્તમ કટિમેખળા, બાજુબંધ અને કંકણાદિક શોભી રહ્યાં હતાં.[૯-૧૦] પોતાના પુત્રરૂપે અવતરેલા ભગવાનને જોઇ તેમના અવતારના ઉત્સવના સંભ્રમમાં પડેલા અને વિસ્મયથી જેનાં નેત્ર પ્રફુલ્લિત થઇ ગયાં છે, એવા વસુદેવે તે સમયમાં સ્નાન કરીને દશ હજાર ગાયોનું દાન કરવાનો સંકલ્પ કર્યો.[૧૧] હે રાજા ! પોતાના પુત્રની કાંતિથી સુવાવડનું ઘર સઘળું શોભી રહ્યું હતું, પોતાના પુત્રને પરમ પુરૂષ વિષ્ણુ જાણીને તેમના પ્રભાવને જાણતા અને શુદ્ધ બુદ્ધિવાળા વસુદેવે પોતાનું શરીર નમાવી તથા હાથ જોડી નિર્ભય થઇને તેમની આ પ્રમાણે સ્તુતિ કરી.[૧૨] વસુદેવ સ્તુતિ કરે છે- કેવળ અનુભવ અને આનંદ જેનું સ્વરૂપ છે એવા, સર્વ બુદ્ધિઓના સાક્ષી અને પ્રકૃતિથી પર પુરૂષાકૃતિ એવા જે પરમાત્મા વેદોમાં વર્ણવેલા છે, તે સાક્ષાત્ તમો જ છો એમ હું જાણું છું.[૧૩] સર્વની બુદ્ધિના સાક્ષી એવા તમો જ સૃષ્ટિ સમયે દેવ, મનુષ્ય, પશુ, પક્ષી એ આદિક આ સંપૂર્ણ વિશ્વને સર્જીને તેના કર્મ પ્રમાણે ન્યૂનાધિક ફળ આપવા માટે તમો તમારી અંતર્યામી શક્તિથી જ અનુપ્રવેશીને રહેલા છો, પણ મૂર્તરૂપે પ્રવેશીને રહેલા નથી. મૂર્તરૂપે તો તમારા બ્રહ્મપુર ધામમાં રહ્યા છો.આ પ્રમાણે અમો તમોને જાણીએ છીએ.[૧૪] જેવી રીતે મહતત્ત્વથી આરંભીને પૃથ્વી પર્યંતના સર્વે વિકારી તત્ત્વો પોતપોતાના સ્વરૂપે કરીને પૃથક્ રહ્યાં થકાં જ મનુષ્યાદિ સર્વેના દેહોને વિષે પોતપોતાના અંશથી પ્રવેશ કરીને રહેલાં છે. એજ રીતે પરમાત્મા એવા તમો પણ સ્વસ્વરૂપે કરીને તો તમારા ધામમાં રહ્યા થકા જ તમારી અંતર્યામી શક્તિથી જગતમાં પ્રવેશ કરીને રહેલા છો, એમ અમો જાણીએ છીએ. અને વળી જેમ ભિન્ન ભિન્ન જેની શક્તિઓ છે, એવાં મહતત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રાઓરૂપી પ્રકૃતિનાં સાત વિકારાત્મક તત્ત્વો જ્યાં સુધી પૃથક્‌ભૂત હોય ત્યાં સુધી કોઇ પણ કાર્ય કરી શકતાં નથી. તેથી એ સાત તત્ત્વો જ્યારે સ્થૂળ પંચભૂતો અને અગિયાર ઈન્દ્રિયોરૂપી સોળ વિકારોની સાથે મળે છે ત્યારે જ બ્રહ્માંડરૂપી વૈરાજપુરૂષના શરીરને ઉત્પન્ન કરી શકે છે. અને બ્રહ્માંડરૂપી વૈરાજપુરૂષના શરીરને ઉત્પન્ન કરીને એ સર્વે તત્ત્વો બ્રહ્માંડમાં પ્રવેશ કરીને રહેલાં હોય એમ જણાય છે, છતાં એ તત્ત્વો પ્રવેશ કરીને રહેલાં નથી. કારણ કે કાર્યની ઉત્પત્તિથી પહેલાં પણ તત્ત્વો સર્વત્ર વિદ્યમાન હતાં, તેથી તત્ત્વોનો જેમ બ્રહ્માંડમાં પ્રવેશ ઘટી શકતો નથી. તેમ હે પ્રભુ ! તમો પણ અંતર્યામી શક્તિથી સર્વત્ર વિદ્યમાન હોવાથી આ દેવકીના ઉદરમાં તમારો પ્રવેશ ઘટતો નથી.

અને વળી જેમ ઉત્પન્ન થયેલાં કાર્યોમાં આ તત્ત્વો ઉત્પન્ન થતાં નથી. કારણ કે કાર્યની ઉત્પત્તિથી પહેલાં જ તત્ત્વો વિદ્યમાન હતાં. જે વસ્તુ વિદ્યમાન ન હોય અને વિદ્યમાન બને તેને ઉત્પન્ન થયેલી કહેવામાં આવે છે. પણ તત્ત્વો તો પૂર્વથી જ વિદ્યમાન હોવાથી જેમ તત્ત્વોની ઉત્પત્તિ ઘટી શકે નહિ. તેમ હે પ્રભુ ! દેવકી થકી તમારી ઉત્પત્તિ ઘટી શકે નહિ, કારણ કે તમો સર્વદા સ્વતંત્ર વિદ્યમાન જ છો.[૧૫-૧૬] અને વળી જે રૂપ રસાદિકને ગ્રહણ કરે તેને કહેવાય ઈન્દ્રિયો. આ પ્રમાણે બુદ્ધિથી અનુમાન કરવા યોગ્ય છે સ્વરૂપ જેમનું, એવી ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરવા યોગ્ય દેવ મનુષ્યાદિક પદાર્થોની સાથે તમારું ગ્રહણ કરી શકાતું નથી.

જેમ કે અત્યારે તમો ઈન્દ્રિયોથી ગ્રહણ કરવા યોગ્ય મનુષ્યરૂપે રહેલા છો છતાં પણ "આ સાક્ષાત્ પુરૂષોત્તમ ભગવાન છે" આ પ્રમાણે અજ્ઞાની મનુષ્યો પોતાની ઈન્દ્રિયો વડે તમોને ગ્રહણ કરી શકતા નથી. તે જ રીતે તમો દેવ મનુષ્યાદિક સર્વે વસ્તુઓમાં અંતર્યામીરૂપે વ્યાપ્ત હોવા છતાં પણ પુરૂષોની ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરાતી દેવમનુષ્યાદિક વસ્તુઓની સાથે તમારું ગ્રહણ થઇ શકતું નથી. અને વળી સમગ્ર ચેતન અને અચેતનથી વિશિષ્ટ એવા જે તમો, સર્વપ્રકારે પ્રકૃતિના આવરણથી રહિત હોવાથી તમારે વિષે બહાર અને અંદરપણાનો ભેદ ઘટી શકે જ નહિ. જે પ્રથમ પ્રકૃતિની બહાર હોય અને પછી જો અંદર પ્રવેશે તો જ અંદરપણાનો ભેદ ઘટી શકે. અથવા તો પ્રથમ જે અંદર હોય અને જો બહાર નીકળે તો જ બાહ્યપણાનો ભેદ ઘટી શકે. પણ હે પ્રભુ ! તમો તો સર્વદા સર્વત્ર વ્યાપક હોવા છતાં પણ તેના આવરણથી રહિત છો. તેથી દેવકીના ઉદરમાં પ્રવેશવું અને બહાર નીકળવું આવો બાહ્ય અને આભ્યન્તરપણાનો ભેદ તમારી અંદર ઘટી શકે નહિ.[૧૭] હે પ્રભુ ! કાળ, માયા, પુરૂષ અને મહદાદિક આ સર્વે દશ્ય તત્ત્વો તમારા અનુપ્રવેશ વિના કેવળ સ્વતંત્રપણે આ જગતની સૃષ્ટિ આદિકમાં સમર્થ છે. આ પ્રમાણે જે પુરૂષો નિશ્ચય કરે છે, તે પુરૂષો મૂર્ખ છે. અને તેના નિશ્ચયો અને વિચારો કેવળ અનુવાદ માત્ર હોય છે, પણ તેમાં કોઇ તથ્ય હોતું નથી. અને વળી ભગવાનના અનુપ્રવેશ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

વિના કેવળ સ્વતંત્ર પણે કાળ, માયા, પુરૂષ અને મહદાદિક તત્ત્વોરૂપી આ સર્વે દશ્યપદાર્થો જગતની સૃષ્ટિ આદિકને કરવામાં સમર્થ છે, આવા વિચારોને નારદાદિક મહર્ષિઓએ ત્યજી દીધેલા છે. તેને જે પુરૂષો ગ્રહણ કરે તે પુરૂષો તો મહામૂર્ખ જ કહેવાય છે.[૧૮] અને હે પ્રભુ ! તમો અક્રિય છો. અર્થાત્ સંકલ્પ સિવાય તમામ વ્યાપારોથી રહિત છો. સત્ત્વાદિક પ્રાકૃત ગુણોથી રહિત છો, કામક્રોધાદિક વિકારોથી રહિત છો, છતાં પણ તમારા થકી જ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. આ પ્રમાણે વેદો પ્રતિપાદન કરે છે. જો કે તમો પ્રાકૃતગુણોથી રહિત નિર્ગુણ છો છતાં, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, બૃહત્વ ઈત્યાદિક અનેક કલ્યાણકારી ગુણોથી યુક્ત છો, સર્વના નિયામક છો. તેથી જગતનું ઉપાદાન કારણપણું, નિમિત્તકારણપણું એ આદિક ધર્મો તમારે વિષે વિરોધને પામતા નથી. (શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે- હું તો પરમદયાળુ છું, તેથી મારે વિષે સૃષ્ટિપ્રલયાદિક ઘોર કર્મ કેવી રીતે સંભવી શકે ?)તેના ઉત્તરમાં કહે છે કે- જેમ કોઈ રાજાના ચાકરે કરેલા કાર્યનો રાજામાં આરોપ કરવામાં આવે છે. તેમ ગુણાભિમાની બ્રહ્માદિક દેવતાઓ તમારો આશ્રય રાખીને જ તમારી આપેલી શક્તિથી સૃષ્ટિ આદિક કાર્યને કરે છે. તેથી તમારે વિષે કર્તાપણાનો આરોપ કરવામાં આવે છે. પણ હે પ્રભુ ! તમો તો સંકલ્પ સિવાય તમામ વ્યાપારોથી રહિત છો, તેથી અક્રિય છો અને તમારો સંકલ્પ પણ જીવોના કર્માનુસારે હોય છે. તેથી વિષમપણું આદિક ઘોર કર્મનો તમોને લેપ લાગતો નથી.[૧૯] અને વળી હે પ્રભુ ! તમો તમારી ઈચ્છા શક્તિથી ત્રિલોકીની સ્થિતિને માટે સત્ત્વગુણપ્રધાન પ્રદ્યુમ્નસ્વરૂપને ધારણ કરો છો. અને ત્રિલોકીની ઉત્પત્તિને માટે રજોગુણપ્રધાન અનિરુદ્ધસ્વરૂપને ધારણ કરો છો. અને ત્રિલોકીના નાશને માટે તમોગુણપ્રધાન સંકર્ષણસ્વરૂપને ધારણ કરો છો.[૨૦] હે સર્વેશ્વર ! તે આપ આ જગતની રક્ષા કરવાની ઈચ્છાથી મારા ઘરમાં અવતર્યા છો, તેથી 'રાજા' એવું નામ ધરાવનાર કરોડો દૈત્યોના યૂથપતિઓએ ચલાવાતી સેનાઓને મારશો.[૨૧] હે દેવતાઓના ઈશ્વર ! આ દુષ્ટ કંસે અમારા ઘરમાં તમારો જન્મ થવાનું ભવિષ્ય સાંભળીને તમારા મોટા ભાઈઓને મારી નાખ્યા છે અને તે હમણાં જ પોતાના માણસોના કહેવાથી આપનો અવતાર થયેલો સાંભળી હથિયાર ઉપાડીને આવતો હશે.[૨૨] શુકદેવજી કહે છે- પછી મહાપુરૂષના લક્ષણવાળા એ પુત્રને જોઈને કંસથી ભય પામેલાં દેવકીજીએ ભગવાનની સ્તુતિ કરી.[૨૩] હે પ્રભુ ! પ્રકૃતિપુરુષથી વિલક્ષણ એવું જે તમારું સ્વરૂપ છે તેને વેદાન્તો અવ્યક્ત કહે છે. આદિકારણ કહે છે, બ્રહ્મ કહે છે, સ્વયંપ્રકાશ કહે છે, નિર્ગુણ કહે છે, સત્તામાત્ર કહે છે, નિર્વિકાર કહે છે, નિર્વિશેષ કહે છે, નિરીહ કહે છે, (અર્થાત્ પૂણ્યપાપરૂપ વ્યાપારથી રહિત કહે છે.) અને અક્ષરપુરુષાદિ સમગ્ર ચેતનોને વિષે દીવાની સમાન પ્રકાશક કહે છે, આવા જે વિષ્ણુ છે, તે સાક્ષાત્ તમો જ છો.[૨૪] હે પ્રભુ ! બ્રહ્માની દ્વિપરાર્ધની આયુષ્યને અંતે જ્યારે આ બ્રહ્માંડનો નાશ થાય છે, ત્યારે પૃથ્વી આદિક પંચ મહાભૂતો, આદિ કારણ એવા અહંકારને વિષે લય પામે છે. અને અહંકાર જ્યારે મહતત્ત્વને વિષે લય પામે છે. અને મહતત્ત્વ જ્યારે પ્રકૃતિને વિષે લય પામે છે. અને પ્રકૃતિ જયારે પુરુષને વિષે લય પામે છે. ત્યારે તમો એક જ રહેલા હો છો, તેથી તમોને શેષ આવા નામથી કહે છે.[૨૫] હે પ્રકૃતિને પ્રવર્તાવનાર ! આ મોટો કાળ કે જેના આદિમાં નિમેષ છે અને અંતમાં વર્ષ છે તથા જેની આવૃત્તિથી જગતની આવૃત્તિઓ થાય છે તે કાળ તો આપની લીલારૂપ કહેવાય છે, માટે અભયના સ્થાનકરૂપ આપને હું શરણે આવી છું.[૨૬] હે આદિપુરૂષ ! જન્મમરણરૂપી સંસૃતિને ભોગવનારો પુરુષ મૃત્યુરુપી મહાસર્પના ભયને પામીને, એ ભયના નિવારણને માટે સર્વત્ર દોડે છે, અર્થાત્ સર્વે ઉપાયોને કરે છે. કોઈપણ જગ્યાએ જ્યારે ભય નિવૃત્તિ પામતો નથી. ત્યારે કોઈ ભાગ્યવશાત્ તમારા ચરણકમળનો આશ્રય કરે છે, ત્યારે જ મૃત્યુરુપી મહાસર્પના ભયથી રહિત થાય છે. અને બ્રહ્મપદને પામે છે.[૨૭] હે પ્રભુ ! આ પ્રમાણે તમો સર્વપ્રકારે કલ્યાણના સ્થાનરૂપ છો. માટે ઘોર એવા કંસ થકી ભયને પામેલા એવા જે અમો, તે અમારું રક્ષણ કરો. કારણ કે તમો શરણે આવેલાના ભયને હરણ કરનારા છો. અને વળી હે પ્રભુ ! પરમપુરુષપણાને સૂચવનારું, યોગીઓને ધ્યાનના સ્થાનરૂપ એવું આ તમારું દિવ્યસ્વરૂપ અમારા જેવા ચર્મચક્ષુવાળાઓની આગળ પ્રગટ કરશો નહિ.[૨૮] હે વિષ્ણુ ! એ પાપી કંસ મારા શરીરથી આપનો જન્મ થયાનું ન જાણો, કેમકે અધીર ચિત્તવાળી હું આપના લીધે જ કંસથી ઉદ્વેગ પામુંછું. [૨૯] હે જગતાત્મા ! શંખ, ચક્ર, ગદા તથા પદ્મની શોભાવાળું અને ચાર ભુજાવાળું આ અલૌકિક રૂપ શમાવો.[30] હે જગતાત્મા ! આ સંપૂર્ણ જગતને પ્રલયકાળને અંતે અર્થાત્ સૃષ્ટિકાળમાં નાભીકમળને વિષે ધારણ કરો છો. છતાં પુષ્કળ અવકાશ રહે છે. આવા મહાન તમો જ મારા ગર્ભરૂપે થયા છો. એ તો સર્વે જનોને માટે મહાન આશ્ચર્યરૂપ છે. અર્થાત્ લોકો હાંસી કરે એમ છે. માટે આ તમારા દિવ્યસ્વરૂપને તમો સંકેલી લ્યો.[૩૧]

શ્રીભગવાન કહે છે- હે સતી ! તમેજ પૂર્વજન્મમાં સ્વાયંભુવ મન્વંતરમાં પૃશ્નિ નામે હતાં અને ત્યારે આ વસુદેવ સુતપા નામે નિર્દોષ પ્રજાપતિ હતા.[૩૨] પ્રજાની સૃષ્ટિ કરવા સારૂં બ્રહ્માએ જ્યારે તમને આજ્ઞા કરી, ત્યારે તમે બન્ને ઈન્દ્રિયોને નિયમમાં રાખીને મોટું તપ કરવા લાગ્યાં હતાં.[33] વરસાદ, વાયુ, તડકો અને ગરમીરૂપી કાળના ગુણોને સહન કરતાં હતાં. પ્રાણાયામ કરવાથી મનના મેલને ધોઈ નાખ્યા હતા.[૩૪] ખરી પડેલાં પાંદડાં અને પવનનો આહાર કરી રહેલાં હતાં અને મારી પાસેથી વર મેળવવાની ઈચ્છાને લીધે શાંત ચિત્તથી મારૂં આરાધન કરતાં હતાં.[૩૫] આ પ્રમાણે મારામાં ચિત્ત રાખી, તીવ્ર અને અત્યંત દુષ્કર તપ કરતાં તમો બન્નેને દેવતાઓના બારહજાર વર્ષ વીતી ગયાં.[૩૬] તે સમયે તપ, શ્રદ્ધા અને નિરંતર ભક્તિથી હૃદયમાં ધ્યાન કરાયેલો અને વરદેનારાઓનો

www.jayswaminarayan.org
www.bhujmandir.org

અધિપતિ એવો હું પ્રસન્ન થઇને વર દેવા સારું આ શરીરથી જ તમારી પાસે પ્રકટ થયો હતો. મેં ''વર માંગો'' એમ કહેતાં તમોએ મારા જેવો પુત્ર માગ્યો.[૩૭-૩૮] તમોએ સંસારનાં વિષયસુખ ભોગવ્યાં ન હતાં અને સંતાન પણ થયું ન હતું, તેથી માયાના મોહને લીધે તમોએ મારી પાસેથી મોક્ષ માગ્યો નહીં.[૩૯] મારા જેવો પુત્ર થવાનું વરદાન આપીને હું અંતર્ધાન થયો અને પછી અપૂર્ણ મનોરથવાળા તમો બન્ને સંસારસંબંધી સુખ ભોગવવા લાગ્યાં.[૪૦] શીલ, ઉદારતા આદી ગુણોથી મારા જેવો બીજો કોઇ જોવામાં નહીં આવતાં 'પૃશ્નિગર્ભ' એવે નામે હું જ તમારો પુત્ર થયો હતો.[૪૧] પાછાં તમે બીજા અવતારમાં કશ્યપ અને અદિતિ થયાં હતાં, ત્યાં પણ 'ઉપેન્દ્ર' એવા નામથી હું તમારે ત્યાં અવતર્યો હતો. એ અવતારમાં હું ઠીંગણો હતો, તેથી મારૂં ''વામન'' એવું નામ કહેવાતું હતું.[૪૨] આ મારા ત્રીજા અવતારમાં પણ એજ શરીરથી ફરીવાર તમારે ત્યાં અવતર્યો છું. હે સતી ! આ વાત મેં યથાર્થ કહી છે.[૪૩] મારા પૂર્વજન્મના સ્મરણને માટે આ ચતુર્ભુજરૂપ મેં તમને દેખાડ્યું છે; કેમકે જો હું મારું દિવ્ય ચતુર્ભુજ રૂપ ન દેખાડત તો તમને મારૂં જ્ઞાન થાત નહીં.[૪૪] તમે પુત્ર ભાવથી અને બ્રહ્મભાવથી પણ મારૂં વારંવાર ચિંતન કરશો અને સ્નેહ રાખશો, તેથી હવે તમને મોક્ષની પ્રાપ્તિ થશે.[૪૫] જો તમે કંસથી બીતાં હો તો મને ગોકુળમાં લઈ જાઓ અને યશોદાની કન્યા કે જે મારી માયારૂપ છે, તેને અહીં લાવો.[૪૬]

શુકદેવજી કહે છે- એટલું કહીને ભગવાન મૌન રહ્યા, અને માતા પિતાના દેખતાં જ તુરંત પોતાની માયાથી પ્રાકૃત બાળક થઇ ગયા.[૪૭] પછી વસુદેવે સુવાવડના ઘરમાંથી પુત્રને લઇ જ્યારે બહાર જવાની ઈચ્છા કરી, તે જ સમયે નંદની સ્ત્રી યશોદાએ યોગમાયાને જન્મ આપ્યો.[૪૮] એ યોગમાયાએ જ્ઞાનમાં કારણરૂપ એવી ઈન્દ્રિયોની વૃત્તિઓને હરી લઇને દ્વારપાળો તથા નગરવાસીઓને જ્યારે સુવાડી દીધા હતા ત્યારે વસુદેવ પોતાના હાથમાં ભગવાનને પધરાવીને ચાલ્યા. તે સમયે લોઢાંના ખીલાવાળી સાંકળોથી ભીડેલાં અને બહુ જ મજબુત એવાં મથુરાનાં મોટાં મોટાં સર્વે દ્વારો પણ સૂર્યથી જેમ અંધારૂં ઉઘડી જાય તેમ શ્રીકૃષ્ણને વહન કરનાર વસુદેવના આવતાંની સાથે જ પોતાની મેળે જ ઉઘડી ગયાં. તે સમયે ગર્જનાને કરતો મેઘ મંદમંદ વરસી રહ્યો હતો. અને બાળક એવા શ્રીકૃષ્ણ ભગવાન ઉપર વરસતા પાણીને શેષનાગ પોતાની ફણાથી નિવારી રહ્યા હતા.[૪૯-૫૦] એ સમયમાં વારંવાર મેઘ વરસવાને લીધે યમુનાજીમાં ગંભીર જળના પ્રવાહના વેગને લીધે મોજાં ઉછળવાથી ભારે ફીણ તેમાં ચડ્યાં હતાં. અને જળમાં સેંકડો ભયંકર ચકરીઓ પડતી હતી, તોપણ તે નદીએ રામચંદ્રજીને જેમ સમુદ્રે માર્ગ આપ્યો હતો તેમ વસુદેવને માર્ગ આપ્યો.[૫૧] વસુદેવે નંદના વ્રજમાં આવી અને સઘળા ગોવાળીયાઓને માયાથી સૂતેલા જોઇ યશોદાની દીકરીને લઇને પાછા પોતાને ઘેર આવ્યા.[૫૨] એ દીકરીને દેવકીના શયનમાં મૂકી, પાછી પોતાના પગમાં બેડીઓ પહેરીને વસુદેવ પ્રથમની પેઠેજ ત્યાં રહ્યા.[૫૩] નંદની સ્ત્રી યશોદાને પોતાને કાંઇક બાળક અવતર્યું છે એટલું જાણવામાં આવતું હતું પણ થાકથી અને યોગમાયાએ સ્મૃતિ હરી લેવાથી ''તે પુત્ર છે કે કન્યા છે'' એવું જ્ઞાન થયું ન હતું.[૫૪]

યશોદા નંદપત્ની ચ જાતં પરમબુધ્યત । ન તલ્લિંગં પરિશ્રાંતા નિદ્રયાઽપગતસ્મૃતિઃ ॥૫૪॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૪

## કંસે બાળકોની કરાવવા માંડેલી હીંસા.

॥ શ્રીશુકઉવાચ ॥

બર્હિરંતઃપુરદ્વારઃ સર્વાઃ પૂર્વવદાવૃતાઃ । તતો બાલધ્વનિં શ્રુત્વા ગૃહપાલાઃસમુત્થિતાઃ ॥૧॥

શુકદેવજી કહે છે- બહારના અને અંતઃપુરનાં દ્વાર પૂર્વની પેઠે જ બંધ થઇ ગયાં. પછી બાળકનો શબ્દ સાંભળીને દ્વારપાળો તુરત જાગી ગયા અને તરત જ કંસની સમીપે જઇને દેવકીને પ્રસવ થયાની વાત કહી, કે જેની કંસ ઉદ્વેગને લીધે રાહ જોઇ રહ્યો હતો.[૧-૨] ''આતો મૃત્યુ'' એમ વિહ્વળ થયેલો કંસ તુરત પથારીમાંથી ઉઠીને માથાના વાળને સરખા કર્યા વિના ઠેશો ખાતો ખાતો સૂવાવડના ઘરમાં આવ્યો.[૩] સતી એવી રાંક દેવકીએ દયામણી રીતે તે ભાઇને કહ્યું કે- ''હે ભલા ભાઇ ! આ તારી ભાણેજી દીકરી છે માટે આને તારે મારવી ન જોઇએ.[૪] હે ભાઇ ! તમો દૈવની પ્રેરણાથી મારા અગ્નિ જેવા તેજસ્વી ઘણા પુત્રોને મારી નાખ્યા, પણ આ એક દીકરી મને આપો.[૫] હું તમારી નાની બહેન રાંક અને મંદ ભાગ્યવાળી અને જેના પુત્રો મરી ગયા છે એવી છું, તો હે ભાઇ ! આ છેલ્લી પ્રજા મને આપવી જોઇએ.''[૬]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે દીકરીને છાતી સાથે દબાવીને બહુ જ રાંકની પેઠે રૂદન કરતી દેવકીએ પ્રાર્થના કરી, તોપણ દુષ્ટ કંસે તેને તરછોડીને તેના હાથમાંથી તે કન્યાને આંચકી લીધી.[૭] સ્વાર્થથી સ્નેહને તોડી નાખનાર કંસે એ બહેનની દીકરી કે જે માત્ર જન્મેલી જ હતી, તેના પગ પકડીને પથ્થર ઉપર પછાડી.[૮] વિષ્ણુની નાની બેન એ સાધારણ કન્યા ન હતી. તે કંસના હાથમાંથી ઉછળીને તુરત આકાશમાં ગઇ. ત્યાં સાક્ષાત્ યોગમાયા રૂપે જોવામાં આવી. દિવ્ય માળા, વસ્ત્ર, લેપ તથા રત્નના અલંકારથી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શોભતી હતી. મોટી આઠ ભુજાઓમાં ધનુષ, ત્રિશૂળ, બાણ, ઢાલ, તરવાર, શંખ, ચક્ર અને ગદા એ આઠ આયુધો ધારણ કર્યાં હતાં.[૯-૧૦] સિદ્ધ, ચારણ, ગંધર્વ, અપ્સરા, કિન્નર અને સર્પો ઘણાં ઘણાં બલિદાન આપીને તેની સ્તુતિ કરતા હતા, એ દેવીએ કંસને કહ્યું કે- ''હે મંદ ! મને મારવાથી તારું શું વળવાનું છે ? તારો પૂર્વનો શત્રુ, કે જે તારા પ્રાણ લેનાર છે તે તો બીજા કોઇ સ્થાનકમાં ઉત્પન્ન થઇ ચુક્યો છે. માટે નિર્દોષ બાળકોને તું વૃથા માર માં.''[૧૧-૧૨] ભગવતી યોગમાયા તે કંસને આ પ્રમાણે કહી પૃથ્વીમાં ઘણાં નામવાળાં સ્થાનકોમાં ઘણાં ઘણાં નામથી રહી.[૧૩] એ દેવીનું વચન સાંભળી બહુ જ વિસ્મય પામેલા કંસે દેવકી અને વસુદેવને છોડીને નમ્રતાથી કહ્યું કે- ''હે બેન ! હે બનેવી ! અહો ! ! ! બહુ જ ભૂંડું થયું. રાક્ષસ જેમ પોતાનાં છોકરાંને જ મારી નાખે તેમ, મેં પાપીએ તમારા ઘણા પુત્રોને મારી નાખ્યા.[૧૪-૧૫] ખરેખર હું નિર્દય છું. મેં જ્ઞાતિજનો અને સગાસંબંધીઓનો ત્યાગ કર્યો છે. માટે ખડ એવો હું બ્રહ્મહત્યારાની પેઠે જીવતાં જ મરેલો છું. અને મર્યા પછી કયા લોકને પામીશ ?[૧૬] કેવળ માણસો જ ખોટું બોલે છે એમ નથી, પરંતુ દેવતાઓ પણ ખોટું બોલે છે, કે જેઓના વિશ્વાસથી મેં પાપીએ બહેનના બાળકોને મારી નાખ્યાં.[૧૭] હે મહાભાગ્યશાળી ! જે તમારા પુત્રોએ પોતાનાં પ્રારબ્ધ ભોગવ્યાં તેઓનો શોક કરો માં, કેમકે દૈવાધીન પ્રાણીઓ નિરંતર એક ઠેકાણે સાથે રહેતાં જ નથી.[૧૮] જેમ પૃથ્વીમાં પૃથ્વીના વિકારરૂપ ઘટાદિક પદાર્થો થાય છે અને પાછાં ફુટી જાય છે, તેમાં પૃથ્વી કાંઇ પણ ફેરફાર નહીં પામતાં એવીને એવી જ રહે છે, તેમ દેહ જન્મે છે અને મરી જાય છે, તેમાં આત્મા કાંઇ પણ ફેરફાર નહીં પામતાં એકરૂપ જ રહે છે.[૧૯] આ પ્રમાણે જે માણસ યથાર્થ ભેદને સમજતો નથી તેને દેહમાં આત્મબુદ્ધિ થાય છે, અને જ્યાં સુધી દેહમાં આત્મબુદ્ધિ હોય ત્યાં સુધી દેહનો યોગ તથા વિયોગ અને તેના થકી સુખ દુઃખ ચાલ્યા કરે છે.[૨૦] એટલા માટે હે ભલી બહેન ! તારા પુત્રોને મેં મારી નાખ્યા તોપણ તેઓનો તું શોક રાખીશ માં; કેમકે સર્વ પ્રાણીઓને પરતંત્રપણાથી પોતાનું કરેલું ભોગવવું પડે છે.[૨૧] જ્યાં સુધી પોતાના સ્વરૂપને નહીં જાણીને 'હું મરનારો છું અથવા મારનારો છું' એમ માને છે, ત્યાં સુધી એ દેહાભિમાની અજ્ઞાની માણસ વધ્યવધક ભાવને પામે છે. અર્થાત્ પોતે હણાય છે અને બીજાને હણે છે.[૨૨] દીન ઉપર દયા કરનારા સાધુ લોકો મારા અપરાધની ક્ષમા કરજો.'' એમ કહી રડી પડીને કંસે દેવકી તથા વસુદેવના પગ પકડ્યા, અને યોગમાયાના વચન ઉપર વિશ્વાસ રાખી પોતાનો સ્નેહ દેખાડવા વસુદેવ દેવકીને બંધનમાંથી છોડ્યાં.[૨૩-૨૪] એ પસ્તાએલા ભાઇ ઉપર દેવકીએ ક્ષમા કરી. અને વસુદેવે પણ વૈર મૂકી, હસીને તેને કહ્યું કે- ''હે મહાત્મા કંસ ! જેમ તું કહે છે તેમ જ છે. પ્રાણીઓને દેહાભિમાન અજ્ઞાનથી જ થયેલ છે, કે જેથી આ પોતાનો અને આ પારકો એવી ભેદબુદ્ધિ થાય છે.[૨૫-૨૬] શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદવાળા દેહાભિમાની લોકો 'ઇશ્વર જ પદાર્થોનો પરસ્પર નાશ કરે છે' એ વાતને જાણતા નથી, અને પોતાને જ હણનાર અને હણાયેલો માને છે.[૨૭] આ પ્રમાણે પ્રસન્ન થયેલાં દેવકી અને વસુદેવ દ્વારા શુદ્ધ અંતઃકરણથી બોલાવેલો કંસ તેઓની આજ્ઞા લઇને પોતાના ઘરમાં ગયો.[૨૮] એ રાત્રી વીતી ગયા પછી કંસે મંત્રીઓને બોલાવીને તેઓને યોગમાયાએ કરેલી સઘળી વાત કહી સંભળાવી.[૨૯] પોતાના સ્વામી કંસનું બોલવું સાંભળીને તેના મંત્રી દૈત્યો દેવતાઓના શત્રુ, દેવતાઓ ઉપર ક્રોધ કરનારા અને લાંબા વિચાર વગરના હતા તેથી તેઓએ કંસને કહ્યું કે- હે યાદવોના ઇન્દ્ર ! જો એમ હોય તો પુર, ગામડાં અને વ્રજાદિકમાં દશ દિવસની અંદરનાં અને દશ દિવસ ઉપરાંતનાં જે જે બાળકો જન્મેલાં હશે તેઓને આજ જ અમે મારી નાખીશું.[૩૦-૩૧] જે દેવતાઓ યુદ્ધમાં બીકણ અને તમારા ધનુષની દોરીના શબ્દથી નિરંતર ઉદ્વેગ પામ્યા કરે છે, તેઓ ઉદ્યમથી આપણને શું કરી શકવાના છે ? કાંઇ પણ કરી શકવાના નથી.[૩૨] તમે બાણ ફેંકો છો ત્યારે તમારાં બાણથી ચારે તરફ માર્યા જતા દેવતાઓ જીવવાની ઇચ્છાથી યુદ્ધ મૂકીને ભાગી જાય છે.[૩૩] કેટલાએક દેવતાઓ હથિયાર મૂકી દઇને રાંકપણાથી હાથ જોડી ઉભા રહે છે, અને કેટલાએક તો પોતાની કાછડીઓ અને વાળને ખુલ્લાં મુકીને તમારે શરણે આવે છે. અને અમો ભયભીત છીએ, એમ બોલવા લાગે છે.[૩૪] જેઓ શસ્ત્ર અસ્ત્રને ભૂલી ગયા હોય, રથ વગરના હોય, ભયથી ઘેરાએલા હોય, બીજાઓની સાથે યુદ્ધ કરતા હોય તથા જેઓનાં ધનુષ ભાંગી પડ્યાં હોય અને યુદ્ધ ન કરતા હોય તેઓને તમે મારતા નથી.[૩૫] નિર્ભય સ્થાનકમાં શૂરવીર અને યુદ્ધ ન હોય ત્યાં બડાઇ હાંકનારા દેવતાઓથી, ગુપ્ત રહેનાર વિષ્ણુથી, વનવાસી શિવથી, અલ્પ પરાક્રમવાળા ઇન્દ્રથી કે તપ કર્યા કરતા બ્રહ્માથી આપણને શું થવાનું છે ? તો પણ અમે ધારીએ છીએ કે- શત્રુપણાને લીધે દેવતાઓની ઉપેક્ષા નહીં કરવી જોઇએ. એટલા માટે જે અમો તમારા સેવક છીએ તેથી અમોને દેવતાઓનું મૂળ ખોદી નાખવાની આજ્ઞા કરો.[૩૬-૩૭] જેમ શરીરમાં થયેલા રોગની ઉપેક્ષા કરતાં તે જામી જાય તો પછી મનુષ્યોથી તેમનો ઉપાય થઇ શકતો નથી, અને જેમ યોગીઓએ ઇન્દ્રિયોની ઉપેક્ષા કરી હોય અર્થાત્ છુટી મુકી દીધી હોય તો પછી તેનો નિગ્રહ થઇ શકતો નથી, તેમ શત્રુ પણ બળવાન થઇ જાય તો પછી તેને ચલાયમાન કરી શકાતો નથી.[૩૮] દેવતાઓનું મૂળ વિષ્ણુ છે અને વિષ્ણુ, જ્યાં સનાતન ધર્મ હોય ત્યાં રહે છે. અને એ ધર્મનું મૂળ વેદ, ગાય, બ્રાહ્મણો, તપ, યજ્ઞ અને દક્ષિણાઓ છે.[૩૯] માટે હે રાજા ! સઘળા ઉપાયો કરીને વેદિયા, તપસ્વી અને યજ્ઞ કરનારા બ્રાહ્મણોને તથા યજ્ઞમાં ઉપયોગી થાય એવાં ઘી, દૂધ આદિ આપનારી ગાયોને અમે મારી નાખીશું.[૪૦] બ્રાહ્મણ, ગાયો, વેદ, તપ, સત્ય, ઇન્દ્રિયોનો નિગ્રહ, મનની શાંતિ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા અને યજ્ઞો વિષ્ણુના શરીરરૂપ છે.[૪૧] એ વિષ્ણુ જ સઘળા દેવતાઓનો સ્વામી, દૈત્યોનો શત્રુ અને ગુપ્ત રહેનાર છે. બ્રહ્મા અને સદાશિવ સહિત સર્વ દેવતાઓનું મૂળ પણ એ જ છે. માટે

www.jayswaminarayan.org
www.bhujmandir.org

બ્રાહ્મણ ઋષિઓને મારવા એ જ વિષ્ણુના વધનો ઉપાય છે.[૪૨] શુકદેવજી કહે છે- કાળપાશથી ઘેરાયેલા અને દુષ્ટ બુદ્ધિવાળા અસુર કંસે આ પ્રમાણે દુષ્ટ મંત્રીઓની સાથે વિચાર કરીને બ્રાહ્મણોની હિંસાને પોતાના હિતરૂપ માની, ઈચ્છામાં આવે તેવાં રૂપ ધરનારા અને બીજાનો નાશ જ જેઓને વહાલો હતો એવા દૈત્યોને સર્વ દિશાઓમાં સાધુલોકોનો નાશ કરી નાખવાની આજ્ઞા કરીને કંસ પોતાના ઘરમાં ગયો. [૪૩-૪૪] રજોગુણી સ્વભાવવાળા, તમોગુણથી મૂઢ બુદ્ધિવાળા અને જેઓનું મોત સમીપમાં આવ્યું હતું એવા દૈત્યો સત્પુરૂષોનો દ્વેષ કરવા લાગ્યા.[૪૫] મહાત્મા લોકોનો અપરાધ કરવાથી પુરૂષનાં આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ, શુભલોક, સુખ અને સર્વ પ્રકારના કલ્યાણનો નાશ થાય છે.[૪૬]

आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च । हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ४६

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૫

## શ્રીકૃષ્ણના જન્મથી નંદજીએ કરેલો મહોત્સવ.

॥ श्रीशुकउवाच ॥

नंदस्वात्मजउत्पन्ने जाताह्लादोमहामनाः । आहूय विप्रान्दैवज्ञान् स्नातःशुचिरलंकृतः ॥१॥

શુકદેવજી કહે છે- પુત્રનો જન્મ થવાથી આનંદ પામેલા ઉદાર મનના નંદરાયે તો સ્નાન કરી, પવિત્ર થઇ, શણગાર ધરી, ભવિષ્યવેત્તા બ્રાહ્મણોને બોલાવી પુત્રનું સ્વસ્તિકવાચન કરાવીને જાતકર્મ સંસ્કાર કરાવ્યો, અને પિતૃ તથા દેવતાઓનું પૂજન કરાવ્યું.[૧-૨] બ્રાહ્મણોને શણગારેલી બે લાખ ગાયો અને રત્ન સમૂહ તથા સોનેરી વસ્ત્રોથી વીંટેલા સાત તિલપર્વતો આપ્યા.[૩] ''પૃથ્વી આદિ પદાર્થ કાળથી પવિત્ર થાય છે, દેહાદિક સ્નાનથી, બીજી કેટલીક વસ્તુ કેવળ ધોવાથી પવિત્ર થાય છે, ગર્ભાદિક સંસ્કારોથી પવિત્ર થાય છે. ઈંદ્રિયાદિક તપથી, બ્રાહ્મણાદિક યજન કરવાથી, ધન દાનથી, મન સંતોષથી અને આત્મા બ્રહ્મવિદ્યાથી પવિત્ર થાય છે.''[૪] બ્રાહ્મણો, સૂત, માગધ અને બંદિજનો આશીર્વાદનાં વચન બોલવા લાગ્યા.[૫] વ્રજમાં દ્વાર, આંગણાં અને ઘરોના અંદરના ભાગો સ્વચ્છ કરવામાં આવ્યા અને જળ છાંટી દીધાં. વિચિત્ર ધજા અને પતાકાઓની હારો લગાવવામાં આવી. વસ્ત્રો અને પાંદડાંનાં તોરણોની શોભા અતિશય વધારવામાં આવી.[૬] ગાયો, બળદો તથા નાનાં વાછરડાંઓને તેલ હળદર ચોપડી જુદા જુદા પ્રકારના ધાતુ, પુષ્પની માળા, વસ્ત્ર તથા સુવર્ણના અલંકારોથી શણગારેલા હતા.[૭] ઘણા મૂલ્યવાળાં વસ્ત્ર, આભૂષણ, કંચુક તથા પાઘડીઓથી શોભતા ગોવાળિયા તરેહ તરેહની ભેટ લઈને નંદરાયને ઘેર આવ્યા.[૮] યશોદાને પુત્ર આવ્યો સાંભળી રાજી થયેલી ગોપીઓ વસ્ત્ર, આભૂષણ અને અંજન આદિથી પોતાનાં શરીરને શણગારવા લાગી.[૯] નવીન કેશર લાગવાથી શોભતાં મુખવાળી, મોટા નિતંબવાળી અને હાલતા સ્તનવાળી ગોપીઓ ભેટો લઈને ઉતાવળથી નંદરાયને ઘેર જવા લાગી.[૧૦] જે ગોપીઓએ કાનમાં સ્વચ્છ રત્ન જડીત કુંડળ પહેર્યાં હતાં, કંઠમાં હાર ધારણ કર્યા હતા, હાથમાં કંકણ પહેર્યાં હતાં, શરીરમાં વિચિત્ર વસ્ત્ર પહેર્યાં હતાં અને જેઓના ચોટલામાંથી માર્ગમાં ફુલપાંખડીની વૃષ્ટિ થતી હતી, તેઓ નંદરાયને ઘેર જતી સમયે હાલતાં કુંડળ અને સ્તન અને હારની શોભાથી બહુ જ દીપતી હતી.[૧૧] ''ઘણા કાળ સુધી રક્ષાને પામો'' એમ બાળકને આશીર્વાદ આપતી અને હળદરનાં ચુર્ણ તથા તેલવાળાં પાણીથી લોકોને ભીંજાવતી તે ગોપીઓ ગીત ગાતી હતી.[૧૨] જગતના નાથ શ્રીકૃષ્ણ ભગવાન વ્રજમાં પધારતાં એ મહોત્સવમાં વિચિત્ર વાજાં વાગતાં હતાં.[૧૩] રાજી થયેલા અને એક બીજા ઉપર ઘી દુધ અને જળ રેડતા તથા માખણનું લેપન કરતા ગોવાળિયાઓ એક બીજા ઉપર દહીં નાખવા લાગ્યા.[૧૪] ઉદાર મનના નંદરાયે સૂત, માગધ, બંદિજનો અને બીજા પણ જેઓ વિદ્યોપજીવી હતા તેઓને વસ્ત્ર, અલંકાર, ગાયો અને ધન આપ્યાં.[૧૫] મોટા મનવાળા નંદરાયે વિષ્ણુની આરાધનને માટે અને પોતાના કલ્યાણ સારૂં યથાયોગ્ય રીતે ઘણા ઘણા પદાર્થોથી સૌની પૂજા કરી.[૧૬] નંદરાયે માન આપેલાં મહાભાગ્યશાળી રોહિણી દિવ્ય વસ્ત્ર, માળા અને કંઠના આભૂષણોથી અલંકૃત થઈને એ મહોત્સવમાં ફરતાં હતાં.[૧૭] ભગવાનના જન્મથી આરંભીને નંદજીનો વ્રજ સર્વે સમૃદ્ધિઓથી યુક્ત થયો હતો અને એ વ્રજ ભગવાનના નિવાસથી થયેલા સર્વને પ્રિય લાગવું, એ આદિક અસાધારણ ગુણોથી લક્ષ્મીજીને ક્રિડા કરવાના સ્થળરૂપ થયો હતો.[૧૮] પછી હે પરીક્ષિત રાજા ! ગોકુળની રક્ષા કરવાની ગોવાળિયાઓને ભલામણ આપી, નંદરાય કંસને વાર્ષિક કર દેવા સારૂં મથુરામાં ગયા.[૧૯] કંસને આપેલો છે વાર્ષિક કર જેમણે એવા પોતાના પરમમિત્ર નંદરાયને આવેલા જાણીને વસુદેવ નંદજીના ઉતારે ગયા.[૨૦] પ્રાણ આવતાંની સાથે જેમ દેહ ઉભો થાય, તેમ વસુદેવને આવ્યા જાણી તરત ઉભા થઈને પ્રેમથી વિવ્હળ થયેલા નંદરાયે પ્યારા મિત્ર વસુદેવનું આલિંગન કર્યું.[૨૧] પૂજેલા અને સારી રીતે બેઠેલા અને જેનું મન પોતાના પુત્રોમાં લાગી રહ્યું હતું, એવા વસુદેવે આદરભાવથી આરોગ્ય પૂછી આ પ્રમાણે કહ્યું કે- હે ભાઈ ! વૃદ્ધ, પ્રજા રહિત અને પ્રજાની આશા પણ છોડી દીધી હતી એવા તમને હમણાં પુત્ર આવ્યો એ ઘણું સારૂં થયું.[૨૨-૨૩] વળી એ પણ બહુ આનંદની વાત છે, કે આ સંસારરૂપી ચક્રમાં રહેલા તમે આજ ફરીવાર જન્મેલા પુત્ર જેવા જોવામાં આવ્યા, ખરેખર પ્રિયનું દર્શન દુર્લભ છે.[૨૪] પાણીના પ્રવાહથી તણાતાં

www.jayswaminarayan.org
www.bhujmandir.org


ખડ અને કાષ્ટ આદિની સ્થિતિ જેમ એક ઠેકાણે રહેતી નથી, તેમ વિચિત્ર પ્રારબ્ધવાળાં સંબંધીઓનો પ્રિય સહવાસ પણ એક ઠેકાણે રહેતો નથી.[૨૫] જ્યાં તમે હમણાં સંબંધીઓથી વીંટાઈને રહ્યા છો, તે મોટું વન પશુઓને હિતકારી, રોગ રહિત અને જળ, ખડ તથા લતાઓની ઘણી સંપત્તિવાળું છે.[૨૬] હે ભાઇ ! જે મારો પુત્ર તેની માની સાથે તમારા વ્રજમાં રહ્યો છે અને તમને જ પિતા કરી માને છે તેને તમોએ સારી પેઠે રાખ્યો છે ને ?[૨૭] પુરૂષના ધર્મ, અર્થ અને કામ જો પોતાના સંબંધીઓને ઉપયોગી થાય તો તે સફળ કહેવાય અને જો સંબન્ધીઓ કલેશ પામતાં હોય તો તે ધર્માદિક કશા ઉપયોગના નથી.[૨૮] નંદરાય કહે છે- અહો ! ! ! દેવકીથી ઉત્પન્ન થયેલા તમારા ઘણા પુત્રો કંસે મારી નાખ્યા અને એક સૌથી નાની દીકરી રહી હતી તે પણ સ્વર્ગે ગઇ ![૨૯] માણસોની નિષ્ઠા અવશ્ય ભાગ્ય ઉપર જ છે. તેથી પોતાના સુખ દુઃખનું કારણ ભાગ્ય જ છે. એમ જે સમજે તે કોઇ રીતે મુંઝાય નહીં.[૩૦]

વસુદેવ કહે છે- તમે પ્રતિવર્ષ આપવાનો કર રાજાને આપી દીધો અને અમોને પણ મળી ચુક્યા છો. માટે હવે તમારે અહીં ઘણા દિવસ સુધી રહેવું યોગ્ય નથી, કેમકે ગોકુળમાં ઉત્પાત થતા હશે એમ માનું છું.[૩૧] શુકદેવજી કહે છે- આ પ્રમાણે વસુદેવનું વચન સાંભળી નંદાદિક ગોવાળો બળદગાડાં જોડી વસુદેવની આજ્ઞા લઇ ગોકુળમાં ગયા.[૩૨]

इति नंदादयो गोपाः प्रोक्तास्ते शौरिणा ययुः । अनोभिरनडुद्युक्तैस्तमनुज्ञाप्य गोकुलम् ॥३२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો પાંચમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૬

## શ્રીકૃષ્ણે કરેલો પુતનાનો વધ.

॥ श्रीशुकउवाच ॥

नंदः पथि वचः शौरेर्नमृषेतिविचिन्तयन् । हरिं जगाम शरणमुत्पातागमशंकितः ॥१॥

વસુદેવનું વચન ખોટું ન હોય એમ માર્ગમાં વિચાર કરતા અને ઉત્પાત થવાની શંકા રાખતા નંદરાય ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા.[૧] કંસે મોકલેલી અને બાળકોને મારનારી પૂતના, પુર, ગામડાં અને વ્રજાદિકમાં બાળકોને મારતી મારતી ફરતી હતી.[૨] ભગવદ્ગુણના શ્રવણ મનનાદિક જે છે એ રાક્ષસોને હણનાર છે, ભગવદ્ગુણના શ્રવણ મનનાદિક જ્યાં ન હોય તે સ્થળમાં રાક્ષસીઓ પોતાનું કામ કરી શકે છે.[૩] આકાશમાં ફરનારી અને યથેષ્ટ રીતે ચાલનારી પૂતના એક દિવસ નંદરાયના વ્રજમાં આવીને માયાથી પોતાના શરીરનો કોઇ ઉત્તમ સ્ત્રી જેવો વેષ બનાવી અંદર પેઠી.[૪] એના ચોટલામાં મલ્લિકાનાં ફુલ ગુંથેલાં હતાં. મોટા નિતંબ અને સ્તનના ભારથી કેડ લચકી જતી હતી. ઉત્તમ વસ્ત્ર પહેર્યાં હતાં, હાલતાં કુંડળની કાંતિને લીધે ઝળકતા કેશોથી મોઢું શોભી રહ્યું હતું.[૫] સુંદર મંદ હાસ્યથી યુક્ત અને નેત્રકટાક્ષથી ગોવાળોનાં મન હરાઇ ગયાં હતાં, તેથી કોઇ ગોવાળોએ તેને અટકાવી નહીં, અને હાથમાં કમળ હોવાથી તે ભગવાનનાં દર્શન સારૂં દેહ ધરીને આવેલી લક્ષ્મી જેવી લાગતી હતી, તેથી ગોપીઓ પણ ચુપ થઇ ગઇ.[૬] બાળકોને શોધતી આવતી બાળગ્રહરૂપ પૂતનાએ, યદચ્છાથી નંદરાયના ઘરમાં સ્વાભાવિક મોટા તેજથી ઢંકાયેલ હોવાથી રાખથી ઢંકાયેલા અગ્નિની ઉપમા ધરાવનાર અને દુષ્ટ પ્રાણીઓના કાળરૂપ એવા તે બાળકને જોયા.[૭] સ્થાવર જંગમોના આત્મારૂપ શ્રીકૃષ્ણ ભગવાન, તેને બાળકોને મારનારી પૂતના જાણીને નેત્ર મીંચી ગયા, પછી મૂર્ખ માણસ જેમ દોરડી સમજીને સૂતેલા સર્પને લઇ લે, તેમ તે પૂતનાએ પોતાના કાળરૂપ ભગવાનને પોતાના ખોળામાં લીધા.[૮] મ્યાનમાં ઢાંકેલી તલવારની પેઠે ઉપરથી કોમળ અને અંદર બહુ જ તીક્ષ્ણ અને ભૂંડાં કામ કરનારી પૂતનાને ઘરની અંદર આવેલી જોઇ તથા તેને ઉત્તમ સ્ત્રી જાણીને રોહિણી અને યશોદા પણ તેની કાંતિથી મોહ પામી ગયાં હતાં, તેઓ કેવળ ઉભાં રહી જોયા કરતાં હતાં.[૯] તે સ્થળમાં દુષ્ટ પૂતનાએ બાળક શ્રીકૃષ્ણ ભગવાનને ખોળામાં લઇ, તેમના મોઢામાં ભયંકર અને ન પચે એવા ઝેરથી ભરેલું પોતાનું સ્તન દીધું. ક્રોધવાળા ભગવાન એ સ્તનને બે હાથવડે બહુ જ દબાવીને તે પૂતનાના પ્રાણની સાથે પીવા લાગ્યા.[૧૦] સર્વ અંગોમાં પીડાતી પૂતના "મૂકી દે મૂકી દે" એમ બોલવા લાગી, આંખો ફાટી ગઇ, શરીરમાં પસીનો વળી ગયો, વારંવાર હાથ અને પગ પછાડતી રોવા લાગી.[૧૧] અત્યંત ગંભીર વેગવાળા તે પૂતનાના શબ્દથી પર્વત સહિત પૃથ્વી અને ગ્રહો સહિત આકાશ ચલાયમાન થઇ ગયાં. પાતાળ અને દિશાઓમાંથી પડઘા પડ્યા અને વજ્ર પડવાની શંકાથી મનુષ્યો ધરતી ઉપર પડી ગયાં.[૧૨] આ પ્રમાણે સ્તનમાં વ્યથા થતાં મરણ સમયે પોતાનું પ્રથમનું રૂપ ધરીને એ રાક્ષસી વજ્રથી મરણ પામેલા વૃત્રાસુરની પેઠે વ્રજમાં પડી. મરણ પામેલી એ રાક્ષસીનું મોઢું ફાટી ગયું હતું. કેશ છૂટી ગયા અને પગ તથા હાથ લાંબા થઇ ગયા હતા.[૧૩] હે પરીક્ષિત રાજા ! એ પૂતનાનો દેહ પડતાં પડતાં છ ગાઉની અંદરનાં વૃક્ષોનો ભૂકો કરી નાખ્યો, આવું એક મોટું આશ્ચર્ય થયું.[૧૪] એ ભયંકર પૂતનાના મોઢામાં હળના જેવી લાંબી અને ઉગ્ર દાઢો હતી, નાક પર્વતની ગુફા જેવું હતું, સ્તન પર્વતમાંથી પડેલા મોટા પથ્થરા જેવડા હતા, કેશ વીખરાએલા અને રાતા હતા.[૧૫] આંખો અંધારા કુવા જેવી ઉંડી હતી, નિતંબ નદીના કાંઠા જેવા ભયંકર હતા, હાથ, સાથળ અને પગ જાણે સડક બાંધી હોય એવા હતા, પેટ પાણી વગરના ધ્રો જેવું હતું.[૧૬] ગોવાળિયા અને ગોપીઓનાં હૃદય, કાન અને માથાં પ્રથમ જ પુતનાના શબ્દથી જાણે ફાટી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ગયાં હોય તેવાં થઇ ગયાં હતાં એવી પૂતનાના શરીરને જોઇ ત્રાસ પામ્યા.[૧૭] ગોપીઓએ ઘણા સંભ્રમથી તુરત આવીને પુતનાની છાતી ઉપર નિર્ભય રીતે રમતા બાળક એવા ભગવાનને તેડી લીધા.[૧૮] યશોદા અને રોહિણીની સાથે તે સઘળી ગોપીઓએ તે બાળક ઉપર ગાયનાં પૂંછડાં ફેરવવા આદિ ક્રિયાઓથી સારી રીતે રક્ષા કરી.[૧૯] બાળકને ગોમૂત્રથી, ગાયની રજથી અને ગાયનાં છાણથી નવરાવી, તેનાં બાર અંગોમાં ભગવાનનાં નામોથી રક્ષા કરી.[૨૦] પછી કાંઇક ધારણા મળતાં ગોપીઓએ આચમન લઇને પોતાના શરીરમાં પ્રથમ અંગન્યાસ તથા કરન્યાસ પૃથક્ પૃથક્ કરીને પછી બાળકના અંગમાં પણ બીજન્યાસ કર્યો.[૨૧] અજ ભગવાન તારા પગની, અણિમાન્ તારા ગોઠણની, યજ્ઞનારાયણ તારા સાથળની, અચ્યુત કટિની, હયગ્રીવ પેટની, કેશવ હૃદયની, ઇશ તારા વક્ષસ્થળની, ઇન્દ્ર કંઠની, વિષ્ણુ ભુજાઓની, ઉરૂક્રમ મુખની અને ઈશ્વર મસ્તકની રક્ષા કરજો.[૨૨] ચક્ર ધરનારા ભગવાન તારી આગળ રહેજો, ગદા ધરનારા ભગવાન તારી પાછળ રહેજો, ધનુષ ધરનારા મધુહ ભગવાન અને ખડ્ગ ધરનારા અજન ભગવાન તારાં બે પડખામાં રહેજો, શંખ ધરનારા ઉરૂગાય ભગવાન તારા ચારે ખુણામાં રહેજો, ઉપેન્દ્ર ભગવાન ઉપર રહેજો, તાર્ક્ષ્ય ભગવાન નીચે રહેજો, હળધર ભગવાન સઘળી કોર રહેજો.[૨૩] ઋષિકેશ ભગવાન ઇન્દ્રિયની રક્ષા કરજો, નારાયણ પ્રાણની રક્ષા કરજો, શ્વેતદ્વીપપતિ ભગવાન ચિત્તનું રક્ષણ કરજો, યોગેશ્વર ભગવાન મનનું રક્ષણ કરજો.[૨૪] પૃશ્નિગર્ભ ભગવાન તારી બુદ્ધિની અને પર ભગવાન તારા અહંકારની રક્ષા કરજો, રમતાં ગોવિંદ ભગવાન, સૂતાં માધવ ભગવાન, ચાલતાં વૈકુંઠ ભગવાન, બેસતાં લક્ષ્મીના પતિ, અને જમતાં યજ્ઞભોક્તા ભગવાન તારી રક્ષા કરજો, કે જે સર્વ ગ્રહોને ત્રાસ ઉપજાવે એવા છે.[૨૫-૨૬] ડાકણો, રાક્ષસીઓ, કુષ્માંડ, બાળગ્રહ, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ, વિનાયક, કોટરા, રેવતી,જ્યેષ્ઠા, પૂતના, માતૃકાદિક, ઉન્માદ, અપસ્માર અને બીજા પણ જેઓ દેહ, પ્રાણ તથા ઇન્દ્રિયોનો દ્રોહ કરનારા છે તેઓ સઘળા નાશ પામજો. સ્વપ્નમાં દેખેલા મોટા ઉત્પાત અને વૃદ્ધ તથા બાળકના ગ્રહો, કે જેઓ વિષ્ણુનું નામ લેવાથી બીએ છે, તેઓ સઘળા તારી પાસેથી જતા રહેજો.[૨૭-૨૯] આ પ્રમાણે સ્નેહથી બંધાએલી ગોપીઓએ જેની રક્ષા કરી, એવા પુત્રને યશોદાએ સ્તનપાન કરાવીને સુવાડ્યા.[30] તેટલામાં મથુરાથી વ્રજમાં આવેલા નંદાદિક ગોવાળિયાઓ પૂતનાના શબને જોઇને બહુ જ વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા કે- વસુદેવ તો અવશ્ય ઋષિ કે યોગેશ્વર જન્મેલ છે. કેમકે, તેમણે જેવું કહ્યું હતું તેવો જ ઉત્પાત જોવામાં આવ્યો.[૩૧-૩૨] પછી તે ગોવાળોએ પૂતનાના શરીરને કુહાડાઓથી કાપી, સઘળા અવયવોને દૂર ફેંકી, બાકીના ભાગને લાકડાંઓમાં નાખીને બાળી નાખ્યો.[33] ભગવાને ઉપભોગ કર્યો હોવાથી જેનાં પાપ તુરત નાશ પામી ગયાં, એવો એ પૂતનાનો દેહ બળતાં તેમાંથી અગરૂના જેવો સુગંધી ધુમાડો નીકળ્યો.[૩૪] બાળકોને હણનારી અને રૂધિરનું ભક્ષણ કરનારી પૂતના મારી નાખવાની ઇચ્છાથી પણ ભગવાનને ધવરાવીને મુક્તિ પામી ગઇ, તો પછી શ્રદ્ધાથી અને ભક્તિથી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય વસ્તુનું અર્પણ કરનારો માણસ મોક્ષ પામે તેમાં તો કહેવું જ શું ? જે ગાયો વત્સાહરણની લીલામાં ભગવાનની માતાઓ થઇ હતી તેઓ પણ મુક્તિ પામી છે.[૩૫-૩૬] ભક્તોના હૃદયમાં રહેનાર અને લોકવંદિત દેવતાઓએ પણ વંદન કરવા યોગ્ય, એવાં ચરણથી જે પુતનાના અંગને દબાવીને ભગવાને સ્તનપાન કર્યું, તે રાક્ષસી પૂતના પણ તેમની માને લાયક ગતિને પામી ગઇ, ત્યારે ગાયો અને ગોપીઓ કે જેઓના દુધને ભગવાન પીતા હતા તેઓને સદ્‌ગતિની પ્રાપ્તિ થાય તેમાં શું કહેવું ?[૩૭-૩૮] પુત્રના સ્નેહને લીધે પાનો આવવાથી બહુ જ ઝરતાં જે માતાઓના દુધને દેવકીના પુત્ર અને મોક્ષાદિક સર્વ પુરૂષાર્થ આપનારા ભગવાને પીધાં, તે માતાઓ કે- જેઓ નિરંતર ભગવાનમાં પુત્ર દૃષ્ટિ રાખતી હતી, તે માતાઓને અજ્ઞાનથી થતો સંસારનો ફેરો બીજીવાર થવો ન જ સંભવે.[૩૯-૪૦] જે વ્રજવાસીઓ પૂતનાના આવ્યા પહેલાં ગાયો ચારવા નીકળીગયા હતા, તે વ્રજવાસીઓ શબના ધુમાડાના સુગંધને સુંઘી 'આ શું અને શાથી થયું ?' એમ બોલતા વ્રજમાં આવ્યા.[૪૧] તેઓ વ્રજમાં ગોવાળોના કહેવાથી પૂતનાનું આવવું અને તેનું મરણ અને તેથી બાળકનું કુશળ રહેવું, સાંભળીને બહુ જ વિસ્મય પામ્યા.[૪૨] હે રાજા ! ઉદાર બુદ્ધિવાળા નંદરાય, જાણે મરી જઇને પાછા આવેલ હોય એવા પોતાના પુત્રને તેડી, તેનું માથું સુંઘી, પરમ આનંદ પામ્યા.[૪૩] જે માણસ પૂતનાને મોક્ષ આપવારૂપ આ શ્રીકૃષ્ણનાં અદ્‌ભુત બાળચરિત્રને શ્રદ્ધાથી સાંભળશે તેને ભગવાનમાં પ્રીતિ પ્રાપ્ત થશે.[૪૪]

य एतत् पूतनामोक्षं कृष्णस्यार्भकमद्भुतं । शृणुयाच्छ्रद्धयामर्त्यो गोविन्दे लभते रतिम् ॥४४॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૭

# શ્રીકૃષ્ણે ગાડું ઉંધું પાડ્યું તથા તૃણાવર્તનો નાશ કર્યો.

॥ राजोवाच ॥

येन येनावतारेण भगवान् हरिरीश्वरः । करोति कर्णरम्याणि मनोज्ञानि च नः प्रभोः ॥१॥

પરીક્ષિત રાજા કહે છે- હે મહારાજ ! જો કે ભગવાન જે જે અવતારથી જે જે ચરિત્ર કરે છે તે સઘળાં અમારા કાનને અને મનને ગમે છે, તો પણ ચરિત્રોને સાંભળવાથી પુરૂષને મનની ગ્લાની તથા અનેક પ્રકારની તૃષ્ણા મટી જાય અને થોડા કાળમાં અંતઃકરણ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શુદ્ધ થાય, ભગવાનમાં પ્રીતિ થાય અને વૈષ્ણવજન સાથે મૈત્રી થાય. આવું મનોહર ચરિત્રને કહેવું, જો તમે ઈષ્ટ માનતા હો તો કહો.[૧-૨] અને મનુષ્ય દેહ ધરીને મનુષ્ય જાતિને અનુસરનારા શ્રીકૃષ્ણ ભગવાનનું બીજું પણ અદ્‌ભુત બાળ ચરિત્ર કહો.[૩]

શુકદેવજી કહે છે- એક દિવસે ભગવાન પડખું ફેરવવા શીખ્યા તેના ઉત્સવનો અભિષેક કરવાનો હતો, અને તે જ દિવસે ભગવાનના જન્મ નક્ષત્રનો પણ યોગ હતો, તેથી એ મોટા સમારંભમાં મળેલી સ્ત્રીઓની વચમાં યશોદાએ વાજાં, ગીત અને બ્રાહ્મણોના મંત્ર સહિત સ્વસ્તિવાચનથી પોતાના પુત્રનો અભિષેક કર્યો.[૪] ભગવાનને નવરાવ્યા અને અન્ન, વસ્ત્ર, માળાઓ, પ્રિય વસ્તુ તથા ગાયો આપીને પૂજેલા બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. પછી ભગવાનની આંખોમાં નિદ્રા આવતી જાણીને તેમને યશોદાએ ધીરેથી એક ગાડાની નીચે ઝોળીમાં પોઢાડ્યા.[૫] ઉત્સવ સંબંધી ઉત્સાહમાં જ યશોદાનું મન લાગી રહ્યું હતું, અને તે આ ઉત્સવમાં આવેલા વ્રજવાસીઓનું સન્માન કરતાં હતાં તેથી યશોદાજીએ પુત્રનું રૂદન સાંભળ્યું નહીં અને ભગવાને ધાવવાની ઈચ્છાથી રોતાં રોતાં પોતાના પગ ઉંચા કર્યા.[૬] નીચે સૂતેલા બાળકના નાના અને કુંપળિયાં સરખા કુણા પગ વાગવાથી ગાડું ઉંધું વળી ગયું. અનેક પ્રકારના રસોથી ભરેલાં કાંસા આદિ ધાતુઓનાં પાત્રો, કે જેઓ ગાડા ઉપર હતાં તે ભાંગી પડ્યાં અને પૈડાં ધરી તથા ધોંસરૂં પણ વીખાઈ ગયાં અને ઉંધાં પડ્યાં.[૭] પડખું ફેરવવાના ઉત્સવમાં મળેલી યશોદા આદિ સ્ત્રીઓ અને નંદાદિક ગોવાળો અદ્‌ભુત બનાવ જોઈને વ્યાકુળ થઈ ગયા અને કહેવા લાગ્યા કે- 'ગાડું પોતાની મેળે કેમ ઉંધું વળ્યું ? એમ કહેતા અને વિવાદથી મોહ પામેલા સઘળા ગાડાંને ચોમેર ટોળું વળીને ઉભા.[૮] જેઓને નિશ્ચય થયો નહીં એવા ગોવાળીઆ અને ગોપીઓને છોકરાઓએ કહ્યું કે- આ બાળકે રોતાં રોતાં પોતાના પગથી ઉંધું નાખ્યું છે, એમાં કશો સંશય નથી.[૯] પરંતુ ગોવાળિયા છોકરાંવાદમાં ગણીને તેઓની વાત સાચી માની નહીં; કેમકે એ બાળકના અપાર બળનું તેઓને જ્ઞાન ન હતું.[૧૦] યશોદાએ દુષ્ટ ગ્રહોની શંકાથી એ રૂદન કરતા પુત્રને તેડી લઈને બ્રાહ્મણો પાસે વેદમંત્રથી સ્વસ્તિવાચન કરાવ્યું અને પછી સ્તનપાન કરાવ્યું.[૧૧] બળવાન ગોવાળોએ સરસામાન સહિત એ ગાડાને પાછું સવળું કર્યું. અને બ્રાહ્મણોએ ગ્રહાદિકના હોમ કરીને દહીં તથા જળથી પૂજન કર્યું.[૧૨] જેઓ અસૂયા, (ગુણમાં દોષ પ્રકટ કરવા) ખોટું ભાષણ, દંભ, ઈર્ષ્યા, હિંસા અને અભિમાનથી રહિત તથા સત્ય સ્વભાવવાળા હોય છે, તેઓએ આપેલા આશીર્વાદ વ્યર્થ થાય જ નહીં.[૧૩] એમ ધારી સાવધાન મનવાળા નંદરાયે ઉત્તમ બ્રાહ્મણોની પાસે સામવેદ, ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી સંસ્કાર પમાડેલા અને પવિત્ર ઔષધિવાળા જળથી પુત્રનો અભિષેક તથા સ્વસ્તિવાચન કરાવ્યાં.[૧૪] પછી અગ્નિમાં હોમ કરાવીને નંદરાયે ઉત્તમ ગુણવાળું અન્ન બ્રાહ્મણોને જમાડ્યું.[૧૫] સઘળા ગુણવાળી અને વસ્ત્ર, પુષ્પની માળા તથા સોનાની માળાવાળી ગાયો પુત્રના કલ્યાણને અર્થે બ્રાહ્મણોને આપી. અને બ્રાહ્મણોએ આશીર્વાદ દીધા.[૧૬] મંત્ર જાણનારા યોગ્ય બ્રાહ્મણોએ જે આશીર્વાદ આપ્યા હોય તે તે પ્રમાણે જ થાય, કદી પણ વ્યર્થ થાય જ નહીં.[૧૭] એક દિવસ ખોળામાં લઈને પુત્રને રમાડતાં યશોદા, પુત્રનો પર્વતના શિખર સરખો ભાર લાગ્યો તેને સહન કરી શક્યાં નહીં.[૧૮] શ્રીકૃષ્ણમાં રહેલા બ્રહ્માંડના ભારથી પીડાએલાં અને વિસ્મય પામેલાં યશોદા પુત્રને પૃથ્વી ઉપર મૂકી દઈને, પરમેશ્વરનું ધ્યાન કરતાં વ્યવહારના કામમાં લાગી ગયાં.[૧૯] કંસનો ચાકર અને કંસે મોકલેલો તૃણાવર્તનામનો દૈત્ય વંટોળીયા વાયુના સ્વરૂપથી આવીને પૃથ્વી ઉપર બેઠેલા બાળક ભગવાનને હરી ગયો.[૨૦] એ વંટોળીયાથી સઘળું ગોકુળ ઘેરાઈ ગયું, ધુળથી સર્વનાં નેત્રો આંધળાં જેવાં થઈ ગયાં, ભયંકર શબ્દથી દિશા અને ખુણાઓ ગાજવા લાગ્યા.[૨૧] બે ઘડીવાર સુધી સઘળું ગોકુળ ધૂળથી અને અંધારાથી ઘેરાયેલું રહ્યું. યશોદા આવીને જુએ છે તો જ્યાં પુત્રને મૂક્યા હતા ત્યાં દીઠા નહીં.[૨૨] તૃણાવર્તે ઉડાડેલી ધૂળથી ઉપદ્રવ અને મોહ થવાને લીધે કોઈ માણસ પોતાના શરીરને કે બીજાને જોઈ પણ શક્તો ન હતો.[૨૩] આ પ્રમાણે કઠોર વંટોળીયાથી ધૂળનો વરસાદ થતાં પુત્રનો પત્તો નહીં મળવાથી પૃથ્વી પર પડી ગયેલાં અને પુત્રને સંભારતાં અબળા યશોદામાતા જેનો વાછડો મરી ગયો હોય, એવી ગાયની પેઠે દયામણી રીતે શોક કરવા લાગ્યાં.[૨૪] પવનથી થયેલી ધુળની વૃષ્ટિનો વેગ બંધ પડ્યા પછી, યશોદાનું રોવું સાંભળીને બહુ જ સંતાપ પામેલી અને આંસુથી જેઓનાં મોઢાં ભરાઈ રહ્યાં છે, એવી ગોપીઓ તે જગ્યાએ ભગવાનને નહીં દેખીને રોવા લાગી.[૨૫] આ બાજુ વંટોળીયાનું રૂપ ધરનાર તૃણાવર્ત દૈત્ય ભગવાનને હરીને આકાશમાં જતાં ઘણો ભાર લાગવાથી તેનો વેગ શાંત થઈ ગયો અને પોતે ઉંચો જઈ શક્યો નહીં.[૨૬] પોતાને ભાર લાગવાથી તૃણાવર્તે એમ માન્યું કે- હું આ કોઈ પથ્થરાને ઉપાડી આવ્યો છું, તેથી તે અદ્‌ભુત બાળકને તે મૂકી દેવા લાગ્યો, પણ ભગવાન તેને ગળે બાઝી રહ્યા, તેથી મૂકી શક્યો નહીં.[૨૭] ગળું પકડાયાથી ચેષ્ટા રહિત થયેલો અને પૂરી ચીસ પણ નહીં નાખી શકતો તે દૈત્ય, આંખો નીકળી પડતાં મરણ પામીને વ્રજમાં પડ્યો.[૨૮] અંતરિક્ષમાંથી શિલા ઉપર પડેલો તે વિકરાળ દૈત્ય, કે જેના સઘળા અવયવો રૂદ્રના બાણથી વીંધાએલા ત્રણ પુરની પેઠે વીખાઈ ગયા હતા, આવા દૈત્યને, રોતી અને ભેળી થયેલી સ્ત્રીઓએ દીઠો.[૨૯] રાક્ષસ આકાશ માર્ગમાં લઈ ગયો તોપણ મૃત્યુના મુખથી છૂટેલા, કુશળ અને તે રાક્ષસની છાતી ઉપર લટકતા, શ્રીકૃષ્ણને તેડી લઈ યશોદાને આપી સઘળી ગોપીઓ વિસ્મય પામી ગઈ.[૩૦] જેઓના મનોરથ પૂર્ણ થયા એવા નંદાદિક ગોવાળો અને ગોપીઓ બહુ જ આનંદ પામ્યાં અને પરસ્પર બોલવા લાગ્યા કે- રાક્ષસે મારી નાખેલો આ બાળક પાછો આવ્યો, એ ભારે અદ્‌ભુત થયું. હિંસા કરનારો ખડપુરૂષ પોતાના પાપથી માર્યો જાય છે, અને સાધુપુરૂષો પોતાની સમતાને લીધે ભયમાંથી છૂટે છે.[૩૧-૩૨] આપણે

www.jayswaminarayan.org
www.bhujmandir.org

તપ, ઈશ્વરનું પૂજન, જળાશયાદિકનું નિર્માણ, યજ્ઞ, દાન કે પ્રાણીઓ ઉપર શું પ્રેમ કરેલ હશે ? કે જેના પ્રભાવથી આ બાળક જે મરી ગયો હતો તે, પોતાના બંધુઓને રાજી કરતો પાછો આવ્યો; આ બહુ જ સારૂં થયું.[૩૩] ગોકુળમાં આવી રીતનાં ઘણાં ઘણાં આશ્ચર્યો જોઈને વિસ્મય પામેલા નંદરાયને વસુદેવનાં વચન ઉપર બહુ જ વિશ્વાસ બેઠો.[૩૪] એક દિવસે સ્નેહથી વ્યાપ્ત થયેલાં યશોદા બાળકને લઈ, ખોળામાં બેસાડી, તેને પોતાનું દુધપાન કરાવતાં હતાં.[૩૫] ધાવી રહ્યા પછી તે બાળકના સુંદર મંદહાસ્યવાળા મુખને યશોદા લાડ લડાવતાં હતાં, ત્યાં તે બાળકને બગાસું આવતાં તેના મુખમાં અંતરિક્ષ, સ્વર્ગ, પૃથ્વી, તારામંડળ, દિશાઓ, સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, સમુદ્રો, દ્વીપ, પર્વતો, નદીઓ, વન અને સઘળાં સ્થાવર જંગમ પ્રાણીઓને દીઠાં.[૩૬-૩૭] હે પરીક્ષિત રાજા ! સઘળા બ્રહ્માંડને જોઈને તુરત જેને કંપ ઉત્પન્ન થયો, અને વિસ્મય પ્રાપ્ત થયો એવાં મૃગનેત્રી યશોદા પોતાનાં નેત્ર મીંચી ગયાં.[૩૮]

सा वीक्ष्य विश्वं सहसा राजन् संजातवेपथुः । संमील्य मृगशावाक्षी नेत्रे आसीत्सुविस्मिता ।६८

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો સાતમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૮

## શ્રીકૃષ્ણ અને બળદેવનાં ગર્ગાચાર્યે નામ પાડ્યાં તથા માટી ખાતાં માતાને વિશ્વરૂપ દેખાડ્યું.

॥ श्रीशुकउवाच ॥

गर्गः पुरोहितो राजन् यदूनां सुमहातपाः । व्रजं जगाम नंदस्य वसुदेवप्रचोदितः ॥१॥

શુકદેવજી કહે છે- હે રાજા ! મહા તપસ્વી અને યાદવોના ગોર ગર્ગાચાર્ય વસુદેવની પ્રેરણાથી નંદરાયના વ્રજમાં આવ્યા.[૧] તેમને જોઈ બહુ જ રાજી થયેલા નંદરાયે સામા ઉભા થઈ હાથ જોડીને તથા તેમને પરમેશ્વરરૂપ જાણીને નમસ્કારપૂર્વક પૂજા કરી.[૨] પૂજા કર્યા પછી સારી રીતે બેઠેલા તે મુનિને નંદરાયે સુંદર વાણીથી કહ્યું કે- હે મહારાજ ! જે આપ પરિપૂર્ણ છો. આપનું શું કામ કરીએ ?[૩] મહાત્મા પુરૂષોનું આવવું, થોડીવાર પણ ઘરને નહીં છોડી શકતા ગૃહસ્થોનું કલ્યાણ કરવા સારૂ જ હોય છે. કદીપણ તેઓના પોતાના સ્વાર્થને માટે હોતું નથી.[૪] જે જ્ઞાનને ઇન્દ્રિયો નજ પહોંચી શકે, એવા જ્ઞાનને આપનાર જ્યોતિષશાસ્ત્ર આપે કર્યું છે, કે જેથી પુરૂષને પૂર્વ તથા વર્તમાન જન્મના ભૂત અને ભાવિફળનું જ્ઞાન થાય છે.[૫] આપ જ્યોતિષશાસ્ત્રના કર્તા અને વેદ જાણનારાઓમાં પણ શ્રેષ્ઠ છો, તેથી આ બે બાળકોના સંસ્કાર કરો. બ્રાહ્મણ જન્મથી જ મનુષ્યોના ગુરૂ કહેવાય છે.[૬]

ગર્ગાચાર્ય કહે છે- હું યાદવોનો આચાર્ય છું અને પૃથ્વીમાં સર્વદા પ્રખ્યાત છું, તેથી જો હું તમારા પુત્રના સંસ્કાર કરૂં, તો પાપ બુદ્ધિવાળો કંસ તમારા પુત્રને દેવકીનો પુત્ર માને અને વળી વસુદેવની સાથે તમારે મૈત્રી છે તે પણ કંસ જાણે છે, અને દેવકીની દીકરી યોગમાયાનું વચન સાંભળી 'દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી ન જ થવો જોઈએ' એમ પણ વિચાર કર્યા કરે છે. માટે આઠમા ગર્ભની શંકાથી તે જો તમારા પુત્રને મારે તો તેમાં અમારૂં બહુ જ ભુંડું થાય.[૭-૯]

નંદરાય કહે છે- આ વ્રજમાં મારા લોકોના પણ જાણવામાં ન આવે, એવા એકાંત સ્થળમાં સ્વસ્તિવાચન કરીને આ પુત્રોના સંસ્કાર કરો, કે જે સંસ્કાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને અવશ્ય થવા જોઈએ.[૧૦]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે નંદરાયે પ્રાર્થના કરતાં ગર્ગાચાર્યે એકાંતમાં ગુપ્ત રીતે તે બે બાળકોનાં નામ પાડ્યાં, કે જે કરવાની ઈચ્છાથી જ પોતે આવ્યા હતા.[૧૧]

ગર્ગાચાર્ય કહે છે- આ રોહિણીનો પુત્ર પોતાના ગુણોથી સંબંધીઓને રમાડે છે, માટે 'રામ' કહેવાશે. અધિક બળ હોવાથી બલભદ્ર કહેવાશે, અને કોઈ પણ કારણથી વિવાદ કરીને વિખુટા પડેલા યાદવોને એકઠા કરશે, તેથી સંકર્ષણ પણ કહેવાશે.[૧૨] આ જે તમારો પુત્ર છે તે પ્રત્યેક યુગમાં અવતાર ધરે છે અને એનો શ્વેત, રક્ત, તથા પીત વર્ણ હતો, હમણાં કૃષ્ણ વર્ણ છે તેથી તેનું "કૃષ્ણ" એવું નામ કહેવાશે.[૧૩] પૂર્વે કોઈ સમયે આ તમારો પુત્ર વસુદેવનો પુત્ર થયેલ હતો. તેથી જ્ઞાની લોકો આનું 'વાસુદેવ' એવું નામ પણ કહેશે.[૧૪] ગુણ અને કર્મને અનુસારે તમારા પુત્રનાં નામ અને રૂપ ઘણાં છે કે જે સઘળાને હું જાણતો નથી અને લોકો પણ જાણતા નથી.[૧૫] ગોવાળિઆ અને ગાયોને રાજી કરનાર આ તમારો પુત્ર તમારું કલ્યાણ કરશે અને તેના પ્રભાવથી તમે સઘળાં કષ્ટોને અનાયાસથી તરી જશો.[૧૬] હે વ્રજના પતિ ! પૂર્વે કોઈ રાજા ન હતો તે સમયમાં ચોર લોકોએ પીડેલા સજ્જનોની, આ તમારા પુત્રે રક્ષા અને વૃદ્ધિ કરી હતી, તેથી તમોએ ચોરલોકોને જીત્યા હતા.[૧૭] જે ભાગ્યશાળી માણસો આ તમારા પુત્રમાં પ્રીતિ રાખશે તેઓને દૈત્યો જેમ વિષ્ણુના પક્ષવાળાઓનો પરાભવ કરી શકતા નથી, તેમ શત્રુઓ પરાભવ કરી શકશે નહિ.[૧૮] હે નંદ ! આ તમારો પુત્ર ગુણ, કીર્તિ, લક્ષ્મી અને પ્રભાવથી નારાયણ સમાન છે માટે સાવધાન રહીને આની રક્ષા કરજો.[૧૯]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે આજ્ઞા કરી ગર્ગાચાર્ય પોતાને ઘેર ગયા અને રાજી થયેલા નંદરાયે પોતાના સઘળા મનોરથો પૂર્ણ થયા માન્યા.[૨૦] થોડો સમય જતાં બળભદ્ર અને શ્રીકૃષ્ણ ગોકુળમાં ગોઠણ અને હાથવતે રડવાની લીલા કરવા લાગ્યા.[૨૧] એ બન્ને ભાઈઓ ઘરેણાંની ઘુઘરીઓના શબ્દથી સુંદર લાગે એવી રીતે પોતાના પગને ઢસડી ઢસડીને વ્રજનાં કાદવોમાં બહુ જ ચાલવા

www.jayswaminarayan.org www.bhujmandir.org

લાગ્યા, ઘુઘરીઓના શબ્દથી રાજી થવા લાગ્યા અને વળી કોઈ જતા આવતા માણસની પછવાડે ત્રણ ચાર પગલાં જઈને અણસમજુ અને ભય પામેલાની પેઠે પોતાની માતાઓની પાસે રડીને જતા હતા.[૨૨] દયાથી જેઓને પાનો આવતો હતો, એવી તેઓની માતાઓ કાદવથી અને ચંદનના લેપનથી સુંદર લાગતા પોતાના પુત્રને હાથવતે આલિંગન કરી ધવરાવતી હતી. તે સમયે મંદહાસ્ય અને થોડા દાંતવાળા બળદેવ તથા કૃષ્ણનું મુખ જોઈને રાજી થતી હતી.[૨૩] જ્યારે એ બાળકની કુમાર અવસ્થાની લીલા સ્ત્રીઓને જોવા જેવી થઈ ત્યારે અર્થાત્ બન્ને બાળકો મોટા થયા ત્યારે, વ્રજમાં વાછરડાંઓનાં પૂછડાં પકડતા અને વાછરડાંઓ દ્વારા આમ તેમ ચારે બાજુ ખેંચી જવાતા એ બાળકોને જોઈ, ગોપીઓ પોતાનાં કામને ભૂલી જઈ હસતી હતી અને હર્ષ પામતી હતી.[૨૪] ક્રીડામાં લાગેલા અને અત્યંત ચપળ પોતાના પુત્રોને શીંગડાંવાળાં પશુ, દાઢવાળા, પ્રાણી, અગ્નિ, જળ, પક્ષી અને કાંટાઓથી અટકાવવાને અને ઘરનાં કામ કરવાને જ્યારે રોહિણી અને યશોદાની શક્તિ રહી નહીં, ત્યારે તે બન્ને માતાઓ મનની બહુ જ આકુળતાને પામ્યાં.[૨૫] હે પરીક્ષિત રાજા ! પછી થોડો કાળ જતાં બળભદ્ર અને શ્રીકૃષ્ણ ભગવાન ગોકુળમાં પગથી ચાલવા લાગ્યા.[૨૬] પછી બળભદ્ર સહિત શ્રીકૃષ્ણ ભગવાન પોતાના સરખી અવસ્થાના બાળકો સાથે ગોપીઓને આનંદ ઉપજે એવી રીતે ક્રીડા કરવા લાગ્યા.[૨૭] ભગવાનની પ્રિય લાગે એવી બાળઅવસ્થાની ચપળતા જોઈને, સઘળે ઘેરથી ભેળી થયેલી ગોપીઓ યશોદાજીના સાંભળતાં, આ પ્રમાણે રાવ ખાતી હતી.[૨૮] "હે યશોદા ! અમારૂં ચિત્ત ઘરનાં કામકાજમાં બહુ જ લાગેલું હોય છે ત્યારે આ તમારો પુત્ર ક્યારેક દોહવાના સમય વગર પણ અમારાં વાછરડાંઓને છોડી મૂકે છે. અમે વઢીએ છીએ તો હસે છે. ચોરીના ઉપાયો કરીને મીઠા મીઠા પદાર્થ દહીં અને દૂધ ચોરી લઈને ખાઈ જાય છે. એટલું જ નહીં પણ પોતે ખાધા પહેલાં વાંદરાઓને વહેંચી દે છે. તેઓમાં તૃપ્ત હોવાને લીધે કોઈ વાંદરો ન ખાય તો પોતે ઠામ ફોડી નાખે છે. કોઈ સમયે કાંઈ વસ્તુ ન મળે તો અમારી ઉપર ક્રોધ કરી, અમારાં સૂતેલાં બાળકોને રોવરાવીને ભાગી જાય છે. કોઈ વસ્તુ ઉંચી રાખવાને લીધે હાથમાં આવે એમ ન હોય તો પાટલા અને ખાંડણિયા આદિ માંડી, તેના ઉપર ચઢીને પહોંચાય તેવો ઉપાય કરે છે. વાસણ ઉંચાં શીંકાઓમાં રાખેલાં હોય છે તો તેઓમાં રાખેલી વસ્તુ જાણી લઈને તેમાં કાંકું પાડે છે. ઘરમાં અંધારૂં હોય તો પોતાના અંગમાં અનેક મણિ પહેરી આવીને અજવાળું કરે છે.[૨૯-૩૦] અરે ચોર ! એમ કહી અમે બરકીએ છીએ તો સામી ઠેકરી કરે છે કે, હું તો ઘરનો માલિક, તું ચોર છે. અને સારાં સારાં ઘરમાં મળમૂત્ર કરી જાય છે, આમ ચોરીના ઉપાયોનું કામ કરે છે તો પણ તમારી પાસે સારા માણસની પેઠે બેઠેલ છે." આ પ્રમાણે ભય સહિત નેત્રવાળા ભગવાનના શ્રીમુખને જોયા કરતી ગોપીઓએ સઘળી વાતો કહી દેખાડતાં યશોદા હસી પડ્યાં, પણ પુત્રને ઠપકો દેવાની ઈચ્છા ન કરી.[૩૧] એક દિવસે ક્રીડા કરતા બળભદ્ર આદિ છોકરાઓ યશોદા પાસે જઈને કહ્યું કે 'કૃષ્ણે માટી ખાધી'.[૩૨] હિતની ઈચ્છાવાળાં યશોદાએ જેની આંખો ભયથી ચકરવકર થયેલી હતી, એવા શ્રીકૃષ્ણનો હાથ પકડી ઠપકો દઈને કહ્યું કે- "અરે અટકચાળા ! તેં માટી શા માટે ખાધી ? આ તારા મિત્ર બાળકો કહે છે અને તારા મોટોભાઈ પણ કહે છે"[૩૩-૩૪] ભગવાન બોલ્યા "હે મા !" મેં માટી ખાધી નથી. બધાલોકો ખોટું બોલે છે. જો તમને તેનું બોલવું સાચું લાગતું હોય તો પ્રત્યક્ષ રીતે મારૂં મુખ જુઓ." જો એમ હોય તો મુખ ઉઘાડ. એમ યશોદાએ કહેતાં અખંડિત ઐશ્વર્યવાળા અને લીલાથી મનુષ્ય જેવા થયેલા ભગવાને પોતાનું મુખ ઉઘાડ્યું.[૩૫-૩૬] એ મુખમાં યશોદાએ સ્થાવર, જંગમ, જગત, અંતરિક્ષ, દિશાઓ, પર્વતો, દ્વીપો, સમુદ્રો, ભુગોળ, પ્રવહ નામનો વાયુ, વિજળી, ચંદ્ર, તારા, સ્વર્ગલોક, જળ, તેજ, વાયુ, આકાશ, ઈંદ્રિયોના દેવ, ઈંદ્રિયો, મન, શબ્દાદિક પાંચ વિષય, ત્રણ ગુણ, જીવ, કાળ, સ્વભાવ, કર્મના સંસ્કાર અને તેઓથી થતા શરીરના ભેદ એક સામટા દીઠા.[૩૭-૩૮] આ પ્રમાણે પુત્રના નાના મુખમાં સઘળું વિચિત્ર જગત અને તેની સાથે વ્રજ સહિત પોતાના શરીરને પણ જોઈને યશોદાને વિચાર થયો કે- આ તે શું સ્વપ્ન છે ? ના, આ સ્વપ્ન તો નહીં, ત્યારે શું ભગવાનની માયા છે ? ના, તે પણ નહીં. કેમકે માયા હોય તો બીજાઓને દેખાવામાં પણ આવવી જોઈએ. ત્યારે જેમ અરીસામાં મુખ પ્રતિબિંબરૂપે દેખાય છે, તેમ શું આ મારી બુદ્ધિનું જ પ્રતિબિંબ છે ? ના, એમ તો નહીં; કેમકે એમ હોય તો અરીસામાં જેમ આરસી દેખાય નહીં તેમ આ પુત્રના મોઢામાં એજ પુત્ર દેખાવો જોઈએ, અને બહાર તથા અંદર એકરૂપથી જગત દેખાવું જોઈએ. તો શું આ મારા પુત્રનું સ્વાભાવિક કાંઈ ઐશ્વર્ય છે?[૩૯-૪૦] આ છેલ્લો પક્ષ જ મને પ્રબળ લાગે છે, માટે બુદ્ધિ, મન, કર્મ અને વચનથી જેમ છે તેમ ધારી શકાય નહિ, એવું આ જગત જેના થકી ઉત્પન્ન થાય છે, જેના થકી પાલનને પામે છે અને જેમાં લય પામે છે, આવું અતર્ક્ય ભગવાનના સ્વરૂપને હું પ્રણામ કરૂં છું.[૪૧] હું યશોદા છું, આ મારો પતિ છે, આ મારો પુત્ર છે, નંદરાયના સઘળા ધનની ધણીઆણી હું તેની સ્ત્રી છું અને ગોપીઓ, ગોવાળીયા તથા ગાયોનાં ધણ મારાં છે, આવી રીતની કુબુદ્ધિ જેની માયાથી થઈ છે, તે ઈશ્વર મારૂં શરણ છે.[૪૨] આ પ્રમાણે યશોદાને તત્ત્વજ્ઞાન થતાં તે શ્રીકૃષ્ણ પાછી પુત્રના સ્નેહરૂપી માયા વિસ્તારી દીધી.[૪૩] માયાથી તુરત સ્મરણ જતું રહેતાં તે યશોદા પોતાના પુત્રને ખોળામાં બેસાડીને પ્રથમની પેઠે જ વૃદ્ધિ પામેલા સ્નેહથી ઘેરાએલાં હૃદયવાળાં થઈ ગયાં.[૪૪] કર્મકાંડરૂપ ત્રણ વેદ, જે શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને ઈંદ્રાદિકરૂપ કહે છે, ઉપનિષદો બ્રહ્મ કહે છે, સાંખ્ય પુરૂષ કહે છે, યોગ પરમાત્મા કહે છે અને ભક્તલોકો ભગવાન કહે છે, આવા શ્રીકૃષ્ણને યશોદાએ પુત્ર માન્યા.[૪૫]

પરીક્ષિત રાજા પૂછે છે- હે મહારાજ ! નંદરાયે એવું મોટું કયું પુણ્ય કર્યું હતું ? અને ભાગ્યશાળી યશોદા કે જેનું સ્તનપાન પોતે

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ભગવાને કર્યું તેણે પણ કયું પુણ્ય કર્યું હશે?[૪૬] લોકોના પાપને મટાડનારી ભગવાનની બાળલીલા કે જેને કવિઓ અદ્યાપિ સુધી ગાય છે, તે બાળલીલાનો અનુભવ સાચાં મા-બાપને નહીં મળતાં નંદ અને યશોદાને મળ્યો તેનું કારણ શું?[૪૭]

શુકદેવજી કહે છે- આઠ વસુઓમાં ઉત્તમ દ્રોણવસુ અને તેની સ્ત્રી ધરાને બ્રહ્માએ ગાયોનું પાલન કરવા આદિ કામની આજ્ઞા કરતાં તે આજ્ઞાનો સ્વીકાર કરી, તે બન્નેએ માગ્યું કે- અમો સ્ત્રી-પુરૂષ પૃથ્વીમાં જન્મ ધારણ કરીએ ત્યારે જગતનાનાથ ભગવાનમાં અમને પરમ ભક્તિ થવી જોઇએ, કે જેથી અનાયાસે જન્મ મરણના ફેરા મટે છે.[૪૮-૪૯] બ્રહ્માએ તથાસ્તુ કહેતાં, એ મોટી કીર્તિવાળા દ્રોણ વસુ વ્રજમાં નંદરાય થયા અને તેની સ્ત્રી ધરા યશોદા થઇ.[૫૦] જો કે સઘળા ગોવાળિયા અને ગોપીઓને પણ ભગવાનમાં ભક્તિ હતી જ, તોપણ નંદરાય અને યશોદાને પુત્રરૂપ થયેલા ભગવાનમાં બ્રહ્માના વરદાનને લીધે બહુ જ ભક્તિ થઇ હતી.[૫૧] પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને બ્રહ્માની આજ્ઞા સત્ય કરવા સારૂ બળભદ્રની સાથે વ્રજમાં રહીને પોતાની લીલાથી નંદ યશોદાને પ્રીતિ ઉત્પન્ન કરી હતી.[૫૨]

कृष्णो ब्रह्मण आदेशं सत्यं कर्तुं व्रजे विभुः । सहरामो वसंश्चक्रे तेषां प्रीतिं स्वलीलया ॥५२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો અષ્ટમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૯

# ગોળી ફોડવાથી યશોદાએ શ્રીકૃષ્ણને દામડાંથી બાંધ્યા.

॥ श्रीशुकउवाच ॥

एकदा गृहदासीषु यशोदा नंदगेहिनी । कर्मांतरनियुक्तासु निर्ममंथ स्वयं दधि ॥१॥

શુકદેવજી કહે છે- એક દિવસે ઘરની દાસીઓ બીજા કામમાં જોડાઇ જતાં નંદરાયની સ્ત્રી યશોદા પોતે દહીંનું મંથન કરવા લાગ્યાં.[૧] ભગવાનનાં જે જે બાળચરિત્ર અહીં કહ્યાં તે સર્વેનું સ્મરણ કરી છાશ કરવાના સમયમાં યશોદા તે બાળ ચરિત્રનું ગાયન કરતાં હતાં.[૨] એ સમયમાં સુંદર ભ્રુકુટિવાળાં યશોદાએ વિશાળ નિતંબ ઉપર રેશમી ચણીયો પહેર્યો હતો. અને એ ચણીયાને કંદોરાથી બાંધ્યો હતો, પુત્ર ઉપર સ્નેહને લીધે સ્તનમાંથી દૂધ ઝરતું હતું, શરીર હાલતું હતું, નેતરૂં ખેંચવાના પરિશ્રમને લીધે હાથમાં કંકણ અને કાનમાં કુંડળ હાલતાં હતાં. મોઢાપર પસીનો વળ્યો હતો, અને ચોટલામાંથી માલતીનાં ફુલ ખરી પડતાં હતાં.[૩] દહીંનું મંથન કરતાં માતાજીની પાસે ધાવવાની ઇચ્છાથી આવીને પ્રીતિ ઉપજાવતા ભગવાને દહીં વલોવવાનો રવૈયો ઝાલીને તેમને રોક્યાં.[૪] ભગવાનને ખોળામાં બેસાડીને યશોદા સ્નેહને લીધે જેમાંથી દૂધ ઝરતું હતું એવું પોતાનું સ્તન ધવરાવતાં હતાં અને મંદહાસ્યવાળું તેમનું મુખ જોતાં હતાં, તેટલામાં ગરમ કરવા મૂકેલું દૂધ ઉભરાઇ જતાં તેની સંભાળ લેવા સારૂ ભગવાન તૃપ્ત થયા ન હોતા, તોપણ તેમને મૂકીને વેગથી ત્યાં ગયાં.[૫] ભગવાનને તેથી રીસ ચઢી, લાલ હોઠ ફરકવા લાગ્યા, ખોટાં ખોટાં આંસુ આવી ગયાં પછી દાંતવતે હોઠ દબાવીને પથ્થરથી છાસની ગોળી ફોડી નાખી અને પછી ઘરની અંદર જઇને એકાંતમાં માખણ ખાવા લાગ્યા.[૬] બહુ જ ગરમ થયેલા દૂધને ચૂલા ઉપરથી ઉતારી યશોદા પાછાં છાશ કરવાના સ્થાનકમાં આવ્યાં, ત્યાં દહીંની ગોળીને ફુટેલી જોઇ, એટલે તે પોતાના પુત્રનું કામ છે એમ જાણી ભગવાનને ત્યાં નહીં દેખતાં હસી પડ્યાં.[૭] પછી ઉંધાવાળેલા ખાંડણિયા ઉપર બેઠેલા, શીંકાનાં માખણને વાંદરાને ખવરાવતા અને ચોરીને લીધે ચકરવકર જોયા કરતા પુત્રને જોઇને તેને પકડવા સારૂ ધીરે ધીરે પછવાડેથી આવ્યાં.[૮] લાકડી લઇને આવતાં માતાજીને જોઇ, ભગવાન તુરત ખાંડણિયા ઉપરથી ઉતરીને ભય પામેલાની પેઠે ભાગ્યા. યશોદા તેમની પછવાડે દોડ્યાં પણ પહોંચી શક્યાં નહીં, કેમકે, તપથી તદાકાર કરેલું અને પ્રવેશ કરવાને યોગ્ય યોગીઓનું મન પણ તેને પહોંચી શકતું નથી.[૯] વેગને લીધે જશોદાની પછવાડે ચોટલામાંથી ફુલ ખરતાં હતાં અને મોટા તથા હાલતા નિતંબના ભારથી દોડવામાં મુઝાતાં એવાં યશોદાએ માંડ માંડ દોડીને ભગવાનને પકડ્યા.[૧૦] વાંકમાં આવેલા, રોતા, આંજણથી ખરડાયેલી આંખોને બે હાથે ચોળતા, જોયા કરતા અને ભયથી વિવ્હળ નેત્રવાળા એવા શ્રીકૃષ્ણનો હાથ પકડી યશોદાએ તેમને બીવડાવા સારૂ ધમકી આપી.[૧૧] બાળકપર પ્રીતિવાળાં અને ભગવાનની શક્તિને નહીં જાણતાં યશોદાએ પોતાના પુત્રને ભયભીત જાણી, લાકડી મૂકી દઇને તેમને દોરડાંથી બાંધવાની ઇચ્છા કરી.[૧૨] ભગવાન પોતાના ધામમાં રહેલા હોવાથી કેવળ જગતની અંદર નથી. અને કેવળ જગતથી બહાર ધામમાં પણ નથી. સર્વત્ર વ્યાપક હોવાથી આગળ નથી અને પાછળ પણ નથી. અર્થાત્ કોઇ જગ્યા એવી નથી કે જ્યાં ભગવાન ન હોય. અને જે જગતના શરીરિ આત્મા છે, એવા અવ્યક્ત અને મનુષ્યદેહ વાળા ભગવાનને પુત્ર માની, યશોદાએ જેમ પ્રાકૃત બાળકને બાંધે તેમ ખાંડણિયા સાથે દોરડીથી બાંધવા લાગ્યાં.[૧૩-૧૪] વાંકમાં આવેલા તે શ્રીકૃષ્ણને બાંધતાં દોરડું બે આંગળ ઓછું થયું, એટલે યશોદાએ તેની સાથે બીજું દોરડું સાંધ્યું.[૧૫] તે પણ બે આંગળ ઓછું પડતાં તેની સાથે ત્રીજું સાંધ્યું, તો તે પણ બે આંગળ ઓછું થયું. એવી રીતે જેટલાં દોરડાં લીધાં તે સર્વે તેટલાં જ ઓછાં થયાં.[૧૬] ઘરનાં સઘળાં દોરડાં સાંધ્યાં તોપણ ઓછાં થતાં આવ્યાં, તેથી બીજી ગોપીઓ હસવા લાગતાં, હસી પડેલાં યશોદા પોતે પણ વિસ્મય પામી ગયાં.[૧૭] પછી પોતાની માતાને પરિશ્રમથી

www.jayswaminarayan.org www.bhujmandir.org

પસીનો વળી ગયો તે જોઇને કૃપાથી શ્રીકૃષ્ણ ભગવાન દોરડાંથી બંધાયા.[૧૮]

હે પરીક્ષિત રાજા ! જે ભગવાનને લોકપાળ દેવ સહિત આ સઘળું જગત વશ છે, તે ભગવાને પોતે સ્વતંત્ર હોવા છતાં પણ આવી રીતે ભક્તવશપણું દેખાડ્યું.[૧૯] મુક્તિ આપનાર ભગવાન પાસેથી બ્રહ્મા, સદાશિવ અને અંગમાં રહેનારાં લક્ષ્મીજીને પણ કૃપા નથી મળી એમ નથી, પરંતુ યશોદાજીને જે કૃપા મળી તે કૃપા કોઇને મળી નથી.[૨૦] શ્રીકૃષ્ણ ભગવાન જેવા ભક્તિવાળાઓને સહેજ મળે છે તેવા દેહાભિમાની તપસ્વી આદિ લોકોને અને દેહાભિમાન વગરના જ્ઞાની લોકોને પણ સહેજ મળતા નથી.[૨૧] પછી માતા યશોદા ઘરના કામકાજમાં લાગી જતાં બંધાએલા પ્રભુ યમલાર્જુન કે જે પૂર્વજન્મમાં કુબેરજીના પુત્ર યક્ષ હતા તેમને દીઠા.[૨૨] પૂર્વે નળકુબેર અને મણિગ્રીવ એવા નામથી પ્રખ્યાત થયેલા અને મોટી લક્ષ્મીવાળા બે કુબેરજીના પુત્ર હતા, તેઓ લક્ષ્મીના મદને લીધે નારદજીનો શાપ લાગવાથી વૃક્ષપણું પામ્યા હતા.[૨૩]

पुरा नारदशापेन वृक्षतां प्रापितौ मदात् । नलकूबर मणिग्रीवाविति ख्यातौ श्रियान्वितौ ॥२३

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૦

## શ્રીકૃષ્ણ ભગવાને યમલાર્જુનનો કરેલો મોક્ષ.

॥ राजोवाच ॥

कथ्यतां भगवन्नेतत्तयोः शापस्य कारणम् । यत्तद्विगर्हितं कर्म येन वा देवर्षेस्तमः ॥१॥

પરીક્ષિત રાજા પૂછે છે- હે મહારાજ ! એ નળકુબેર અને મણિગ્રીવને નારદજીએ શાપ દીધો તેનું કારણ કહો, એ લોકોએ કયું ભુંડું કામ કર્યું હતું ? અને નારદજીએ પોતે મહાવૈષ્ણવ થઇને કોપ શા માટે કર્યો ?[૧]

શુકદેવજી કહે છે- રૂદ્રનું અનુચરપણું મળવાથી બહુજ ગર્વ પામેલા એ બે કુબેરજીના પુત્રો છકેલા થઇને કૈલાસ પર્વતના સુંદર ઉપવનમાં ગંગાજીને કાંઠે ફરતા હતા. વારૂણી નામની મદિરા પીવાને લીધે તેઓનાં નેત્રો મદથી ઘૂમતાં હતાં અને ફુલવાડીમાં ફરતા હતા, ત્યાં તેઓની પાછળ સ્ત્રીઓ ગાતી આવતી હતી.[૨-૩] કમળોના ઘણા વનવાળા ગંગાજીના પ્રવાહમાં પ્રવેશ કરીને હાથીઓ જેમ ક્રીડા કરે તેમ તેઓ જુવાન સ્ત્રીઓની સાથે ક્રીડા કરતા હતા.[૪] હે રાજા ! ત્યાં દૈવ ઇચ્છાથી દેવર્ષિ નારદજી આવી ચડ્યા, તેઓને જોઇને આ બન્ને મદોન્મત્ત છે એમ જાણી ગયા.[૫] વસ્ત્ર વગરની સ્ત્રીઓએ નારદજીને જોઇને લાજ આવતાં તેમના શાપની બીકથી તુરત વસ્ત્ર પહેર્યાં, પણ નગ્ન ઉભેલા તે બે જણાએ પહેર્યાં નહીં.[૬] મદિરા પીવાથી મદોન્મત્ત બનેલા અને લક્ષ્મીના મદથી અંધ બનેલા એ બે દેવકુમારોને જોઇ તેઓના પર અનુગ્રહ કરવા સારૂ શાપ દેવાનો નિશ્ચય કરીને નારદજી આ પ્રમાણે બોલ્યા.[૭] નારદજી કહે છે- પ્રિય વિષયોને સેવનાર પુરૂષને એક લક્ષ્મીના મદ વિના કુલીનપણાથી કે વિદ્વાનપણાથી ઉત્પન્ન થયેલો બીજો કોઇ પણ પ્રકારનો મદ અથવા રજોગુણનું કાર્ય બુદ્ધિને ભ્રષ્ટ કરનાર નથી, પણ લક્ષ્મીનો મદ જ બુદ્ધિને ભ્રષ્ટ કરનાર છે, કે જે લક્ષ્મીના મદની સાથે સ્ત્રીઓનું, જુગારનું અને મદિરા પીવાનું વ્યસન રહે છે.[૮] આ ક્ષણભંગુર દેહને લક્ષ્મીના મદને લીધે અજર અને અમર માનનાર અજીતેંદ્રિય લોકો નિર્દય થઇને પશુઓને મારે છે.[૯] નરદેવ અને ભૂદેવ કહેવાતો હોય છતાં પણ જે આ દેહ છેલ્લીવારે સડી જાય તો કીડારૂપ, ખવાઇ જાય તો વિષ્ટારૂપ, અને બાળીનાખવામાં આવે તો ભસ્મરૂપ થનાર છે, આવા નાશવંત દેહને રાજી રાખવા સારૂ પ્રાણીઓનો દ્રોહ કરનાર પુરૂષ પોતાના મોક્ષરૂપી સ્વાર્થને શું જાણે છે ? નથી જ જાણતો. કેમકે પ્રાણીઓનો દ્રોહ કરવાથી તો નરક જ મળે છે.[૧૦] વાસ્તવિક રીતે આ દેહ કોનો છે ? અન્નદાતાનો કહીએ તોપણ ખોટું નથી, પિતાનો કહીએ તોપણ ખોટું નથી, માતાનો કહીએ તોપણ ખોટું નથી, કોઇ બળવાન પુરૂષ દાસ કરી લે તો તેનો છે એમ કહેવામાં પણ ખોટું નથી, વેચાતો લેનારનો કહીએ તોપણ ખોટું નથી, છેલ્લીવારે બાળી નાખે છે તેથી અગ્નિનો કહીએ તોપણ ખોટું નથી. અને સમયપર કૂતરાં ખાઇ જાય તેથી કૂતરાંનો કહીએ તોપણ ખોટું ન કહેવાય.[૧૧] આવી રીતે ઘણાનો સહીઆરો દેહ કે જેની ઉત્પત્તિ પ્રકૃતિથી છે અને નાશ પણ પ્રકૃતિમાં જ છે, તેને પોતારૂપ માની કયો વિદ્વાન પ્રાણીઓને મારે ? દેહાભિમાનથી હિંસા કરવી એતો મૂઢનું જ કામ છે.[૧૨] જે મૂઢ પુરૂષ લક્ષ્મીના મદથી આંધળો થયેલો હોય તેને દારિદ્રય જ ઉત્તમ અંજનરૂપ છે. કેમકે દરિદ્રી પુરૂષ બીજા પ્રાણીઓને પોતા સરખા જ ગણે તેથી કોઇનો દ્રોહ કરે નહિ.[૧૩] એકવાર જેના શરીરમાં કાંટો લાગેલો હોય એ કદી પણ ઇચ્છતો નથી કે બીજાને પણ કાંટાની પીડા સહન કરવી પડે. કેમ કે મુખનું કરમાઇ જવું વગેરે ચિહ્નોથી એ સમજે છે કે, સર્વે જીવોને સરખી પીડા થાય છે. પણ જેને કાંટો વાગ્યો જ ન હોય એ કદી પણ પીડાનું અનુમાન કરી શકતો નથી.[૧૪] સર્વ પ્રકારના મદથી મુક્ત અને અહંકાર વગરનો દરિદ્રી પુરૂષ દૈવ ઇચ્છાથી કષ્ટ પામે છે, તો તે કષ્ટ જ તેને મોટા તપરૂપ થાય છે.[૧૫] ભૂખથી દુબળા થયેલા અને અન્નને ઇચ્છતા દરિદ્રી પુરૂષની ઇંદ્રિયો નિર્બળ થઇ જાય છે અને તેની પછવાડે હિંસા પણ બંધ પડે છે.[૧૬] સમદૃષ્ટિવાળા સાધુપુરૂષોનો સમાગમ પણ દરિદ્રીને જ થાય છે અને તેઓના સંગના પ્રભાવથી તેની તૃષ્ણા મટી જતાં તે તુરત જ શુદ્ધ થાય છે.[૧૭] સમદૃષ્ટિવાળા અને ભગવાનના ચરણને ઇચ્છનારા

www.jayswaminarayan.org
www.bhujmandir.org

સાધુ પુરૂષોને દરિદ્રીજ વહાલા હોય છે, કેમકે ધનના અભિમાનને લીધે ખોટાં કાર્યમાં લાગી રહેલા નીચ લોકોને સાધુપુરૂષો ઉપેક્ષા કરવા યોગ્ય જ માને છે, તેથી તે સાધુઓને અભિમાની પુરૂષોનું કશું પ્રયોજન હોતું નથી.[૧૮] એટલા જ માટે આ બન્ને જણા વારૂણી મદિરા પીવાથી મદોન્મત્ત, લક્ષ્મીના મદથી આંધળા, સ્ત્રીલંપટ અને અજીતેન્દ્રિય છે, તેઓના અજ્ઞાને કરેલા મદને હું હરીશ.[૧૯] અજ્ઞાનથી વ્યાપ્ત અને મદોન્મત્ત આ બે જણા લોકપાળના પુત્ર થઈને પોતાના શરીરને નગ્ન જાણતા નથી, તેથી સ્થાવરપણાને યોગ્ય છે, તેપ્રમાણે થવાથી ફરીવાર આવું કામ ન કરે. મારી કૃપાથી તે સ્થાવરપણાના અવતારમાં પણ પૂર્વ જન્મનું સ્મરણ રહેશે અને દેવતાઓનાં સો વર્ષ પૂરાં થયા પછી ભગવાનનું દર્શન પામીને પાછા દેવ થશે. દેવપણામાં પણ મારા અનુગ્રહથી તેઓને ભક્તિ પ્રાપ્ત થશે.[૨૦-૨૨]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે કહીને તે નારદજી નારાયણના આશ્રમમાં ગયા. અને નળકુબેર તથા મણિગ્રીવ યમલાર્જુન થયા.[૨૩] વૈષ્ણવોમાં ઉત્તમ નારદજીનું વચન સાચું કરવા સારૂ એ યમલાર્જુન જ્યાં છે, ત્યાં ભગવાન ધીરે ધીરે પધાર્યા.[૨૪] નારદજી મને બહુજ વ્હાલા છે, માટે એ મહાત્મા નારદજીએ આ બન્ને કુબેરજીના પુત્ર વિષે જે કહ્યું છે, તે હું તે પ્રમાણે જ સાચું કરીશ. એવા વિચારથી શ્રીકૃષ્ણ ભગવાન તે બે યમલાર્જુનના મધ્યમાંથી પ્રવેશ્યા. પોતાના પ્રવેશ માત્રથી ખાંડણીયો આડો થઈ ગયો. પછી જેમના ઉદરમાં દોરડું બાંધેલું છે એવા તે બાળક શ્રીકૃષ્ણે ખાંડણીયાને જોરથી ખેંચ્યો, કે તરત જ એ વૃક્ષનાં મૂળ ઉખડી ગયાં. અને શ્રીકૃષ્ણ ભગવાનના અત્યંત પરાક્રમને લીધે થળ, શાખા અને પાંદડાં કંપવા લાગ્યાં, ભારે ભયંકર કડાકો થયો અને તરત જ એ બે ઝાડ ધરતી પર પડ્યાં.[૨૫-૨૭] એ બે ઝાડમાંથી જેમ મૂર્તિમાન અગ્નિ નીકળે તેમ બે દેવપુરુષો નીકળ્યા, મદ રહિત થયેલા અને જેની કાંતિથી દિશાઓ શોભી રહી હતી. એવા એ બન્ને હાથ જોડી, શ્રીકૃષ્ણ ભગવાનની પાસે આવી, પ્રણામ કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.[૨૮]

નળકુબેર અને મણિગ્રીવ ભગવાનની સ્તુતિ કરે છે- હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મોટા યોગી ! તમે સર્વના આદિ પરમ પુરૂષ છો. સ્થૂળ સૂક્ષ્મરૂપ આ સઘળું જગત તમારૂં શરીર છે એમ બ્રહ્મવેત્તાઓ જાણે છે.[૨૯] સર્વ પ્રાણીઓના દેહ, પ્રાણ, અહંકાર અને ઇન્દ્રિયોના નિયંતા તમે એક છો. અવિનાશી અને ઈશ્વર વિષ્ણુ તમે છો. તેથી જે કાળ છે તે તમારી લીલા છે.[30] મહતત્ત્વરૂપ તમે છો, રજ, સત્વ અને તમોગુણમય સાક્ષાત્ પ્રકૃતિ એ તમારૂં શરીર છે, સર્વના અધ્યક્ષ અને શરીરોના વિકારોને જાણનારા પુરૂષ તમે છો.[૩૧] ઇંદ્રિયોથી ગ્રહણ કરવામાં આવતા પ્રકૃતિના પદાર્થોથી તમારૂં ગ્રહણ થતું નથી. આ જગતની ઉત્પત્તિ પહેલાં જ સ્વતઃસિદ્ધપણાથી રહેલા આપને દેહાદિકથી વીંટાએલો કોણ જાણી શકે ?[૩૨] વાસુદેવ, સર્વના કર્તા અને પોતે પ્રકાશ કરેલા ગુણોથી જેનું સ્વરૂપ ઢંકાઈ રહ્યું છે, એવા પરબ્રહ્મને નમસ્કાર કરીએ છીએ.[33] જે આપ સર્વ શરીરોમાં રહેલા છો, છતાં શરીરના સંબંધથી રહિત છો. તમારા અવતારો, બીજા પ્રાણીઓથી ન થઈ શકે એવાં અને જેમના પરાક્રમની સમાન બીજા પરાક્રમો ન હોય તથા અધિક પણ ન હોય, એવા પરાક્રમો ઉપરથી જાણવામાં આવે છે.[૩૪] સર્વલોકોને કલ્યાણ અને મોક્ષ આપવા માટે, સર્વ સુખોના અધિપતિ આપ હમણાં બળરામની સાથે અવતર્યા છો.[૩૫] હે પરમકલ્યાણ રૂપ ! હે પરમ મંગળરૂપ ! વાસુદેવ, શાંત અને યાદવોના પતિ એવા તમોને વારંવાર પ્રણામ કરીએ છીએ.[૩૬] હે પ્રભુ ! અમે તમારા દાસાનુદાસ છીએ, અમને આજ્ઞા કરો. અમોને નારદજીના અનુગ્રહથી આપનું દર્શન થયું છે.[૩૭]

वाणी गुणानुकथने श्रवणौ कथायां हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः ।
स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम् ॥

અમારી વાણી આપના ગુણના વર્ણનમાં તત્પર રહે, કાન આપની કથા સાંભળવામાં, હાથ આપની સેવા કરવામાં, મન આપના ચરણના સ્મરણમાં, મસ્તક આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામાં અને દૃષ્ટિ આપના શરીરરૂપ સત્પુરૂષોનાં દર્શનમાં તત્પર રહે.[૩૮] શુકદેવજી કહે છે- દોરડાંથી ખાંડણિયામાં બંધાયેલા ગોકુલેશ્વર ભગવાને આ પ્રમાણે તેઓની સ્તુતિ સાંભળી, હસીને ભગવાન તેઓને કહેવા લાગ્યા કે- તમે લક્ષ્મીના મદથી અંધ થયા હતા તેથી દયાળુ નારદજીએ પોતાની વાણીથી લક્ષ્મીનો મદ ટાળી નાખવારૂપ અનુગ્રહ કર્યો હતો, એ પ્રથમથી જ મારા જાણવામાં હતું.[૩૯-૪૦] સૂર્યના દર્શનથી જેમ નેત્રને બંધન રહે નહિ, તેમ સ્વધર્મમાં વર્તનાર, બ્રહ્મવેત્તા અને તેઓમાં પણ વળી મારામાં ચિત્તનું અર્પણ કરનાર મહાત્માઓના દર્શનથી, પુરૂષને બંધન રહે જ નહીં.[૪૧] તો હવે હે નળકુબેર ! તમે મારા પરાયણ થઈને તમારે ઠેકાણે જાઓ. તમને સંસારનું બંધન મટાળનારો એવો મારામાં પ્રેમ થયો છે.[૪૨]

શુકદેવજી કહે છે- ખાંડણિયાથી બંધાએલા ભગવાને આ પ્રમાણે કહ્યું, એટલે તે નળકુબેર અને મણિગ્રીવ, ભગવાનને પ્રદક્ષિણા કરી, વારંવાર પ્રણામ કરી, આજ્ઞા માગીને ઉત્તર દિશામાં ગયા.[૪૩]

इत्युक्तौ तौ परिक्रम्य प्रणम्य च पुनः पुनः । बद्धोलूखलमामंत्र्य जग्मतुर्दिशमुत्तराम् ॥४३॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો દશમો અધ્યાય સંપૂર્ણ.**

www.jayswaminarayan.org www.bhujmandir.org

## અધ્યાય ૧૧

## શ્રીકૃષ્ણ ભગવાને વત્સાસુર તથા બકાસુરનો મોક્ષ કર્યો.

॥ श्री शुक उवाच ॥

गोपा नंदादयः श्रुत्वा द्रुमयोः पततो रवम् । तत्राजग्मुः कुरुश्रेष्ठ निर्घातभयशंकिताः ॥१॥

શુકદેવજી કહે છે- હે રાજા ! ઝાડ પડવાનો શબ્દ સાંભળીને વજ્રપાતના ભયથી ભયભીત થયેલા નંદાદિક ગોવાળિયાઓ ત્યાં આવ્યા.[૧] ધરતી પર પડેલાં યમલાર્જુનને જોઇને તેઓને પડવાનું કારણ પ્રત્યક્ષ છતાં પણ તેને નહીં જાણીને ભમી ગયા.[૨] દોરડાંથી બંધાએલા બાળકને ખાંડણિયો ખેંચતા દીઠા તોપણ આ કોણે કર્યું ? શાથી થયું ? આશ્ચર્ય થયું ! ઉત્પાત થયો એમ ભય પામીને ભમવા લાગ્યા.[૩] છોકરાઓએ કહ્યું કે- આ કૃષ્ણ વચમાં આવી જતાં તેણે આડું થયેલું ખાંડણિયું ખેંચીને ઝાડ પાડી નાખ્યાં અને તે ઝાડમાંથી બે પુરૂષ નીકળ્યા તેઓને પણ અમે દીઠા.[૪] ગોવાળિયાઓમાં કેટલાએક તો આ બાળક ઝાડ ઉખેડી નાખે એ સંભવે જ નહીં, એમ ગણીને તે છોકરાઓનું કહેવું માન્યું નહીં અને મનમાં સંદેહ થયો.[૫] દોરડાંથી બંધાએલા અને ખાંડણિયાને ઘસડતા પોતાના પુત્રને જોઇને નંદરાયે હસતે મોઢે તેમને છોડ્યા.[૬] ગોપીઓના ફોસલાવવાથી કોઇક સમયે બાળકની પેઠે અને અણસમજુની પેઠે ભગવાન નાચતા હતા, કોઇ સમયે ગાતા અને કોઇ સમયે લાકડાના યંત્રની પેઠે તેઓના સ્વાધીનમાં જ રહેતા હતા.[૭] કોઇ સમયે ગોપીઓએ આજ્ઞા કરવાથી પાટલા, પાલી, પવાલાં અને ચાખડી ઉપાડતા હતા, તેમજ પોતાના ભક્ત વ્રજજનોને રાજી કરવા સારૂ હાથ હલાવતા હતા.[૮] ભગવાનનું માહાત્મ્ય જાણનારા પુરૂષોને હું ભક્તવશ છું , એમ દેખાડતા ભગવાન પોતાની બાલચેષ્ટાઓથી વ્રજને આનંદ આપતા હતા.[૯] નંદરાય આદિ વૃદ્ધ ગોવાળિયા ગોકુળમાં મોટા ઉત્પાત થતા જોઇ, ભેળા થઇને વ્રજના હિતનો વિચાર કરવા લાગ્યા.[૧૦] તેઓમાં ઉપનંદ નામનો એક ગોવાળ, કે જે દેશકાળના તત્ત્વને જાણનારો, જ્ઞાન તથા અવસ્થાથી મોટો અને બળભદ્ર તથા શ્રીકૃષ્ણનું પ્રિય કરનારો હતો, તે બોલ્યો કે- આપણને ગોકુળનું હિત કરવાની ઇચ્છા હોય તો અહીંથી ચાલ્યા જવું જોઇએ, કેમકે બાળકોનો નાશ કરે એવા મોટા ઉત્પાતો અહીં આવે છે.[૧૧-૧૨] બાળકોને મારનારી રાક્ષસીના હાથથી આ બાળક દૈવ ઇચ્છાથી બચ્યો છે. વળી ગાડું માથે ન પડ્યું એ પણ ભગવાનના અનુગ્રહથી જ.[૧૩] એક દૈત્ય વંટોળિયાનારૂપથી આ શ્રીકૃષ્ણને નિરાધાર આકાશમાં લઇ ગયો હતો અને પાછો શિલા ઉપર પડ્યો, ત્યાં પણ આ કૃષ્ણની મોટા દેવતાઓએ રક્ષા કરી છે.[૧૪] ઝાડની વચમાં આવી જતાં પણ આ અથવા બીજો કોઇ બાળક મરણ પામ્યો નહીં, એ પણ ભગવાને જ રક્ષા કરી છે.[૧૫] માટે હવે બીજો કોઇ ઉત્પાતી અનર્થ વ્રજમાં આવે એ પહેલાં બાળકોને લઇને પરિવાર સહિત આપણે બીજે ઠેકાણે ચાલ્યા જવું જોઇએ.[૧૬] વૃન્દાવન નામનું વન પશુઓને અનુકુળ અને ગોવાળિયા ગોપીઓ તથા ગાયોએ સેવવા જેવું છે. એમાં પર્વત, ખડ અને લતાઓ પણ સારાં છે, તેથી એ વૃન્દાવનમાં આજે જ જવું જોઇએ. માટે તમારી સૌની રૂચિ હોય તો તરત ગાડાં જોડો અને ગાયોના ધણને આગળ ચાલતાં કરો.[૧૭-૧૮] આ વાત સાંભળી એકમત થયેલા ગોવાળિયાઓ સારૂં થયું, એમ બોલી પોતપોતાનાં ગાડાં જોડી તથા તેઓ પર સરસામાન ચઢાવી ચાલ્યા.[૧૯] વૃદ્ધ, બાળકો અને સ્ત્રીઓને ગાડાંમાં બેસાડી તથા સર્વે સરસામાનને ગાડાંઓમાં ભરી સાવધાન અને ધનુષ જેમણે હાથમાં લીધાં હતાં, એવા ગોવાળો ગાયોના ધણને આગળ કરી, ચારેકોર શીંગડીઓ વગાડતા અને તુરીના શબ્દ કરતા કરતા વૃન્દાવનમાં ગયા.[૨૦-૨૧] ગાડાંઓમાં બેઠેલી, સ્તન ઉપર લગાવેલાં નવાં કેસરથી શોભતી, સારાં વસ્ત્રવાળી અને જેઓએ ગળામાં પદક નામના આભૂષણો પહેર્યાં હતાં, એવી ગોપીઓ આનંદથી ભગવાનની લીલાઓનું ગાયન કરતી હતી.[૨૨] ભગવાન અને બળભદ્રની સાથે એક ગાડાંમાં બેઠેલી અને પુત્રની વાતો સાંભળવામાં તત્પર રહેલી યશોદા અને રોહિણી પોતાના પુત્રોને લીધે શોભતી હતી.[૨૩] જે વૃન્દાવન સર્વકાળમાં સુખદાયી છે, તેમાં પ્રવેશ કરીને ત્યાં ગાડાંઓ વતે અરધા ચંદ્રમાના જેવો વ્રજનો આવાસ કર્યો.[૨૪] હે રાજા ! વૃંદાવન, ગોવર્ધન અને યમુનાજીના કાંઠાઓ જોઇને બળભદ્ર અને શ્રીકૃષ્ણને બહુ જ આનંદ થયો.[૨૫] આ પ્રમાણે બાળલીલાથી અને મનોહર વાક્યોથી વ્રજવાસીઓને પ્રીતિ ઉપજાવતા બળભદ્ર અને શ્રીકૃષ્ણ યોગ્ય કાળે વાછરડાંઓને ચરાવતા થયા.[૨૬] રમતનાં અનેક સાધનો રાખતા એ બાળકો બીજા બાળકોની સાથે વ્રજથી થોડેક છેટે વાછરડાં ચારવા લાગ્યા.[૨૭] કોઇ સમયે વેણું વગાડતા હતા, કોઇ સમયે બીલાં અને આમળાં આદિ પદાર્થોને ફેંકતા હતા. કોઇ સમયે ઘુઘરીઓવાળા પગથી પ્રહાર કરતા હતા અને કોઇ સમયે છોકરાઓજ ધાબળા ઓઢીને બળદ થતા હતા, આ રીતે રમતા હતા.[૨૮] કોઇ સમયે બલરામ અને શ્રીકૃષ્ણ પણ બળદ જેવા થઇ નાદ કરતાં કરતાં સામસામા વઢતા હતા. કોઇ સમયે હંસ અને મયુરાદિક પ્રાણીઓના શબ્દથી ચાળા પાડીને પ્રાકૃત બાળકની પેઠે ફરતા હતા.[૨૯] એક સમયે એ શ્રીકૃષ્ણ અને બળભદ્ર પોતાના મિત્રોની સાથે યમુનાજીને કાંઠે વાછરડાં ચારતા હતા, ત્યાં તેઓને મારવા સારુ દૈત્ય આવ્યો.[૩૦] વાછરડાનું રૂપ ધારણ કરીને વાછરડાંના ટોળામાં મળી ગયેલા તે દૈત્યને જોઇ, બળભદ્રને દેખાડતા ભગવાન અજ્ઞાનીની પેઠે ધીરે ધીરે તેની પાસે આવ્યા.[૩૧] ભગવાને એનાં પૂછડાંની સાથે પાછલા પગ પકડી, ફેરવી ફેરવીને પ્રાણ કાઢી નાખવા તેને કોઠના ઝાડમાં પછાડ્યો, તેથી કોઠ પડવા લાગ્યાં અને તેઓની સાથે મોટી કાયાવાળો એ દૈત્ય

www.jayswaminarayan.org

www.bhujmandir.org

પણ પડ્યો.[૩૨] એ દૈત્યને જોઇ વિસ્મય પામેલા બાળકો "વાહ વાહ" કહેવા લાગ્યાં અને બહુ જ રાજી થયેલા દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.[૩૩] સર્વલોકોના મુખ્ય પાલક એ બે ભાઇઓ વાછરડાંઓના પાલક થઇને, પ્રાતઃકાળનું જમણ સાથે લઇ, વાછરડાંઓને ચારતા ચારતા ફરતા હતા.[૩૪] એક દિવસે સર્વે લોકો પોતપોતાનાં વાછરડાંનાં ટોળાંને પાણી પાવા સારૂ જળાશયની પાસે ગયા અને ત્યાં વાછરડાંઓને પાણી પાઇને પોતે પાણી પીતા હતા.[૩૫] એ બાળકોએ તે સ્થળમાં વજ્રથી ભેદાઇને જાણે પર્વતનું શિખર પડેલું હોય, એવું એક મોટું પ્રાણી દીઠું.[૩૬] એ મોટો બગલાનારૂપને ધારણ કરનારો બકાસુર હતો. તીખી ચાંચવાળો એ બળવાન બકાસુર આવીને તરત ભગવાનને ગળી ગયો.[૩૭] શ્રીકૃષ્ણને મોટા બગલાએ ગળેલા જોઇને બળભદ્રાદિક બાળકો પ્રાણ વિના ઇંદ્રિયોની પેઠે જડ થઇ ગયા.[૩૮] નંદરાયના પુત્ર કે જે બ્રહ્માના પણ પિતા છે, એવા શ્રીકૃષ્ણે અગ્નિની પેઠે બકાસુરનું તાળવું બાળવા માંડ્યું, તેથી બકાસુરે તેમને ઓકી કાઢ્યા, પણ પાછો બહુ ક્રોધને લીધે બકાસુર તેમને ચાંચથી મારવા આવ્યો.[૩૯] સત્પુરૂષોના પતિ અને દેવતાઓને આનંદ આપનાર ભગવાને ચાંચથી મારવા આવતા કંસના મિત્ર બકાસુરને તેની ચાંચના બે ભાગોમાં પકડી, બીજા બાળકોના દેખતાં જ લીલામાત્રથી ઘાસની સડીની પેઠે ચીરી નાખ્યો.[૪૦] એ સમયમાં સ્વર્ગના રહેવાસી દેવતાઓ બકાસુરને મારનાર ભગવાનને નંદનવનનાં મલ્લિકા આદિનાં પુષ્પોથી વધાવવા લાગ્યા, અને દુંદુભિ, શંખનાદ તથા સ્તોત્રોથી સ્તુતિ કરવા લાગ્યા, કે જે જોઇને ગોવાળ બાળકો વિસ્મય પામી ગયા.[૪૧] ઇંદ્રિયો પ્રાણને પામીને જેમ સુખ પામે, તેમ બકાસુરના મોઢામાંથી મૂકાએલા ભગવાનને પામી, સુખ પામેલા બળભદ્રાદિ બાળકોએ ઠેકાણે આવેલા તે ભગવાનનું આલિંગન કર્યું અને પછી વાછરડાંઓને એકઠાં કરી વ્રજમાં આવીને તે વાત સૌની પાસે કરી દેખાડી. [૪૨] એ વાત સાંભળી વિસ્મય પામેલા અને બહુજ પ્રીતિથી આદરયુક્ત થયેલા ગોવાળિયા અને ગોપીઓ પરલોકથી આવેલાને જેમ જુએ તેમ, તૃષ્ણા ભરેલી આંખોથી જોવા લાગ્યાં અને બોલવા લાગ્યાં કે- અહો ! આ બાળકને માથે ઘણી ઘણી ઘાતો આવી પણ જેઓ ઘાત કરવા આવ્યા તેઓનું જ ભૂંડું થયું; કેમકે એ લોકોએ બીજાઓને ભય ઉત્પન્ન કરેલ હશે.[૪૩-૪૪] એ લોકો ભયંકર હોવા છતાં પણ આ બાળકનો પરાભવ કરી શકતા નથી. મારવાની ઇચ્છાથી આની પાસે આવીને પતંગીઆં જેમ અગ્નિમાં પડીને નાશ પામે તેમ નાશ પામી જાય છે.[૪૫] અહો ! વેદ જાણનારાઓનાં વચન કદી પણ ખોટાં પડે નહીં. મહાત્મા ગર્ગાચાર્ય જેવું કહી ગયા હતા તેવું જ દેખવામાં આવ્યું.[૪૬] આવી રીતે આનંદથી શ્રીકૃષ્ણ તથા બળભદ્રની વાતો કરતા અને આનંદ પામતા નંદાદિક ગોવાળિયાઓને સંસારની વેદના જાણવામાં પણ આવતી ન હતી.[૪૭] આ પ્રમાણે જ છુપી જવું, સડક બાંધવી અને વાંદરાની પેઠે કુંદવું ઇત્યાદિક કુમાર અવસ્થાની રમતોથી એ બન્ને ભાઇઓએ વ્રજમાં કુમાર અવસ્થા વ્યતીત કરી.[૪૮]

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे । निलायनैः सेतुबन्धैर्मर्कटोत्पल्वनादिभिः ॥४८॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો અગીયારમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૨

## શ્રીકૃષ્ણ ભગવાને અઘાસુરનો કરેલો વધ.

॥ શ્રી शुक उवाच ॥

क्वचिद्वनाशाय मनोदधद्व्रजात्प्रातः समुत्थाय वयस्यवत्सपान् ।
प्रबोधयन् श्रृंगरवेण चारुणा विनिर्गतो वत्सपुरस्सरो हरिः ॥१॥

શુકદેવજી કહે છે- કોઇ દિવસે વનમાં જ જમવાના વિચારથી પ્રાતઃકાળમાં ઉઠી સુંદર શીંગડીના શબ્દથી પોતાના મિત્ર ગોવાળિયાઓને જગાડીને, વાછરડાંનું ટોળું આગળ કરી ભગવાન વ્રજમાંથી નીકળ્યા.[૧] સ્નેહી અને સારાં સારાં શીંકાં, છડીઓ, શીંગડી તથા વેણુઓને ધરનારા હજારો બાળકો અને હજારો પોતપોતાનાં વાછરડાંઓને આગળ કરી પ્રીતિથી ભગવાનની સાથે જ નીકળ્યા.[૨] શ્રીકૃષ્ણનાં અસંખ્યાત વાછરડાંની સાથે પોતાનાં વાછરડાંઓને ભેગાં કરી, તેઓને ચારતા એ બાળકો સ્થળે સ્થળે વિહાર કરતા હતા.[૩] કાચ, ચણોઠી, મણિ અને સુવર્ણથી શણગારેલા હતા. તોપણ ફળ, પાંદડાં, ગુચ્છ, ફુલ, મોરપીંછ અને ધાતુઓથી એ બાળકો પોત પોતાનાં શરીરને શણગારતા હતા.[૪] એક બીજાનાં શીંકાં આદિ પદાર્થોને ચોરતા હતા; અને જ્યારે વસ્તુના માલિકને ખબર પડે ત્યારે લેનારો તે વસ્તુને બીજાની પાસે ફેંકી દેતો હતો, બીજો ત્રીજાની પાસે, ત્રીજો ચોથાની પાસે ફેંકી દેતો હતો. અને પછી હસતાં હસતાં તે વસ્તુ તેના માલિકને પાછી આપી દેતા હતા.[૫] વનની શોભા જોવા સારૂ ભગવાન દૂર ગયા હોય તો તેમને "હું પહેલાં સ્પર્શ કરીશ, હું પહેલાં સ્પર્શ કરીશ" એમ બોલી તેની તરફ દોડ લગાવતા હતા. અને શ્રીકૃષ્ણનો સ્પર્શ કરીને આનંદ મગ્ન થઇ જતા હતા, કોઇ વેણુ વગાડતા હતા, કોઇ ભ્રમરોની સાથે ગાતા હતા, અને કોઇ કોયલની સાથે ટૌંકાર કરતા હતા.[૬-૭] પક્ષીઓના ઓછાયાની સાથે દોડતા, હંસોના ચાલની નકલ કરીને હંસોની સાથે સુંદર ગતિથી ચાલતા, બગલાઓની સાથે આંખો મીંચીને બેસતા, મોરની સાથે નાચતા, કેટલાક તો વૃક્ષોની શાખાઓ નીચે લટકતી વાંદરાની પૂછડીઓને ખેંચતા, પૂછડાં નહી મૂકતાં

www.jayswaminarayan.org www.bhujmandir.org

વાંદરાઓની સાથે ઝાડપર ચઢી જતા, વાંદરાઓની સાથે મોઢાં મરડતા, વૃક્ષોમાં ઠેકતા, દેડકાંઓની સાથે ઠેકડા દેતા, નદી તથા ઝરણાઓમાં નહાતા, પોતાના પડછાયાની હાંસી કરતા અને પડઘાઓને ગાળો દેતા હતા.[૯-૧૦] બ્રહ્માનંદના અનુભવથી પરમાત્માના દાસભાવને પામેલા એકાન્તિક સાધુ પુરુષોને સાક્ષાત્ પરબ્રહ્મરૂપે જણાતા, અને માયાથી મોહિત થયેલાઓને કેવળ બાળમનુષ્યરૂપે જણાતા, એવા શ્રીકૃષ્ણ ભગવાનની સાથે પૂણ્યશાળી એવા ગોવાળિયાઓ વિહાર કરતા હતા.[૧૧] ઘણા જન્મોમાં કષ્ટ વેઠીવેઠીને મનને વશ કરનારા યોગીઓને પણ જેના ચરણની રજ મળતી નથી, તે જ પોતે ભગવાન પ્રત્યક્ષરૂપથી વ્રજવાસીઓની પાસે રહ્યા, માટે તેઓના ભાગ્યનું શું વર્ણન કરવું ?[૧૨] પછી ગોવાળો અને શ્રીકૃષ્ણ ભગવાનની સુખપૂર્વક ક્રીડાઓને નહીં સહન કરી શકતો એવો મોટો અઘાસુર આવ્યો, કે જે અઘાસુરના મૃત્યુની વાટ અમૃત પીનાર છતાં પણ પોતાના જીવિતને ઈચ્છનારા દેવતાઓ પણ જોતા હતા.[૧૩] કંસે મોકલેલા તથા પૂતના અને બકાસુરના નાનાભાઈ અઘાસુરે શ્રીકૃષ્ણાદિક બાળકોને જોઈને વિચાર કર્યો કે- આ કૃષ્ણ મારા બે સહોદરનો નાશ કરનાર છે, માટે તેના બદલામાં આ કૃષ્ણને તેના સૈન્યની સાથે હું મારીશ.[૧૪] આ છોકરાઓ જ્યારે મારા સહોદરોને તિલ અને જળરૂપ કરવામાં આવશે. અર્થાત્ શ્રીકૃષ્ણની સાથે આ બાળકોને મારીશ ત્યારે જ ભાઈ બહેનને અંજલી આપી ગણાશે અને ગોપબાળોનું મૃત્યુ થતાં વ્રજવાસીઓ મૃતપ્રાય બની જશે. સંતાનો એ જ પ્રાણીઓના પ્રાણ હોય છે. તેથી સંતાનોનું મૃત્યુ થતાં સર્વે વ્રજવાસીઓ પોતાની મેળે જ મૃત્યુ પામી જશે.[૧૫] આવો નિશ્ચય કરી, એ ખળ અઘાસુર સૌને ગળી જવાની આશાથી અજગરનું મોટું અદ્‌ભુતરૂપ ધરીને માર્ગમાં સૂતો. એ અજગર એક યોજન લાંબો હતો, મોટા પર્વત જેવો જાડો હતો, ગુફા જેવું મોઢું ફાડ્યું હતું, નીચલો હોઠ ધરતી પર હતો, ઉપલોહોઠ વાદળાંઓને અડી રહ્યો હતો, ગલોફાં ગુફા જેવાં હતાં, દાઢો પર્વતના શિખરો જેવી હતી, મોઢાની અંદરનો ભાગ અંધારા જેવો હતો, જીભ લાંબી સડક જેવી હતી, શ્વાસ કઠોર પવન જેવો હતો અને આંખો દાવાનળ જેવી હતી.[૧૬-૧૭] આવા અજગરને જોઈ, તેને ભૂલથી વૃન્દાવનની શોભા માનીને સઘળા બાળકો રમતાં રમતાં અજગર સર્પના ફાડેલા મોઢાની ઉત્પ્રેક્ષા કરવા લાગ્યાં કે- ‘અહો ! મિત્રો ! આ આપણી સામે જે દેખાય છે તે કોઈ પ્રાણી જેવું દેખાય છે કે નહીં ? અને તેમાં આપણને ગળી જવા સારૂં ફાડેલા અજગરના મોઢાં જેવું લાગે છે કે નહીં ? તે કહો.[૧૮-૧૯] સાચેસાચ સૂરજના કિરણોથી રાતું વાદળું ઉપલા હોઠ જેવું લાગે છે તે જુઓ. તે વાદળાંની છાયાથી રાતો જણાતો આ કાંઠો નીચલા હોઠ જેવો લાગે છે. આ ડાબી અને જમણી પર્વતની બે ગુફાઓ ગલોફાં જેવી લાગે છે. આ ઉંચા શીખરની પંક્તિઓ અજગરની દાઢો જેવી જણાય છે.[૨૦-૨૧] આ લાંબો અને પહોળો માર્ગ જીભ જેવો જણાય છે. અંદરનું આ અંધારૂં અજગરના મોઢાના મધ્યભાગ જેવું જણાય છે.[૨૨] દાવાનળથી ગરમ આ કઠોર વાયુ શ્વાસ સરખો જણાય છે, દાવાનળથી બળી ગયેલાં પ્રાણીઓનો આ દુર્ગંધ અજગરે ખાધેલાં માંસના ગંધ જેવો જણાય છે.[૨૩] આમાં આપણે પેસીશું તો શું આપણને પણ ગળી જશે ? અને જો ગળી જશે તો બગલાની પેઠે આ કૃષ્ણના હાથથી તુરત નાશ પામશે. એમ બોલતા અને ભગવાનના સુંદર મુખની સામું જોતા એ બાળકો તાળીઓ પાડતા પાડતા ગયા.[૨૪] એને રાક્ષસ જાણતા અને સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા ભગવાને આ પ્રમાણે અજાણ્યા બાળકોની પરસ્પર ભૂલથી થતી વાત સાંભળી, સાચાનું ખોટું ઠરે છે એમ વિચારી તે મિત્રોને અટકાવવાનું મન કર્યું, તેટલામાં તો તે વાછરડાં સહિત બાળકો અઘાસુરના પેટની અંદર પ્રવેશી ગયાં. તેઓ પેટની અંદર આવ્યા તો પણ, પોતાના બે સહોદરના મરણને સંભારતો અઘાસુર ભગવાનના પ્રવેશની વાટ જોતો હતો, તેથી તેણે એ વાછરડાં સહિત બાળકોને પચાવી દીધા નહીં.[૨૫-૨૬] સર્વને અભય આપનાર ભગવાન પોતાના હાથમાંથી નીકળી ગયેલાં અને જેઓનો બીજો કોઈ આશ્રય નથી એવાં દીન પ્રાણીઓને અઘાસુરના જઠરાગ્નિમાં ઘાસ થવાના જાણી, દયાથી યુક્ત થઈને અને દૈવના કર્તવ્યથી વિસ્મય પામીને વિચાર કરવા લાગ્યા કે- હવે અહીં શું કરવું ? આ દુષ્ટ અઘાસુર જીવે નહીં અને આ ભલા પ્રાણીઓ મરે નહીં એ બે વાત શી રીતે થાય ? એમ વિચાર કરી અને પછી તેના ઉપાયનો નિશ્ચય કરી, સર્વજ્ઞ ભગવાન અઘાસુરના મોઢામાં પેઠા.[૨૭-૨૮] એ સમયમાં વાદળાં આડા ઉભેલા દેવતાઓ ભયથી હાહાકાર કરવા લાગ્યા અને અઘાસુરના સંબંધી કંસાદિક રાક્ષસો રાજી થયા.[૨૯] એ હાહાકાર સાંભળી અવિનાશી શ્રીકૃષ્ણ ભગવાન જે અઘાસુર બાળકો સહિત વાછરડાંને ચુર્ણ કરવા ઈચ્છતો હતો. તેના ગળામાં તરત વૃદ્ધિ પામ્યા.[30] એમ થવાથી ગળું રોકાઈ જતાં આમ તેમ તરફડિયાં મારતા અને જેની આંખો ફાટી પડી છે, એવા અઘાસુરના દેહની અંદર બહુ જ રોકાએલો પવન તેનું બ્રહ્મરંધ્ર ફાડી નાખીને બહાર નીકળી ગયો.[31] પવનની સાથે જ તેની સર્વ ઈંદ્રિઓ પણ બહાર નીકળી ગઈ. પછી મરણ પામેલા ગોવાળિયા અને વાછરડાંઓને પોતાની અમૃત દૃષ્ટિથી જીવતાં કરી, તેઓની સાથે શ્રીકૃષ્ણ ભગવાન અઘાસુરના મોઢામાંથી બહાર આવ્યા.[32] એ અજગરના પુષ્ટ દેહમાંથી નીકળેલું મહા અદ્‌ભુત અને પોતાના પ્રકાશથી દશે દિશાઓને પ્રજવલ્લિત કરતું જે તેજ, ભગવાનના નીકળવાની રાહ જોઈને અકાશમાં રોકાઈ રહ્યું હતું. તે તેજ દેવતાઓ ના દેખતાં ભગવાનમાં પ્રવેશી ગયું.[33] પછી બહુ જ રાજી થયેલા દેવતાઓ પુષ્પથી, અપ્સરાઓ નૃત્યથી, સારૂં ગાનારાઓ ગાયનથી, વાજાંવાળા વાજાંથી, બ્રાહ્મણો સ્તુતિઓથી અને પાર્ષદો જય જય શબ્દોથી ભગવાનની પૂજા કરી.[34] એ અદ્‌ભૂત સ્તોત્ર, સારાં વાજાં, ગાયન અને જયઘોષાદિકના અનેક ઉત્સવવાળા મંગળ શબ્દોને પોતાના ધામની અંદર સાંભળી તરત વૃન્દાવનમાં આવેલા બ્રહ્મા શ્રીકૃષ્ણનો મહિમા જોઈને વિસ્મય પામી ગયા.[35] હે રાજા ! વૃન્દાવનમાં

www.jayswaminarayan.org
www.bhujmandir.org

સૂકાઇ ગયેલું એ અદ્‌ભુત અજગરનું ચામડું પણ ઘણા કાળ સુધી વ્રજવાસીઓને રમવાની ગુફારૂપ થયું હતું.[૩૬] પોતાને મરણથી છોડાવ્યા અને અઘાસુરને સંસારથી છોડાવ્યો એ ચરિત્ર ભગવાને કુમાર અવસ્થામાં કર્યું. તે જોઇને વિસ્મય પામેલાં બાળકોએ, ભગવાનના છટ્ઠા વર્ષમાં એટલે વચમાં એક વર્ષ વીતી ગયા પછી, આજ શ્રીકૃષ્ણે અઘાસુરને માર્યો. આ પ્રમાણે ગોકુળમાં કહ્યું.[૩૭] માયાથી મનુષ્યના બાળક થયેલા અને વાસ્તવ સ્વરૂપે સર્વના આદિકારણરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણના સ્પર્શથી પાપ ધોવાઇ જતાં અઘાસુર પણ નીચ લોકોને ન જ મળે એવા ભગવાનના સામ્યપણાને પામ્યો, એ વાત આશ્ચર્યરૂપ સમજવી નહીં.[૩૮] કેમકે જેની કેવળ મનોમય મૂર્તિને પ્રહ્લાદાદિક પુરુષોએ બળાત્કારથી મનમાં ધરી હતી તોપણ તેઓને મુક્તિ મળી છે, ત્યારે નિરંતર આત્મસુખના અનુભવથી માયાનો તિરસ્કાર કરનાર એ ભગવાન પોતે જ અઘાસુરના શરીરમાં પેસતાં અઘાસુરને મુક્તિ મળે, એમાં તો શી જ નવાઇ ?[૩૯]

સૂત શૌનકાદિકને કહે છે- હે બ્રાહ્મણો ! આ પ્રમાણે પોતાના રક્ષક ભગવાનનું વિચિત્ર ચરિત્ર સાંભળીને તેમાં જ જેનું ચિત્ત લાગી રહ્યું છે, એવા પરીક્ષિત રાજાએ વ્યાસના પુત્ર શુકદેવજીને પાછો તે સંબંધી જ પવિત્ર પ્રસંગ પૂછ્યો.[૪૦]

પરીક્ષિત રાજા પુછે છે- હે મહારાજ ! ભગવાને કુમાર અવસ્થામાં જે ચરિત્ર કર્યું, તે ચરિત્ર બાળકોએ ભગવાનની પૌગંડ અવસ્થામાં કહ્યું, તો કુમાર અવસ્થામાં બનેલી ઘટના પૌગંડઅવસ્થામાં થવી શી રીતે સંભવે ?[૪૧] હે ગુરૂ ! હે મોટા યોગી ! એ વિષય મારી પાસે કહો; કેમકે તે સાંભળવાનો મને મોટો ઉત્સાહ છે. ઘણું કરીને એ ભગવાનની જ માયા હોવી જોઇએ, એમાં સંશય નહીં.[૪૨] હે ગુરૂ અમે બ્રાહ્મણાદિકની સેવા કરી ન હોવાથી માત્ર નામના જ ક્ષત્રિય છીએ. છતાં પણ આપની પાસેથી ભગવાનની પવિત્ર કથારૂપ અમૃત પીએ છીએ માટે ભાગ્યશાળી છીએ.[૪૩] સૂત કહે છે- હે મોટા વૈષ્ણવોમાં ઉત્તમ શૌનક મુનિ ! આ પ્રમાણે પરીક્ષિત રાજાએ પૂછીને ભગવાનનું સ્મરણ આપતાં પ્રથમ તો શુકદેવજીની સર્વ ઇંદ્રિયો ભગવાનમાં જ લીન થઇ ગઇ, પણ પછી માંડ માંડ બહિર્વૃત્તિ આવતાં શુકદેવજીએ તેમને ધીરજથી ઉત્તર આપવા માંડ્યો.[૪૪]

इत्थं स्म पृष्टः स तु बादरायणिस्तत्स्मारितानंतहताऽखिलेंद्रियः ।
कृच्छ्रात्पुनर्लब्धबहिर्दृशिः शनैः प्रत्याह तं भागवतोत्तमोत्तम ॥४४॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો બારમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૩

## બ્રહ્માએ વાછડાં તથા બાળકોનું હરણ કરવાથી ભગવાન તે સર્વરૂપ થયા.

॥ श्रीशुकउवाच ॥

साधु पृष्टं महाभाग त्वया भागवतोत्तम । यन्नूतनयसीशस्य श्रृण्वन्नपि कथां मुहुः ॥१॥

શુકદેવજી કહે છે- હે વૈષ્ણવોમાં ઉત્તમ મોટા રાજા ! તમે બહુજ સારું પૂછ્યું, ભગવાનની કથાને વારંવાર સાંભળવા છતાં પણ તમને કથામાં અરૂચિ થતી નથી અને નવી ને નવી લાગે છે.[૧] સાર ગ્રહણ કરનારા સત્પુરૂષોની વાણી, કાન અને ચિત્ત જો કે ભગવાનની કથામાં જ લાગી રહેલાં હોય છે, તોપણ જેમ સ્ત્રીલંપટ પુરૂષોને સ્ત્રીઓની વાતો પ્રતિક્ષણ નવી નવી અને સારી લાગે છે. તેમ તે સત્પુરૂષોને પ્રત્યેક ક્ષણે ભગવાનની વાતોનવી નવી અને સારી લાગતી હોય છે.[૨] હે રાજા ! સાવધાન થઇને સાંભળો, આ વાત છાની છે તોપણ તમારી પાસે કહું છું, કેમકે ગુરૂએ સ્નેહવાળા શિષ્યની પાસે છાની વાત પણ કહેવી જોઇએ. [૩] પૂર્વે કહ્યા પ્રમાણે વાછરડાં અને ગોવાળિયાઓની અઘાસુરના મુખરૂપ મૃત્યુથી રક્ષા કરીને તેઓને નદીને કિનારે લાવી, ભગવાને કહ્યું કે- અહો ! હે મિત્રો ! આ કાંઠો આપણને રમવાની સગવડવાળો અને અત્યંત રમણીય છે. અહીંની રેતી કોમળ અને સ્વચ્છ છે. ખીલેલાં અનેક કમળોની સુગંધથી ખેંચાઇ આવેલા ભ્રમરાઓ અને પક્ષીઓના જળમાં થતા શબ્દોના પડઘાઓથી શોભી રહેલાં ઝાડ ચારેકોર વ્યાપ્ત થઇ રહ્યાં છે.[૪-૫] અહીં બેસીને આપણે જમવું છે, દિવસ ચઢી ગયો છે અને ભૂખ પણ લાગી છે. વાછરડાંઓને પાણી પાઇને આપણા સમીપમાં ધીરેધીરે ઘાસ ચરવા દો.[૬] આ ભગવાનનાં વચનનો સ્વીકાર કરી સર્વે બાળકો વાછરડાંઓને પાણી પાઇ, લીલા ઘાસવાળા પ્રદેશમાં ચરતાં મુકી, શીંકા ધરતી પર રાખીને ભગવાનની સાથે આનંદથી જમવા લાગ્યા.[૭] વનમાં ભગવાનની ચારેકોર મોટી ગોળ પંક્તિઓમાં એક બીજાને અડીને બેઠેલા, પ્રફુલ્લિત દૃષ્ટિવાળા અને ભગવાનની સામે જેઓ મોઢાં રાખ્યાં હતાં, એવા વ્રજના બાળકો કમળની પાંખડીની પેઠે શોભતા હતા.[૮] કેટલાક બાળકો ફુલનાં, કેટલાક બાળકો ફળની પાંખડીઓનાં, કેટલાક પાંદડાંનાં, કેટલાક અંકુરનાં, કેટલાક ફળનાં, કેટલાક શીંકાંનાં, કેટલાક વૃક્ષની છાલનાં અને કેટલાક છીપરોનાં વાસણ કરીને જમતા હતા.[૯] પોતપોતાના ભોજનના નોખનોખા સ્વાદને પરસ્પર દેખાડતા, હસતા અને હસાવતા બાળકો ભગવાનની સાથે જમતા હતા.[૧૦]

www.jayswaminarayan.org
www.bhujmandir.org

बिभ्रद्वेणु जठरपटयोः श्रृङ्गवेत्रे च कक्षे वामे पाणौ मसृणकवलं तत्फलान्यङ्गुलीषु ।
तिष्ठन् मध्ये स्वपरिसुहृदो हासयन् नर्मभिः स्वैः स्वर्गे लोके मिषति बुभुजेयज्ञभुग् बालकेलिः।

એ બાળકોમાં યજ્ઞભોક્તા ભગવાન પણ જમતા હતા. એ સમયમાં ભગવાને પેટ ઉપરના વસ્ત્રની અંદર વેણું ધરી હતી, શીંગડી અને છડી કાંખમાં લીધાં હતાં, ડાબા હાથમાં દહીંભાતનો કોળિયો હતો, અથાણાં આંગળીઓમાં લીધાં હતાં, ગોળાકારે બેઠેલા પોતાના મિત્રોની વચમાં બેઠા હતા, હાંસીના વચનોથી હસાવતા હતા. આવી લીલાને દેવતાઓ જોઇ રહ્યા હતા.[૧૧] હે રાજા ! આ પ્રમાણે ગોવાળિયાઓ જમવા લાગતાં અને તેઓના ચિત્ત ભગવાનમાં લાગી જતાં વાછરડાંઓ ઘાસની લાલચથી વનની અંદર દૂર ચાલ્યાં ગયાં.[૧૨] વાછરડાં દૂર નીકળી ગયેલાં હોવાથી ભય પામેલા ગોવાળિયાઓને જોઇ ભગવાને તેઓને કહ્યું કે- હે મિત્રો ! જમવું છોડશો નહીં, હું જઇને વાછરડાઓને અહીં લાવું છું.[૧૩] આ પ્રમાણે કહી હાથમાં દહીં ભાતનો કોળિયો લઇ પર્વતો, ગુફાઓ, કુંજો અને વિષમ સ્થળોમાં પોતાનાં વાછરડાંઓને શોધવા સારૂ ભગવાન ત્યાંથી આગળ વધ્યા.[૧૪] હે રાજા ! આ અવકાશ મળતાં જે બ્રહ્મા પ્રથમ ભગવાને કરેલા અઘાસુરનો મોક્ષ જોવાથી પરમ વિસ્મય પામીને આકાશમાં જ ઉભા હતા, તે બ્રહ્મા માયાથી બાળક થયેલા ભગવાનનો બીજો પણ ઉત્તમ મહિમા જોવા સારૂં, અહીંથી બાળકોને અને ત્યાંથી વાછરડાંઓને બીજા સ્થળમાં લઇ જઇને પોતે અંતર્ધાન થઇ ગયા.[૧૫] પછી વાછરડાંઓ નહીં જોવામાં આવતાં ભગવાન પાછા કાંઠે આવ્યા, ત્યાં બાળકો પણ જોવામાં નહીં આવતાં એ બન્નેને ચારેકોર શોધવા લાગ્યા.[૧૬] સર્વના સાક્ષી ભગવાન વનમાં કોઇ પણ સ્થળે વાછરડાંઓને અને ગોવાળોને નહીં દેખીને આ સઘળું બ્રહ્માએ કર્યું છે, એમ તરત જાણી ગયા.[૧૭] પછી જગતના કર્તા ઈશ્વર, વાછરડાં અને ગોવાળોની માતાઓને તથા બ્રહ્માને પ્રીતિ ઉપજાવવા સારૂ પોતે જ સઘળાં વાછરડાં અને ગોવાળિયારૂપે થયા.[૧૮] "જો હું ચુપ રહીશ તો વાછરડાં અને બાળકોની માતાઓને ખેદ થશે અને તેઓને લાવીશ તો બ્રહ્માને મોહ નહીં થાય" એવા વિચારથી સઘળું જગત વિષ્ણુમય છે, એવી વેદની વાણીને સાર્થક કરવા માટે ભગવાન સર્વ રૂપે થયા. ગોવાળિયા, વાછરડાં, તેઓનાં નાનાં શરીર, હાથ, પગ, લાકડી, શીંગડી, વેણું, શીંકાં, અલંકાર, વસ્ત્ર, શીલ, ગુણ, નામ, આકૃતિ, અવસ્થા અને વિહારાદિક જેવાં હતાં, તે પ્રમાણે જ યથાર્થ રીતે સર્વ રૂપે થયેલા ભગવાન શોભવા લાગ્યા.[૧૯] પોતે જ પોતારૂપ ગોવાળોની પાસે પોતારૂપે જ વાછરડાંઓને વળાવી પોતારૂપ જ વિહારોથી ક્રીડા કરતા સર્વાત્મા ભગવાન વ્રજમાં પધાર્યા.[૨૦] હે રાજા ! સર્વ રૂપે થયેલા શ્રીકૃષ્ણ, તે તે વાછરડાંઓને જુદાં જુદાં હાંકી તેઓને તે તે સ્થાનકમાં પેસાડી તે તે ઘરમાં પેઠા.[૨૧] વેણુનાદ સાંભળી ઉતાવળી ઉઠેલી ગોપબાળોની માતાઓ પુત્રરૂપે થયેલા શ્રીકૃષ્ણને, પોતાના પુત્ર માની, પરબ્રહ્મને જ હાથથી ઉપાડી તથા અત્યંત આલિંગન કરી પુત્રરૂપે થયેલા શ્રીકૃષ્ણને, સ્નેહને લીધે પોતાના સ્તનમાંથી ઝરતાં મીઠાં અને મદ આપનાર દૂધ ધવરાવવા લાગી.[૨૨] આ પ્રમાણે તે તે સમયની ક્રીડાના નિયમ પ્રમાણે સાયંકાળ સુધી પહોંચેલા અને પોતાની સુંદર લીલાઓથી આનંદ આપતા ભગવાનને માતાઓએ મર્દન, સ્નાન, લેપન, અલંકાર, રક્ષાનાં તિલક (ગાલમાં કાળું ટપકું) અને ભોજનાદિકથી લાડ લડાવ્યા.[૨૩] પછી ગાયો પણ પોતાને ચરવાના વનમાંથી ઊતાવળી વ્રજમાં આવીને પોતાના હુંકારના શબ્દથી બોલાવેલાં અને પાસે દોડી આવેલાં પોત પોતાનાં વાછરડાંઓને આંચળમાંથી ઝરતું દૂધ ધવરાવવા લાગી અને વારંવાર ચાટવા લાગી.[૨૪] સર્વરૂપે થયેલા ભગવાનમાં ગાયો અને ગોપીઓનો માતૃભાવ તો પૂર્વના જેવો તો રહ્યો, પણ આ સમયમાં સ્નેહ વધતો દેખાયો. આ રીતે ભગવાન પણ ગાયો તથા ગોપીઓની આગળ પૂર્વની પેઠે બાળભાવનું પ્રદર્શન કરતા રહ્યા, પણ 'આ મારી મા છે અને હું આનો પુત્ર છું' એવો મોહ રહ્યો ન હતો.[૨૫] વ્રજવાસીઓને પૂર્વે યશોદાના પુત્ર શ્રીકૃષ્ણમાં પોતાના પુત્રો કરતાં પણ વધારે, જેવો સીમા વગરનો સ્નેહ હતો, તેવો સ્નેહ આ સમયમાં એક વર્ષ સુધી પોતાના બાળકોમાં પણ વધી ગયો.[૨૬] આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને વાછરડાંઓને પાળનાર થઇને વાછરડાં અને બાળકોરૂપ પોતાના સ્વરૂપને પોતેજ પાલન કરતાં એક વર્ષ સુધી વનમાં અને વ્રજમાં ક્રીડા કરી.[૨૭] એક વર્ષ પુરૂ થવામાં પાંચ કે છ રાત બાકી હતી, ત્યારે એક દિવસે ભગવાન બળભદ્રની સાથે વાછરડાંઓને ચારવા સારૂં વનમાં પધાર્યા હતા.[૨૮] ત્યાં બળભદ્રને એવું જોવામાં આવ્યું, જે ગાયો ઘણે છેટે ગોવર્ધન પર્વતના શિખરમાં ઘાસ ચરતી હતી તે ગાયોએ વ્રજના સમીપમાં ઘાસ ચરતાં વાછરડાંઓને દીઠાં.[૨૯] દેખતાં જ સ્નેહથી ખેંચાએલી, પોતાના શરીરનું ભાન ભૂલી ગયેલી અને જેઓના આંચળમાંથી દૂધ ઝરતાં હતાં, એવી ગાયો પોતાના ગોવાળ અને વિષમ માર્ગને નહિ ગણતાં જાણે બે પગે ચાલતી હોય, એવી રીતે મોઢાં તથા પૂછડાં ઉંચાં કરી વેગથી હુંકાર કરતી વાછરડાંઓની પાસે આવી.[૩૦] એ ગાયોને જોકે બીજાં નાનાં વાછરડાં હતાં, તોપણ નીચે એ વાછરડાંઓને મળીને તેઓને ધવરાવવા લાગી, અને જાણે વાછરડાંઓનાં શરીરને ગળી જતી હોય એમ ચાટવા લાગી.[૩૧] ગોવાળો ગાયોને રોકવાનો પરિશ્રમ વ્યર્થ જતાં લાજ સહિત ક્રોધથી ભરાએલા વિષમ દુઃખ વેઠીને નીચે આવ્યા, ત્યાં વાછરડાંઓની સાથે પોતાના પુત્રો તેઓના જાવામાં આવ્યા.[૩૨] પુત્રોને જોવાથી ઉભરાઇ આવેલા પ્રેમરસમાં ડુબેલા અને ક્રોધ મટી જતાં જેઓને સ્નેહ વધ્યો છે, એવા એ ગોવાળો પોતાના પુત્રોને હાથવતે ઉપાડી લઇ આલિંગન કરી તથા તેઓનાં માથાં સુંઘીને પરમ આનંદ પામ્યા.[૩૩] પછી બાળકોના આલિંગનથી સુખ પામેલા ઘરડા ગોવાળો ધીરે ધીરે માંડ માંડ તે છોકરાઓ પાસેથી ખસ્યા, પણ છોકરાઓના સ્મરણથી તેઓની આંખ્યોમાં આંસુ ભરાઇ આવ્યાં.[૩૪] આ પ્રમાણે

www.jayswaminarayan.org www.bhujmandir.org

જેને ધાવવું છોડી દીધેલું હતું એવાં બચ્ચાંઓ ઉપર પણ ક્ષણે ક્ષણે થતો વ્રજના પ્રેમનો વધારો જોઈને, તેનું કારણ નહીં જાણતા બળભદ્ર વિચાર કરવા લાગ્યા કે- પૂર્વે વ્રજને સર્વના આત્મા શ્રીકૃષ્ણ ઉપર જેવો પ્રેમ હતો તેવો અપૂર્વ પ્રેમ હમણાં બાળકો ઉપર વધ્યો છે, એટલુંજ નહીં પણ મારા મનમાં પણ વાછરડાં અને બાળકો ઉપર પ્રેમ વધતો જાય છે તેનું કારણ શું હશે ?[૩૫-૩૬] આ તે દેવતાઓની, મનુષ્યોની કે દૈત્યોની માયા હશે ! આ માયા તે કેવી અને ક્યાંથી આવી ? બીજાઓની માયા તો સંભવતી નથી, કેમકે આથી મને પણ મોહ થયો છે. માટે ઘણું કરી આ મારા સ્વામી શ્રીકૃષ્ણની માયા હોવી જોઇએ.[૩૭] આ પ્રમાણે વિચાર કરી બળભદ્રે જ્ઞાનદૃષ્ટિથી જોયું, ત્યાં સર્વે વાછરડાં અને પોતાના મિત્રો શ્રીકૃષ્ણરૂપ તેમના જોવામાં આવ્યા.[૩૮] પછી તેમણે ભગવાનને પૂછ્યું કે- આપણે જે વાછરડાંઓનું પાલન કરીએ છીએ તેઓ ઋષિઓના અંશ છે અને બાળકો દેવતાઓના અંશ છે, પરંતુ હમણાં તેમ જોવામાં આવતું નથી, હમણાં તો આ બાળકોમાં અને વાછરડાંઓમાં એક તમે જ જોવામાં આવો છો, માટે જેવું હોય તેવું ચોખ્ખું કહો. પછી ભગવાને સંક્ષેપથી સર્વે વાત કહેતાં એ બનાવ બળભદ્રના જાણવામાં આવ્યો.[૩૯] અહીં તો તેટલામાં એક વર્ષ નીકળી ગયું, પણ બ્રહ્માનો તો પલ માત્ર કાળ થયો હતો. તેટલા કાળમાં બ્રહ્માએ પાછા આવીને જોયું, ત્યાં એક વર્ષ સુધી પૂર્વની પેઠે જ પોતાના બાળમિત્રોની સાથે ક્રીડા કરતા ભગવાનને દીઠા.[૪૦] એ જોઇને બ્રહ્મા તર્ક કરવા લાગ્યા કે- ગોકુળમાં જેટલાં બાળકો અને વાછરડાં હતાં તે સર્વે મારી માયારૂપી શયનમાં સૂતાં છે તે હજી સુધી ઉઠ્યાં નથી, માટે જેઓ મારી માયાથી મોહ પામેલાં છે તેઓથી નોખાં આ વાછરડાં અને બાળકો અહીં કેમ દેખાય છે ? જેટલાંને હું લઇ ગયો છું તેટલી જ સંખ્યાનાં અને તે જ સ્થળમાં ભગવાનની સાથે એક વર્ષથી ક્રીડા કરતાં આ પ્રાણીઓ એક વર્ષથી ક્યાંથી આવ્યાં હશે ?[૪૧-૪૨] પોતાના લોકમાં રહેલાં અને વ્રજમાં રહેલાં વાછરડાં તથા ગોપબાળોના વિષયમાં ઘણીવાર સુધી મનમાં વિચાર કરીને એ બ્રહ્મા, આમાં સાચાં કયાં અને ખોટાં ક્યાં ? એ કોઇ રીતે જાણી શક્યા નહીં.[૪૩] આ પ્રમાણે બ્રહ્મા, જગતને મોહ પમાડનાર, અને પોતે મોહ રહિત એવા ભગવાનને પોતાની માયાથી મોહ પમાડવા ગયા, ત્યાં પોતે જ મોહ પામી ગયા.[૪૪] અંધારી રાતમાં ઝાકળથી થયેલું અંધારૂં જેમ નોખું આવરણ કરી શકે નહીં, પણ તેમાં જ લય પામે; અને જેમ પતંગીઆનો પ્રકાશ દિવસમાં નોખો પ્રકાશ કરી શકે નહીં, તેમ મોટા પુરૂષ ઉપર બીજો કોઇ સાધારણ પુરૂષ માયા ચલાવવા જાય તો તે નીચ માયા મોટા પુરૂષને કાંઇ પણ કરી શકે નહીં, પણ ઉલટી પોતાને ચલાવનારના જ સામર્થ્યનો નાશ કરી નાખે.[૪૫] બ્રહ્મા જોઇ રહ્યા તેટલી વારમાં તુરત જ બીજું આશ્ચર્ય થયું. સઘળાં વાછરડાં, તેઓને પાળનારા બાળકો, લાકડીઓ અને શીંગડીઓ આદિ સઘળા પદાર્થો મેઘની પેઠે શ્યામ, પીળાં રેશમી વસ્ત્રવાળા, ચાર ચાર ભુજાવાળા અને જેઓના હાથમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મ હતાં એવા જોવામાં આવ્યા. એ સર્વે શ્રીકૃષ્ણનાં રૂપોએ કિરીટ, કુંડળ, હાર, વનમાળા, શ્રીવત્સ, બાજુબંધ, નુપુર, કટક, કટિમેખળા, વીંટીઓ અને શંખની પેઠે ત્રણ ધારવાળા રત્નના કંકણ ધર્યા હતા.[૪૬-૪૮] મોટા પુણ્યવાળાઓએ અર્પણ કરેલી તુલસીની સુકોમળ અને નવીન માળાઓથી ચરણથી તે છેક મસ્તક સુધી સર્વ અંગોમાં વીંટાએલા હતા.[૪૯] ચાંદની જેવા સ્વચ્છ મંદહાસ્યરૂપી સત્વગુણથી પોતાના ભક્તોના મનોરથોને જાણે પાળતા હોય અને લાલકમળ જેવાં નેત્રોના દૃષ્ટિપાતરૂપી રજોગુણથી પોતાના ભક્તોના મનોરથોને જાણે સ્રજતા હોય, એવા દેખાતા હતા.[૫૦] બ્રહ્માથી સ્તંબપર્યંત એ સર્વ સ્થાવર જંગમ દેહધારી મૂર્તિમાન થઇને નાચ અને ગાયન આદિ અનેક પૂજનોથી પ્રત્યેકની નોખનોખી સેવા કરતા હતા.[૫૧] અણિમા આદિ સિદ્ધિઓ, માયા આદિ વિભૂતિઓ અને મહત્તત્ત્વ આદિ ચોવીશ તત્ત્વોથી તેઓ પ્રત્યેક વીંટાએલા હતા.[૫૨] કાળ, સ્વભાવ, સંસ્કાર, કામ, કર્મ અને ગુણાદિક પદાર્થો મૂર્તિમાન થઇને પ્રત્યેકની નોખનોખી સેવા કરતા હતા. અણિમા આદિ સર્વે પદાર્થોની સ્વતંત્રતા શ્રીકૃષ્ણના મહિમા આગળ નાશ પામેલી જણાતી હતી.[૫૩] એ ગોવાળિયારૂપ સર્વે શ્રીકૃષ્ણો સત્ય, જ્ઞાન, અનંત, આનંદમાત્ર અને એકરસ મૂર્તિવાળા તથા આત્મજ્ઞાનરૂપી ચક્ષુવાળાઓથી પણ જેના માહાત્મ્યનો સ્પર્શ થઇ શકે નહીં એવા હતા.[૫૪] આ પ્રમાણે બ્રહ્માએ એક સમયમાં સર્વને પરબ્રહ્મમય દીઠા, કે જે પરબ્રહ્મના પ્રકાશથી આ સર્વ જગત પ્રકાશે છે.[૫૫] પછી અત્યંત આશ્ચર્યથી અને શ્રીકૃષ્ણના તેજથી જેની સર્વે ઇંદ્રિયો જડ થઇ ગઇ, એવા બ્રહ્મા પૂતળાની પેઠે નિશ્ચળ થઇ ગયા.[૫૬] આ પ્રમાણે અતર્ક્ય, સ્વયંપ્રકાશ, સુખમય, પ્રકૃતિથી પર અને તે નહિ તે નહિ આ રીતે નિષેધ પૂર્વક ઉપનિષદો દ્વારા જાણી શકાતા એવા પોતાના અસાધારણ મહિમાવાળા સ્વરૂપમાં "આતે શું" એમ બ્રહ્મા મોહ પામી ગયા, અને પછીથી જોવાને પણ અશક્ય થઇ જતાં તે જાણીને પરમેશ્વર શ્રીકૃષ્ણે પોતાની માયારૂપી પડદો ખસેડી લીધો.[૫૭] પછી જાણે મરી જઇને પાછા ઉઠ્યા હોય અને જેને બહારનું જ્ઞાન મળ્યું એવા બ્રહ્માએ માંડ માંડ નેત્ર ઉઘાડ્યાં, ત્યાં પોતાના શરીરની સાથે જગત આ પ્રમાણે જોવામાં આવ્યું.[૫૮] તરત જ ચારેકોર દૃષ્ટિ ફેરવી ત્યાં આગળ રહેલું સઘળાં પ્રિય પદાર્થોથી ભરેલું અને મનુષ્યોને જીવિકા આપે એવાં વૃક્ષોથી વ્યાપ્ત વૃંદાવન દીઠું, કે જેમાં સ્વાભાવિક દુષ્ટ વૈરવાળા માણસ અને સિંહાદિક જાણે પરસ્પરના મિત્ર હોય એવા થઇને રહ્યા હતા અને ભગવાનના નિવાસને લીધે ક્રોધ લોભાદિક દોષો જેમાંથી નીકળી ગયા હતા.[૫૯-૬૦] એ વૃંદાવનમાં પૂર્વની પેઠે જ ગોવાળના બાળકપણારૂપી નાટક કરનારા શ્રીકૃષ્ણભગવાનને દીઠા, કે જે અદ્વૈતરૂપ છતાં વાછરડાંઓને શોધતા હતા, એક અને અગાધ જ્ઞાનવાળા છતાં મિત્રોને શોધતા હતા, અનંત છતાં ચારેકોર ફરતા હતા. સર્વેના કારણરૂપ છતાં બાળકપણું ધરી રહ્યા હતા. અને પરબ્રહ્મ છતાં હાથમાં દહીંભાતનો કોળીયો ધરી રહ્યા

www.jayswaminarayan.org
www.bhujmandir.org


હતા. આવા ભગવાનને જોઈ બ્રહ્મા તરત પોતાના વાહન પરથી ઉતરી પડ્યા, અને દંડવત્ કરવા લાગ્યા, ચાર મુકુટોની અણીઓથી ભગવાનના બે ચરણારવિંદનો સ્પર્શ કર્યો અને પ્રણામ કરીને આનંદના આંસુરૂપ જળથી અભિષેક કર્યો.[૬૧-૬૨] પૂર્વે જોયેલા મહિમાનું વારંવાર સ્મરણ આવતાં ઉઠી ઉઠીને ઘણીવાર સુધી ભગવાનના ચરણમાં દંડવત્ કર્યાં.[૬૩] પછી ધીરેથી ઉઠી આંખઓ લુઇ નાખી, ભગવાનને જોઇ ધ્રુજતા, હાથ જોડી ઉભેલા, સાવધાન અને વિનયવાળા બ્રહ્મા પોતાની ડોક નમાવીને ગદ્‌ગદ્વાણીથી સ્તુતિ કરવા લાગ્યા.[૬૪]

शनैरथोत्थाय विमृज्य लोचने मुकुंदमुद्वीक्ष्य विनम्रकंधरः ।
कृतांजलिः प्रश्रयवान् समाहितः सवेपथुर्गद्गदयौलतेलया ॥६४॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો તેરમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૪

## બ્રહ્માએ શ્રીકૃષ્ણની કરેલી સ્તુતિ.

॥ ब्रह्मोवाच ॥

नौमीड्य तेऽभ्रवपुषे तडिदंबराय गुंजावतंसपरिपिच्छलसन्मुखाय । वन्यस्रजे कवलवेत्रविषाणवेणुलक्ष्मश्रिये मृदुपदे पशुपांगजाय ॥१॥

બ્રહ્મા સ્તુતિ કરે છે- હે સ્તુતિ કરવા યોગ્ય ! મેઘની પેઠે શ્યામ શરીરવાળા, વીજળી સમાન પીળાં વસ્ત્રવાળા, ચણોઠીનાં કર્ણભૂષણ તથા ફરતાં મોરપીછના મુકુટથી શોભતા મુખવાળા, વનમાં થયેલાં પુષ્પાદિકની માળા ધરનારા, કોમળ ચરણવાળા, ગોવાળના પુત્ર અને કોળિયો, છડી, શીંગડી તથા વેણુરૂપ ચિન્હોથી શોભી રહેલા આપને પ્રણામ કરૂંછું.[૧] હે દેવ ! મારા ઉપર અનુગ્રહ કરનાર અને ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનાર, દિવ્ય શુદ્ધસત્ત્વમય જેનું શરીર છે. અને સર્વના શરીરી તથા સ્વસ્વરૂપના અનુભવથી યુક્ત, એવા તમારા મહિમાનો નિશ્ચય કરવા હું પણ મનવડે સમર્થ નથી, તો બીજા સમર્થ ન હોય તેમાં કહેવું જ શું ?[૨] હે અજીત ! જ્ઞાનમાં થોડો પણ પરિશ્રમ નહીં કરતાં જે લોકો સત્પુરૂષોના મુખમાંથી નીકળેલી અને કાનપર આવેલી આપની કથાને પોતાની ધર્મ મર્યાદામાં રહીને દેહ, વાણી અને મનથી સત્કાર આપતા જીવે છે, તે લોકોને આપ ત્રિલોકમાં કોઇને વશ થયા નથી, તે વશ થઇને રહો છો.[૩] જેમાંથી કલ્યાણના પ્રવાહ નીકળ્યા કરે છે એવી આપની ભક્તિને છોડી દઇ, જે લોકો એકલા બ્રહ્મજ્ઞાનને માટે જ દાખડો કર્યા કરે છે, તે લોકોને ફોતરાં ખાંડનારાઓની પેઠે કેવળ દાખડો જ ફળરૂપે મળે છે, પણ બીજું કશું ફળ મળતું નથી.[૪] હે મહારાજ ! આલોકમાં પૂર્વે ઘણાક યોગીઓ પોતાની સર્વે ચેષ્ટાઓ તમોને અર્પણ કરી દીધા પછી, પોતાના સત્કર્મથી પ્રાપ્ત થયેલી અને તમારી કથાના શ્રવણાદિકે કરીને પુષ્ટિને પમાડેલી એવી, ભક્તિથી જ આત્મજ્ઞાન પામી અનાયાસે આપની પરમગતિને પામી ગયા છે.[૫] હે અમાપ ! ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા પુરૂષો વિષય આકારથી રહિત અને આત્માકાર થયેલા અંતઃકરણથી સ્વયંપ્રકાશપણે અને ચિદાકાસના અવિષયપણે હજુ કદાચ આપના નિર્ગુણ સ્વરૂપના મહિમાને જાણી શકે છે પણ આપના સગુણ સ્વરૂપને પરિપૂર્ણ જ્ઞાન તો થાય જ નહીં, કારણ કે તમારા ગુણો અચિંત્ય અને અનંત છે.[૬] આપ ગુણોના અધિષ્ઠાતા અને આ જગતના હિતને માટે અવતરેલા છો, તમારા ગુણોની ગણના કરવાને પણ કોણ સમર્થ થયા છે ? જે અત્યંત નિપુણ લોકોએ ઘણા જન્મથી પૃથ્વીના રજકણ, આકાશમાં હિમની કણીઓ અને નક્ષત્રાદિકની કિરણોના પરમાણુઓને ગણી કાઢ્યા હોય, તેઓથી પણ તમારા ગુણોને ગણી શકાય નહીં.[૭] એટલા માટે આપની કૃપા ક્યારે થશે ? એમ માનપૂર્વક રાહ જોયા કરતો, અને આસક્તિ છોડી દઈને પોતાનાં કર્મફળને ભોગવ્યા કરતો, જે પુરૂષ મન, વાણી અને શરીરથી આપને પ્રણામ કરતો જીવે છે, તે પુરૂષને મુક્તિના પદમાં ભાગ મળે છે. અર્થાત્ મુક્તિનો અધિકારી થાય છે.[૮] હે ઈશ્વર ! મારી ભૂંડાઇ તો જુઓ ! ! ! આપ, કે જે માયાવીઓને પણ મોહ કરનાર પરમાત્મા છો, તેમના ઉપર પણ પોતાની માયા ચલાવીને મેં તમારું ઐશ્વર્ય જોવાની ઈચ્છા કરી. અગ્નિ થકી ઉત્પન્ન થયેલો તણખો જેમ અગ્નિ પાસે અતિ તુચ્છ છે. તેમ આપની પાસે હું શી ગણત્રીમાં ?[૯] એટલા માટે રજોગુણથી ઉત્પન્ન થયેલ, હું જગતનો કર્તા છું, આવા મદરૂપી ઘાટા અંધારાથી આંધળો અને તમારાથી મારી નોખી ઈશ્વરતા માનનાર છું, તેના અપરાધની ક્ષમા કરજો. આપે એમ વિચારી દયા રાખવી કે- બ્રહ્મા જોકે બીજે ઠેકાણે પ્રભુપણાથી વર્તે છે, તોપણ મારો તો દાસ જ છે.[૧૦] જે હું પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીથી વીંટાએલા બ્રહ્માંડમાં સાત વેંતની કાયાવાળો છું તે ક્યાં ? અને એવાં અગણિત બ્રહ્માંડરૂપ પરમાણુઓ જેમનાં રૂવાડાંનાં છિદ્રરૂપ ગોખલાઓમાં ફર્યા કરે છે, એવા આપનો મહિમા ક્યાં ? !!! માટે મને અતિ તુચ્છ જાણી આપે મારા પર દયા કરવી.[૧૧] હે મહારાજ ! ગર્ભમાં રહેલો બાળક પોતાના પગ ઉછાળે એ કાંઇ તેણે પોતાની માતાનો અપરાધ કર્યો કહેવાય ? એવી રીતે સ્થૂળ સૂક્ષ્મ અથવા કાર્ય કારણ શબ્દથી કહેવામાં આવતુ, સઘળું જગત આપના ઉદરથી બહાર નથી, તો તેમાં હું પણ અંતર્ગત આવ્યો માટે મારા અપરાધની ક્ષમા કરવી.[૧૨] હે ઈશ્વર ! પ્રલય કાળમાં એકઠા થયેલા સમુદ્રોના જળમાં નારાયણના ઉદરની નાભિના નાળવામાંથી બ્રહ્મા નીકળેલ છે, એમ જે કહેવામાં આવે તે ખોટું નથી જ. હું શું આપમાંથી ઉત્પન્ન થયો નથી ?

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ઉત્પન્ન થયો જ છું. માટે હું આપનો પુત્ર હોવાથી આપે મારા અપરાધની ક્ષમા કરવી.[૧૩] (આપ નારાયણ નથી ? છો જ. કેમકે નાર એટલે જીવનો સમૂહ, અયન એટલે આશ્રય, સર્વે જીવોના આશ્રય જે હોય તેને નારાયણ કહેવાય, તો આપ સર્વ પ્રાણીઓના આશ્રયરૂપ અને વળી આત્મા હોવાથી આપમાં નારાયણપણું ઘટે છે. આપ નારાયણ નથી ? છો જ. કેમકે નાર એટલે જીવોનો સમૂહ અયન એટલે પ્રવર્તક, સર્વે જીવોના જે પ્રવર્તક હોય તેને નારાયણ કહેવાય, તો આપ સર્વ પ્રાણીઓના પ્રવર્તક હોવાથી આપમાં નારાયણપણું ઘટે છે. વળી નાર એટલે જીવોના સમૂહ અને અયન એટલે જાણનાર સાક્ષી કહેવાય, તે આપ સર્વ લોકના સાક્ષી હોવાથી આપમાં નારાયણપણું ઘટે છે. (બીજો અર્થ) નાર એટલે જળ, અયન એટલે રહેનાર, નાર શબ્દથી કહેલા જળમાં જે રહેનાર હોય, તેને કહેવાય નારાયણ. આવો પ્રસિદ્ધ અર્થ લઈએ તોપણ આપ જ નારાયણ છો; કેમકે જળમાં રહેનારી જે મૂર્તિ છે તે આપની જ છે, વાસ્તવિક રીતે જોઈએ તો વ્યાપક એવા આપની જળના માપમાં આવેલી એ મૂર્તિ સાચી જ છે.)[૧૪] જગતના આશ્રયરૂપ એવું તમારૂં જળમાં રહેલું તે રૂપ સાચું હોય, તો મેં કમળના નાળમાં અંદર પેશીને સો વર્ષ સુધી શોધ્યા કર્યું ત્યારે તે જોવામાં કેમ નહીં આવ્યું ? હૃદયમાં પણ કેમ ન દીઠું ? અને પાછું તપ કર્યા પછી તરત જ કેમ જોવામાં આવ્યું ? માટે એ પરિચ્છિન્નત્વ કેવળ તમારી ઈચ્છા શક્તિથી જ સંભવે છે. વસ્તુતાએ આપ પરિચ્છિન્ન નથી. આપના સ્વરૂપને કોઈ દેશનો પરિછેદ ઘટે જ નહીં.[૧૫] હે માયાને મટાડનાર ! આ અવતારમાં જ સમગ્ર જગત માતા યશોદાને પોતાના ઉદરમાં દેખાડીને જ તમોએ તમારું વિચિત્ર શક્તિપણું પ્રગટ કરેલું છે. કારણ કે તમો વિચિત્ર શક્તિથી યુક્ત હોવાથી આ રીતે બતાવવા સમર્થ છો.[૧૬] આપના ઉદરમાં જેવું સર્વ જગત દેખાયું હતું તેવું બહાર પણ દેખાય છે. અને તે વળી આપ સહિત દેખાયું હતું તો આ સર્વે તમારી વિચિત્ર શક્તિ વિના ઘટે નહીં. જો બહાર રહેલા જગતનું આપના ઉદરમાં પ્રતિબિંબ દેખાયું હોય, તો તે બહારનાથી ઉલટું દેખાવું જોઈએ, અને જો આપ દર્પણને ઠેકાણે હો તો આપમાં જ આપનું દેખાવું ઘટે નહીં. માટે સર્વથા તમારું વિચિત્રશક્તિથી યુક્તપણું જ સિદ્ધ થાય છે.[૧૭] તમારી વિચિત્રશક્તિથી યુક્તપણું આપે મને શું હમણાં જ ન દેખાડ્યું ? કેમ કે પ્રથમ આપ એક હતા. પછી સર્વે ગોવાળીઆ અને વાછરડાંરૂપ થઈ ગયા. થોડીવારમાં વળી સઘળા ચતુર્ભુજ અને મારા સહિત સર્વ તત્ત્વોદ્વારા સેવાતા જોવામાં આવ્યા અને પાછાં તેટલાં જ બ્રહ્માંડ બની ગયાં. આ બધું તમારી વિચિત્રશક્તિથી જ ઘટે છે.[૧૮] દેહમાં આત્માભિમાનને કારણે અથવા ''હું સ્વતંત્ર છું.'' આવા સ્વતંત્રપણાના અભિમાનને કારણે આપના સ્વરૂપને નહીં જાણનારા લોકોને આપ માયાનો વિસ્તાર કરીને સૃષ્ટિના સમયમાં જાણે બ્રહ્મા થયા હો, પાલનના સમયે જાણે વિષ્ણુ થાય હો, અને પ્રલયના સમયે જાણે રૂદ્ર થયા હો એવા જણાઓ છો. અર્થાત્ બ્રહ્માજી કહે છે કે- સૃષ્ટ્યાદિના સમયે તમારા થકી ઐશ્વર્યને પામેલા અમે ત્રણે પરમેશ્વરપણે જણાઈએ છીએ, છતાં વાસ્તવિકપણે અમો પરમેશ્વર નથી. પરમેશ્વરતો તમો એક જ છો.[૧૯] હે ઈશ્વર ! હે પ્રભુ ! હે વિધાતા ! દેવ, ઋષિ, મનુષ્ય, પશુ, પક્ષી અને જળજંતુઓમાં પણ આપના જે અવતાર થાય છે તે નીચ લોકોના દુષ્ટ મદને ટાળી નાખવા અને સજ્જનો પર અનુગ્રહ કરવાને માટે થાય છે.[૨૦] હે વ્યાપક ! હે પરમાત્મા ! આપ યોગમાયાનો વિસ્તાર કરી અનેક અવતારો ધારણ કરીને અનેક ક્રીડાઓ કરો છો, તમારી એ અવતારરૂપ ક્રીડાઓ કયા પ્રકારે કરો છો ? કઈ જ્ઞાતિમાં છે? કેવી છે ? ક્યારે છે ? અને એ અવતારરૂપ ક્રીડાઓ કેટલી છે ? તેને ત્રિલોકીમાં કોણ જાણે છે? કોઈ પણ જાણતો નથી.[૨૧] એટલા માટે નિત્ય, સુખમય અને અનંત એવા આપના સ્વરૂપમાં આપના સંકલ્પથી ઉત્પન્ન થતું અને પાછું લય પામતું સ્વપ્ન સરખું અનિત્ય, અને દુઃખરૂપ આ જગત સતત પરિણમી હોવાથી અસત્ય છે, છતાં આપના સ્વરૂપને નહિ જાણનારા પુરૂષોને સત્યની સમાન જણાય છે.[૨૨] હે પ્રભુ ! તમો સત્ય છો, નિર્વિકાર છો અર્થાત્ વિકારી જડતત્ત્વથી વિલક્ષણ છો, અને તમો સ્વયંપ્રકાશ છો. સ્વરૂપ સ્વભાવે કરીને સર્વત્ર વ્યાપક છો, અર્થાત્ નિત્યમુક્તોથી વિલક્ષણ છો. અને આપ કામાધીન દેહના સંબન્ધથી રહિત છો, અને આપ પુણ્ય-પાપરૂપ અંજનથી રહિત છો. અર્થાત્ બદ્ધજીવથી વિલક્ષણ છો, અને વળી આપ અમૃત છો. અર્થાત્ મરણ ધર્મથી રહિત છો. અને આપ અક્ષર છો, છપ્રકારના વિકારથી રહિત છો, આપ પૂર્ણ છો, તેથી આપની વૃદ્ધિ નથી. આપ દુઃખથી રહિત નિરંતર સુખરૂપ છો, જગતના આદિ કારણ હોવાથી આપ આદિપુરુષ છો, આપ એક છો, અર્થાત્ પ્રલયકાળે ચેતન અને અચેતન તત્ત્વને પ્રકૃતિમાં લય પમાડી આપ એક જ રહો છો. આપ અદ્વિતીય છો, અર્થાત્ આપની હરોળમાં ઉભી શકે એવો બીજો કોઈ નથી. આવા તમો છો.[૨૩] હે પ્રભુ ! આવા સર્વે આત્માઓના પણ આત્મા તમોને જે પુરુષો ગુરૂરૂપી સૂર્ય થકી જ્ઞાન દૃષ્ટિ પ્રાપ્ત કરીને સર્વના અંતર્યામિ પણે જુએ (જાણે) છે. તે પુરુષો સંસારરૂપી અસત્ય સમુદ્રને તરી જાય છે.[૨૪] હે પ્રભુ ! જે જીવો પરમાત્માને અંતર્યામી જાણતા નથી, તે જીવોને તમારા એ અજ્ઞાનથી જ આ સર્વે પ્રપંચ (સંસાર) ઉભો થાય છે. કારણ કે જે જીવો તમોને સર્વાન્તર્યામી જાણતા નથી તે જીવો તમારી ઉપાસના કરતા નથી. તેથી દેહને વિષે આત્મભ્રમ અને પોતાને વિષે સ્વતંત્રપણાનો ભ્રમ ઉદય પામે છે. અને દેહાત્મભ્રમ તથા સ્વતંત્રતાના ભ્રમથી જ સંસારની ઉત્પત્તિ થાય છે.અને તમોને સર્વાન્તર્યામી જાણવાથી પાછો એ સંસાર લીન થઈ જાય છે. જેમ દોરડીના યથાર્થ જ્ઞાનના અભાવથી સર્પનો ઉદય થાય છે. અને યથાર્થ જ્ઞાનથી પાછો સર્પનો લય થઈ જાય છે. તેવી રીતે પરમાત્માના જ્ઞાનથી મુક્તિ થઈ જાય છે.[૨૫] હે પ્રભુ ! સંસારનું બંધન અને સંસારથકી મોક્ષ આ બન્નેનું મૂળ કારણ અજ્ઞાન અને જ્ઞાન મનાયેલ છે. તમારા ઉપાસનાત્મક જ્ઞાનના

www.jayswaminarayan.org www.bhujmandir.org

અભાવથી બંધન થાય છે. અને તે જ્ઞાનથી મોક્ષ થાય છે. જેમ દિવસે સૂર્યોદય થતાં જ અંધકારનો લય થઇ જાય છે. તેમ ઉપાસનાએ કરીને પરમતત્ત્વ પરમાત્મા એવા જે તમો, તે તમારો સાક્ષાત્કાર થતાં જ સંસાર લય પામી જાય છે.[૨૬] હે પ્રભુ ! જે પુરુષો પરમાત્મા એવા તમોને જીવસ્વરૂપ માની કરી અને જીવસ્વરૂપને દેહસ્વરૂપ માની કરીને, તમોને વારંવાર બહાર શોધે છે તો એ અજ્ઞાની પુરુષોની કેટલી અજ્ઞાનતા છે. ઘરમાં ખોવાયેલી વસ્તુને બહાર શોધવી એ આશ્ચર્યજનક અજ્ઞાનતા છે. તેવું જ અજ્ઞાન પરમાત્માને બહાર શોધવાનું છે. જે વિવેકી પુરુષો છે એ તો આત્માના અંતરાત્માપણે તમારી ઉપાસના કરે છે.[૨૭] હે પ્રભુ ! વિવેકી પુરુષો છે તે આ શરીરને મધ્યે જીવપર્યન્ત પચીસ તત્ત્વોનો ત્યાગ કરીને પચીસ તત્ત્વોથી વિલક્ષણ એવા તમોને શોધે છે. જેમ દોરડીના યથાર્થ સ્વરૂપને જાણનારા વિવેકી પુરુષો પોતાની સમીપે રહેલી અને તત્ત્વપૂર્વક જણાતી દોરડીને વિષે દોરડીભાવનો ત્યાગ કરીને શું સર્પબુદ્ધિ કરે છે ? નથી કરતા. તેમ વિવેકી પુરુષો જીવાત્મામાં અંતર્યામીપણે રહેલા તમારે વિષે ચોવીસ તત્ત્વોરૂપી જડબુદ્ધિ કરતા નથી, અને જીવબુદ્ધિ પણ કરતા નથી. પરંતુ સ્વરૂપ તથા સ્વભાવે કરીને જડ તથા જીવથી વિલક્ષણ એવા તમોને જાણીને તમારી જ ઉપાસના કરે છે. જો કે વસ્તુતત્ત્વને વસ્તુરૂપે જાણીને ઉપાસના કરવાથી મોક્ષ થાય છે. છતાં પણ આપના ચરણારવિંદની થોડી પણ કૃપા મળે તો જ આપના મહિમાનું તત્ત્વ જણાય છે. અને કૃપા મળ્યા વિના ઘણા કાળ સુધી જડ ભાગનો અપવાદ કરી કરીને વિચાર કર્યા કરે તોપણ કોઇના જાણવામાં આવે નહીં.[૨૮-૨૯]

અહો ભાગ્યમહો ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ । યન્મિત્રં પરમાનન્દં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ।

એટલા માટે હે નાથ ! આ જન્મમાં અથવા કોઇ પશુ પક્ષીના જન્મમાં પણ મને એવું મારૂં ભાગ્ય મળજો, કે જે ભાગ્યથી હું આપના ભક્ત લોકોમાંનો કોઇ પણ થઇને આપના ચરણારવિંદનું સેવન કરૂં.[૩૦] અહો !!! વ્રજની ગાયો અને ગોપીઓ બહુ જ ભાગ્યશાળી છે; કેમકે, જે તમોને તૃપ્ત કરવાને યજ્ઞો પણ અદ્યાપિ સુધી સમર્થ થયા નથી, એવા તમોએ વાછરડાંરૂપે થઇને ગાયો તથા ગોપીઓના પુત્રોના રૂપથી તેઓનું દૂધરૂપી અમૃતને બહુ જ પ્રેમપૂર્વક પીધું.[૩૧] અહો !!! નંદરાયના વ્રજમાં રહેનારાઓનું ખરેખર મોટું ભાગ્ય છે, કેમકે પરમાનંદ પૂર્ણ અને સનાતન સાક્ષાત્ પરમાત્મા તેના મિત્રરૂપ થયેલા છે.[૩૨] હે અચ્યુત ! એ વ્રજવાસીઓના ભાગ્યનો મહિમા તો અપૂર્વ અને કોઇથી વર્ણન ન કરી શકાય એવો છે, પરંતુ દશ ઇંદ્રિયો અને મન, બુદ્ધિ તથા અહંકારના અધિષ્ઠાતા અમે તેર દેવો, કે જેઓમાં રૂદ્ર મુખ્ય છે, તે પણ મહાભાગ્યશાળી છીએ; કેમકે, આ વ્રજવાસીઓની ઇંદ્રિયોરૂપ પ્યાલાઓથી આપના ચરણારવિંદના મકરંદરૂપી મીઠા આસવને વારંવાર પીએ છીએ. એક એક ઇંદ્રિયોના અભિમાની અમે જ્યારે આપના ચરણની કીર્તિ, શોભા અને સુગંધતા આદિ એક એક ભાગનું સેવન કરવાથી પણ કૃતાર્થ છીએ, ત્યારે સર્વે ઇંદ્રિયોથી એ કીર્તિ આદિ સર્વે ભાવોનું સેવન કરનારા વ્રજવાસીઓના ભાગ્યના મહિમાની તો શી વાત કરવી ?[33] એટલા માટે મનુષ્યલોકમાં, તેમાં પણ જંગલને વિષે અને તેમાં પણ ગોકુળમાં ગમે તે જન્મ આવે તોપણ મોટું ભાગ્ય છે; કેમકે ગોકુળમાં જન્મ પ્રાપ્ત થવાથી કોઇપણ ગોકુળવાસી જનની ચરણરજનો અભિષેક થતો રહે. (મળતી રહે) જે તમારા ચરણારવિંદની રજને શ્રુતિઓ પણ અદ્યાપિ સુધી શોધ્યા જ કરે છે, એવા તમો જે વ્રજવાસીઓનાં જીવનરૂપ છો, તે વ્રજવાસીઓની ચરણરજ મળે એપણ મોટો લાભ છે.[૩૪] હે દેવ ! આપ આ વ્રજવાસીઓને કોઇ સમયે પણ સર્વ ફળરૂપ આપનાં સ્વરૂપ કરતાં બીજું અધિક ફળ ક્યું આપશો, એ વિચારમાં ઘુમ્યા કરતું અમારૂં મન મુંઝાય છે. આપનું સ્વરૂપ આપીને પણ આ વ્રજવાસીઓના ઋણમાંથી આપ છૂટી શકો એમ નથી; કેમકે, મારવાની ઇચ્છાથી પણ માતાના સરખો વેશ ધરવાથી, આપે દુષ્ટ પૂતનાને પણ પોતાનું સ્વરૂપ આપ્યું છે, તો આ સાચા ભક્તોને એથી અધિક ફળ આપવું જ ઘટે છે. અને એથી અધિક ફળ કાંઇ જોવામાં આવતું નથી. સાચા ભક્ત વ્રજવાસીઓના સંબંધીઓને પણ આપનું સ્વરૂપ આપી આપ વ્રજવાસીઓના ઋણથી છૂટી શકો એમ નથી; કેમ કે, પૂતનાના સંબંધી બકાસુર અને અઘાસુરને પણ આપ આપનું સ્વરૂપ આપી ચૂક્યા છો. જે વ્રજવાસીઓનાં ઘર, ધન, સંબંધી, મિત્ર, પ્રિય, દેહ, પુત્ર, પ્રાણ અને અંતઃકરણ આપને માટે જ છે, તે વ્રજવાસીઓને પણ પૂતનાના જેટલો જ લાભ આપો તો તે પુરતો કહેવાય નહીં.[૩૫] હે કૃષ્ણ ! રાગદ્વેષાદિક ત્યાં સુધી જ ચોરનું કામ કરે છે, ઘર ત્યાં સુધી જ બંધનના સ્થાનરૂપ થાયછે અને મોહ પણ ત્યાં સુધી જ પગમાં બેડીરૂપ થાય છે, કે જયાં સુધી આપની સાચી ભક્તિ કરવામાં આવે નહીં.[૩૬] આપ પ્રપંચ રહિત છો, તોપણ શરણાગત લોકોને આનંદનો સમૂહ આપવા સારૂ પૃથ્વીમાં પોતાના સંકલ્પથી જ અવતાર લીલાઓ કરો છો.[૩૭] હે પ્રભુ ! આપને જાણતા હોય તે ભલે જાણે, પણ હું તો શું વધારે કહું ? મારૂં મન, શરીર કે વચન આપના મહિમાને પહોંચી શકે તેમ નથી.[૩૮] હે કૃષ્ણ ! હવે મને સત્યલોકમાં જવાની આજ્ઞા આપો. આપ સર્વના દ્રષ્ટા હોવાથી આપના મહિમાને અને અમ જેવાની શક્તિને જાણોજ છો. જગતના સ્વામી આપ જ છો, હું નથી. એટલા માટે મમતાના સ્થાનકરૂપ આ જગત અને શરીર આપને અર્પણ કરૂં છું.[૩૯] યાદવકુળરૂપી કમળને આનંદ આપવામાં સૂર્યની સમાન, અને પૃથ્વી, દેવ, બ્રાહ્મણો અને પશુરૂપ સમુદ્રને વૃદ્ધિ પમાડવામાં ચંદ્રની સમાન, અને પાખંડરૂપી અંધારાને હરવામાં સૂર્ય તથા ચંદ્રની સમાન, અને પૃથ્વી ઉપર કંસાદિ રાક્ષસોનો નાશ કરનારા, અને સૂર્ય પર્યંત સર્વેને પૂજ્ય, એવા હે શ્રીકૃષ્ણ ભગવાન ! કલ્પ પર્યંત આપને મારા પ્રણામ હોજો.[૪૦]

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શુકદેવજી કહે છે- આ પ્રમાણે પ્યારા ભગવાનની સ્તુતિ કરી, ત્રણવાર પ્રદક્ષિણા કરી, ચરણમાં નમસ્કાર કરીને બ્રહ્મા પોતાના લોકમાં ગયા.[૪૧] પછી શ્રીકૃષ્ણ ભગવાન બ્રહ્માની સંમતિ લઈને પૂર્વની પેઠે જ, જે સ્થળે પોતાના મિત્રો બેઠા હતા એવા યમુનાજીના કાંઠા ઉપર વાછરડાંઓને લાવ્યા.[૪૨] વચમાં એક વર્ષ નીકળી ગયું અને તે વળી પોતાના પ્રાણનાથ ભગવાન વિના નીકળ્યું, તો પણ ભગવાનની માયાથી ઘેરાએલા બાળકોએ એક વર્ષના સમયને અર્ધો ક્ષણ માન્યો.[૪૩] ભગવાનની માયાથી મોહ પામેલા જનો આ સંસારમાં શું શું નથી ભુલતા ? બધુ જ ભુલી જાય છે. જે માયાથી મોહ પામેલું જગત વારંવાર પોતાના આત્માને પણ ભુલી જાય છે.[૪૪] તે મિત્રોએ ભગવાનને કહ્યું કે- તમે જલદીથી આવ્યા તે બહુ જ સારૂં થયું. હજુ અમો એકે કોળીઓ જમ્યા નથી, અહીં આવો હવે આપણે નિરાંતે જમીએ.[૪૫] પછી હાસ્ય કરતા ભગવાન બાળકોની સાથે જમીને અજગરનું ચામડું દેખાડતા દેખાડતા વનમાંથી વ્રજમાં જવાને પાછા વળ્યા.[૪૬] ભગવાને મોરપીંછ, ફુલ, અને વનની સિન્દુરાદિક ધાતુઓથી પોતાના શરીરને વિચિત્ર રીતે અલંકૃત કર્યું હતું, વાછરડાંઓને લાડના શબ્દોથી બોલાવતા હતા અને ગોવાળો જેમની પવિત્ર કીર્તિને ગાતા હતા, એવા ભગવાન વ્રજમાં પધાર્યા.[૪૭] આનંદ આપનારા આ યશોદાના પુત્રે આજે મોટા અજગરને માર્યો અને એ અજગરથી અમારી રક્ષા કરી, એમ બાળકોએ વ્રજમાં કહ્યું.[૪૮] પરીક્ષિત રાજા પૂછે છે- વ્રજવાસીઓને પોતાના સગા પુત્રોમાં પણ જેવો પ્રેમ પૂર્વે થયો ન હતો તેવો પ્રેમ પરાયા પુત્ર શ્રીકૃષ્ણમાં શાથી થયો ? તે કહો.[૪૯] શુકદેવજી કહે છે- હે રાજા ! સર્વે પ્રાણીઓને પોતાનો આત્મા જ મુખ્યત્વે કરીને પ્યારો હોય છે. સંતાન અને ધન આદિ બીજાં પદાર્થોમાં પ્યાર થાય છે તેતો આત્મા ઉપરના પ્યારને લીધે જ થાય છે.[૫૦] મમતાના સ્થાનકરૂપ પુત્ર, ઘર અને ધનાદિક કરતાં અહંતાના સ્થાનકરૂપ પોતપોતાના દેહમાં વધારે પ્યાર હોય છે તે પણ આત્માને લઈને હોય છે.[૫૧] હે મોટા રાજા ! જે પુરૂષો દેહને આત્મા કહે છે તે પુરૂષોને પણ જેવો દેહ પ્યારો હોય છે, તેવાં તો દેહને અનુસરીને રહેલાં દેહની પછવાડે પ્રાપ્ત થયેલાં પુત્ર અને ધનાદિક પ્યારાં હોતાં નથી.[૫૨] જે વિવેકી પુરુષ "આ દેહ છે એ હું છું" આમ નહિ માનતાં "આ દેહ મારો છે" આમ માને છે તે વિવેકી પુરુષને આત્મામાં જેવી પ્રીતિ રહે છે. તેવી દેહમાં રહેતી નથી. કારણ કે દેહ બહુ જ જીર્ણ અને બીમાર પડી જાય તો પણ જીવવાની આશા બળવત્તર રહે છે. પણ જીર્ણ થતી નથી. તે સમયે એ વિવેકી પુરુષ એમ બોલે છે કે, જલદી આ દેહથી છુટકારો મળે તો હું સુખી થાઉં. આના ઉપરથી એ સિદ્ધ થાય છે કે સર્વે પ્રાણીઓને વાસ્તવિક રીતે પોતાનો આત્મા જ અત્યંત પ્રિય હોય છે. અને આત્માને લઈને દેહમાં પ્રીતિ થાય છે. અને દેહને લઈને સ્થાવર, જંગમ પદાર્થોમાં પ્રીતિ થાય છે.[૫૩-૫૪] આ પ્રમાણે સર્વેપ્રાણીઓને પરમ પ્રેમના સ્થાનરૂપ જે આત્મા છે, એ આત્માના પણ આત્મા શ્રીકૃષ્ણ ભગવાન છે. અર્થાત્ શ્રીકૃષ્ણ સર્વે આત્માઓની અંદર પણ અંતર્યામીપણે રહેલા છે. તેથી શ્રીકૃષ્ણ ઉપર તો સર્વેને સહજ પ્રેમ થવો સંભવે છે, હે પરીક્ષિત ! આ પ્રમાણે તમે જાણો અને સર્વના આત્મા એવા શ્રીકૃષ્ણ જ જીવનું કલ્યાણ કરવા સારું પોતાના સંકલ્પથી કર્માધીન મનુષ્ય જેવા જણાય છે.[૫૫] શ્રીકૃષ્ણ ભગવાન સ્થાવર અને જંગમ આ બન્ને પદાર્થોના અંતરાત્મા છે. તેથી આ સમગ્ર જગત ભગવાનનું શરીર છે. અને ભગવાન સર્વે જગતના શરીરી છે. શરીર હમેશાં શરીરી આત્મા કરતાં પૃથક્ હોતું નથી. તેથી કોઈ પણ વસ્તુ ભગવાનથી ભિન્ન છે જ નહિ. આ પ્રમાણે વસ્તુતાએ ભગવાનના સ્વરૂપને નહિ જાણનારા અજ્ઞાની મનુષ્યોને શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યની સમાન જણાય છે. પણ એ મનુષ્ય નથી, એતો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે.[૫૬] બ્રહ્માંડને વિષે રહેલા સમગ્ર પદાર્થોની સત્તા, સ્થિતિ, અને પ્રવૃત્તિજે થાય છે તેનું કારણ પ્રકૃતિપુરુષ છે. અને પ્રકૃતિપુરુષના પણ કારણ ભગવાન શ્રીકૃષ્ણ છે. માટે સર્વાન્તર્યામી ભગવાન શ્રીકૃષ્ણથી ભિન્ન કઈ વસ્તુ છે ? અર્થાત્ અબ્રહ્માત્મક વસ્તુ કઈ છે ? તે કહો. અર્થાત્ સર્વે પદાર્થો બ્રહ્માત્મક જ છે.[૫૭] ભગવાનના ચરણરૂપી જે નૌકા છે, એ હમેશાં મહાત્મા પુરુષોને આશ્રય કરવા યોગ્ય છે. તો એ ચરણરૂપી નૌકાનો આશ્રય કરીને જે લોકો રહે છે. તે લોકોને આ સંસારરૂપી સમુદ્ર વાછરડાંના પગના ખાબોચિયાંની સમાન થઈ જાય છે. અર્થાત્ ભગવાનનો આશ્રય કરીને આ સંસારરૂપી સમુદ્ર સહેજે સહેજે તરી શકાય છે. અને વળી ભગવાનનું જે ધામ છે, એ ધામ પણ તે પુરુષોને જ પામવા યોગ્ય છે, કે જે પુરુષો ભગવાનના ચરણરૂપી નૌકાનો આશ્રય કરે છે. અને વિપત્તિઓના સ્થાનરૂપ પુનર્જન્મ પણ તેઓને કદી થતો નથી. અર્થાત્ ધામને પામ્યા પછી ફરીવાર આ સંસારમાં પુનરાવૃત્તિ થતી નથી.[૫૮] ભગવાને કુમાર અવસ્થામાં કરેલાં ચરિત્રની વાત બાળકોએ પૌગંડાવસ્થામાં કહ્યાનું કારણ જે તમે મને પૂછ્યું હતું, તે સર્વે તમને કહી સંભળાવ્યું.[૫૯] ભગવાને મિત્રોની સાથે ક્રીડા કરી, અઘાસુરને માર્યો, લીલાં ઘાસવાળા પ્રદેશમાં ભોજન કર્યું, શુદ્ધ સત્વાત્મક રૂપ દેખાડ્યું અને બ્રહ્માએ તેમની ઘણી સ્તુતિ કરી, આ સર્વે વિષયને જે માણસ સાંભળે અથવા ગાય તેને સર્વે પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે.[૬૦] આવી રીતે છુપી જવા પાજ બાંધવી અને વાંદરાની પેઠે ઠેકોઠેક કરવું ઈત્યાદિ કુમારાવસ્થાના વિહારથી શ્રીકૃષ્ણ અને બળભદ્રે વ્રજમાં કુમાર અવસ્થા પૂરી કરી.[૬૧]

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे । निलायनैः सेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः ॥६१॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ.**

www.jayswaminarayan.org www.bhujmandir.org

## અધ્યાય ૧૫

# ભગવાન શ્રીકૃષ્ણે તાડવનમાં કરેલો ધેનુકાસુરનો વધ.

॥ श्रीशुकउवाच ॥

ततश्च पौगंडवयः श्रितौ व्रजे बभूवतुस्तौ पशुपालसम्मतौ । गाश्चारयन्तौ सखिभिः समं पदैर्वृन्दावनं पुण्यमतीव चक्रतुः ॥१॥

શુકદેવજી કહે છે- કુમાર અવસ્થા વ્યતીત કર્યા પછી, પૌગંડ અવસ્થામાં આવેલા બલરામ અને કૃષ્ણ મિત્રોની સાથે ગાયો ચારવા લાગ્યા અને પોતાના ચરણના ન્યાસો વડે વૃંદાવનને અતિશે પવિત્ર કરતા હતા.[૧] તે સમયે પોતાના યશનું ગાયન કરતા ગોવાળિયાઓથી વીંટાએલા અને વેણું વગાડતા ભગવાન શ્રીકૃષ્ણ પશુઓને આગળ કરીને વિહાર કરવાની ઈચ્છાથી, પશુઓને હિતકારક અને ફુલની સમુદ્ધિવાળા એ વૃંદાવનમાં બળભદ્રની સાથે પ્રવેશ કર્યો.[૨] સુંદર શબ્દ કરનારા ભ્રમર, મૃગ અને પક્ષીઓથી વ્યાપ્ત અને મહાત્મા પુરૂષોના મનની પેઠે સ્વચ્છ જળથી ભરેલા તળાવમાંથી આવતા તથા કમળની સુગંધવાળા પવને સેવેલું તે વન જોઈને ભગવાને રમવાનું મન કર્યું.[૩] ત્યા રાતાં કુપરની શોભાની સાથે ફળ અને ફુલના ઘણા ભારથી જેની શાખાઓના અગ્રભાગ પગને અડતા હતા, એવાં વૃક્ષોને જોઇને આનંદથી જાણે હસતા હોય, એવા ભગવાને મોટાભાઈ બળભદ્રને કહ્યું.[૪]

अहो अमी देववरार्चितं पादाम्बुजं ते सुमनःफलार्हणम् । नमन्त्युपादाय शिखाभिरात्मनस्तमोऽपहत्यै तरुजन्म यत्कृतम् ॥

ભગવાન કહે છે- અહો ! હે દેવતાઓમાં ઉત્તમ ! આ વૃક્ષ પોતાને વૃક્ષનો જન્મ પમાડનાર પાપનો નાશ કરવાને માટે પોતાની શાખાઓના અગ્રભાગરૂપી હસ્તથી ફુલ તથા ફળરૂપી પૂજનના પદાર્થો લઈને, દેવતાઓએ પણ પૂજેલા તમારા ચરણારવિંદને પ્રણામ કરે છે.[૫] હે આદિ પુરૂષ ! સર્વલોકોને પવિત્ર કરનારી આપની કીર્તિનું ગાયન કરતા આ ભ્રમરાઓ પગલે પગલે આપની સેવા કરે છે, માટે ઘણું કરીને આ ભ્રમરાઓ આપના સેવકોમાં મુખ્ય મુનિઓ જણાય છે, કેમકે- પોતાના ભક્તોના પરમ ગતિરૂપ એવા આપ, વનમાં મનુષ્યનાવેષથી ગુપ્ત રહ્યા છો, તો પણ આપને એ મુનિઓ ભ્રમરના વેષથી ગુપ્ત થઈને વનમાં પણ છોડતા નથી.[૬] હે સ્તુતિ કરવા યોગ્ય ! આપનુ સન્માન કરવા આપની પાસે આ મયુરો નાચ કરે છે, મૃગલીઓ આપને આનંદથી જોઈને ગોપીઓની પેઠે આપને રાજી કરે છે. અને કોયલના ટોળાંઓ સુંદર શબ્દોથી આપની સેવા કરે છે, માટે આ વનવાસીઓ ભાગ્યશાળી છે. કારણ કે પોતાની પાસે જે કાંઈ હોય તે ઘેર આવેલા મહાત્મા પુરૂષને અર્પણ કરવું, એ જ સજ્જનોનો સ્વભાવ છે.[૭] આજે પૃથ્વી, ઘાસ અને લતાઓ આપના ચરણારવિંદનો સ્પર્શ કરવાથી ભાગ્યશાળી થયાં છે. આ ઝાડ અને લતાઓ આપના નખનો સ્પર્શ મળવાથી ભાગ્યશાળી થયાં છે. નદી, પર્વત, પક્ષી અને પશુઓ, આપની દયા યુક્ત દૃષ્ટિ પાતથી ભાગ્યશાળી થયાં છે. અને ગોપીઓ પણ તમારા વક્ષઃસ્થલના આલિંગનથી ભાગ્યશાળી બની છે. જે વક્ષઃસ્થલને લક્ષ્મીજી પણ ઈચ્છે છે.[૮]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે વૃંદાવનની શોભા જોઈને રાજી થતા અને પર્વત પાસેની નદીઓના કાંઠાઓમાં પશુઓને ચરાવતા ભગવાન ગોવાળોની સાથે રમતા હતા.[૯] માળા ધરનાર બળભદ્ર સહિત ગોવાળો જેમનાં ચરિત્રને ગાતા હતા, એવા ભગવાન કોઈ સમયે ગાયન કરતા મદોન્મત્ત ભ્રમરાઓની સાથે પોતે પણ ગાતા હતા. કોઈ સમયે હંસની પાછળ બોલતા હતા, નૃત્ય કરતા મોરની સામે મિત્રોને હસાવવા સારૂ પોતે નૃત્ય કરતા હતા.[૧૦-૧૧] કોઈ સમયે ગાયો તથા ગોવાળોના મનને ગમે એવી મેઘના સરખી ગંભીર વાણીથી નામ લઈને દૂર ગયેલી ગાયોને પ્રીતિપૂર્વક બોલાવતા હતા.[૧૨] ચકોર, ક્રૌંચ, ચક્રવાક, ભારદ્વાજ અને મોર બોલતા હોય તેની પછવાડે તેના જેવા જ શબ્દ કરતા હતા. અને પશુઓ વાઘ તથા સિંહથી ભાગતાં હોય ત્યાં પોતે પણ ભય પામેલાની પેઠે ભાગતા હતા.[૧૩] કોઈ સમયે ક્રીડાથી થાકીને ગોવાળોના ખોળાનું ઓશીકું કરી બળભદ્ર પોઢ્યા હોય, ત્યારે પોતે પગ ચાંપવા આદિથી બાળકોના પરિશ્રમને દૂર કરતા હતા.[૧૪] ક્યારેક પરસ્પરના હાથ પકડી ઉભેલા અને હસતા એ બે ભાઈઓ પરસ્પર નાચતા, ગાતા, કૂદતા અને યુદ્ધ કરતા એવા ગોવાળોને વખાણતા હતા.[૧૫] કોઈ સમયે શ્રીકૃષ્ણ મલ્લયુદ્ધના પરિશ્રમથી ઘેરાઈ જઈને ઝાડના મૂળની પાસે ગોવાળોના ખોળામાં માથું મૂકીને પાંદડાંની શય્યામાં પોઢતા હતા.[૧૬] કેટલાક નિર્દોષ ગોવાળો શ્રીકૃષ્ણના પગ ચાંપતા હતા અને કેટલાક પાંદડાં આદિથી બનાવેલા વીંઝણાઓ વતે પવન ઢોળતા હતા.[૧૭] હે મોટા રાજા ! તે સમયે સ્નેહથી આર્દ્રબુદ્ધિવાળા ગોવાળો મનને ગમે એવાં અને ભગવાનને ઘટે એવાં ગાયન ધીરે ધીરે કરતા હતા.[૧૮] આ પ્રમાણે પોતાના સંકલ્પથી કરેલાં ચરિત્રો દ્વારા ગોવાળના પુત્રભાવનું અનુકરણ કરતા, પોતાનો સ્વભાવ ગુપ્ત રાખવા છતાં પણ, વચમાં જેની ઈશ્વર સંબંધી લીલા જોવામાં આવતી હતી એવા અને લક્ષ્મીજીએ લાડવેલાં ચરણારવિંદવાળા શ્રીકૃષ્ણ ગામડીયા લોકોની સાથે રમતા હતા.[૧૯] એક વખત શ્રીકૃષ્ણ અને બળભદ્રનો સખા શ્રીદામા, સુબલ, સ્તોક અને કૃષ્ણાદિક બીજાઓ પણ પ્રેમથી કહેવા લાગ્યા કે- હે બળભદ્ર ! હે મોટાબાહુબળવાળા ! હે દુષ્ટલોકોને મારનાર ! હે શ્રીકૃષ્ણ ! અહીંથી થોડેક છેટે તાડની પંક્તિઓવાળું મોટું વન છે.[૨૦-૨૧] એ વનમાં ઘણાં ફળ પડેલાં હોય છે અને પડે છે છતાં પણ દુરાત્મા ધેનુકાસુર એ ફળો કોઈને લેવા દેતો નથી.[૨૨] હે બળભદ્ર ! હે કૃષ્ણ ! એ ઘણાબળવાળો દૈત્ય ગધેડાનુંરૂપ ધરીને રહ્યો છે અને તેની સાથે તેના જ જેવા બીજા ઘણા દૈત્યો છે.[૨૩] હે શત્રુઓને મારનાર !

www.jayswaminarayan.org www.bhujmandir.org

મનુષ્યોને ખાઇ જનારા એ દૈત્યની બીકથી કોઇ મનુષ્યો તે વનમાં જતાં નથી અને પશુઓ તથા પક્ષીઓ પણ તે વનને છોડી દીધું છે.[૨૪] એ વનમાં સુગંધી ફળો અમે કોઇ દિવસ ખાધાં નથી. જુઓ આ ચારેકોર પ્રસરતો તે ફળનો સુગંધ ચાલ્યો આવે છે.[૨૫] હે કૃષ્ણ ! એ ફળની સુગંધીમાં અમારાં મન લલચાયાં છે. એ ફળો ખાવાની અમારી તીવ્ર ઇચ્છા છે. માટે એ ફળ અમોને આપો. હે બળભદ્ર ! રૂચિ થતી હોય તો ત્યાં આપણે ચાલીએ.[૨૬] આ પ્રમાણે મિત્રોનું વચન સાંભળી તેનું પ્રિય કરવાની ઇચ્છાથી, શ્રીકૃષ્ણ અને બળભદ્ર બન્ને હસીને તેઓને સાથે લઇ તાડના વનમાં ગયા.[૨૭] બળભદ્ર અંદર પેસીને હાથીની પેઠે બળથી હાથવતે તાડને હલાવી હલાવી ફળ પાડવા લાગ્યા.[૨૮] પડતાં ફળોનો શબ્દ સાંભળી ઝાડ સહિત ધરતીને ધ્રુજાવી નાંખતો એ દૈત્યગધેડો બળભદ્ર સામે દોડ્યો.[૨૯] તુરત આવીને બળભદ્રની છાતીમાં પાછલા બે પગની પાટુ મારી, ગધેડાંની જાતિનો શબ્દ કરતો એ બળવાન દૈત્ય ચારેકોર દોડવા લાગ્યો. [૩૦] હે રાજા ! ક્રોધ પામેલો તે ગધેડો પાછો આવી બળદેવજીની સામે પુંઠ વાળીને ક્રોધથી બળભદ્ર ઉપર પાછલા પગ ઉછાડવા માંડ્યો.[૩૧] બળભદ્રે એક હાથથી તેના પાછલા પગ પકડી લઇ ફેરવીને તેને તાડના ઝાડમાં પછાડ્યો.[૩૨] એ દૈત્યનું શરીર અથડાવાથી વિશાળ ઘટાવાળું તાળનું વૃક્ષ કંપવા લાગ્યું. અને બાજુમાં રહેલા બીજા તાડના વૃક્ષને કંપાવતું થકું ભાંગી પડ્યું. બીજાએ ત્રીજા વૃક્ષને અને ત્રીજાએ ચોથા વૃક્ષને કંપાવીને ભાંગી નાખ્યું.[૩૩] બળભદ્રે લીલાથી ફેંકેલા ગધેડાના શરીરથી પડીજતા તાડવૃક્ષોના આઘાતથી સર્વે તાડો જાણે ભારે પવન દ્વારા હલાવેલાં હોય તેમ હાલી ગયાં.[૩૪] જેની અંદર આ જગત તાંતણાઓમાં વસ્ત્રની પેઠે ઓતપ્રોત છે, એવા જગતના ઇશ્વર બળદેવજીએ આવું બળ દેખાડ્યું એ કાંઇ આશ્ચર્ય ગણવા જેવું નથી.[૩૫] પછી ધેનુકાસુરનાં સંબંધી બીજાં ગધેડાંઓ કે જેઓનો બાંધવ માર્યો ગયો તે સર્વે ક્રોધ કરીને શ્રીકૃષ્ણ અને બળભદ્ર સામે દોડ્યાં.[૩૬] હે રાજા ! જે જે ગધેડાં આવ્યાં તે તે ગધેડાંના પાછલા પગ પકડીને શ્રીકૃષ્ણ અને બળદેવજી લીલાથી તાડના વૃક્ષોમાં પછાડ્યાં.[૩૭] ફળોના ઢગલાથી, મરણ પામેલા દૈત્યોના શરીરોથી અને તાડની શાખાઓથી વ્યાપ્ત થયેલી પૃથ્વી વાદળાંઓથી છવાએલા આકાશની પેઠે શોભવા લાગી.[૩૮] શ્રીકૃષ્ણ અને બળદેવજીનું એ મોટું કામ જોઇને દેવો આકાશમાં રહીને ફુલની વૃષ્ટિ કરવા લાગ્યા, વાજાં વગાડવા તથા સ્તુતિ કરવા લાગ્યા.[૩૯] પછી ધેનુકાસુર મરી જતાં એ વનમાં માણસો નિર્ભય થઇને તાડનાં ફળ ખાવા લાગ્યાં અને પશુઓ ઘાસ ચરવા લાગ્યાં.[૪૦] અને પછી કમળપત્ર સરખાં નેત્રવાળા, પવિત્ર શ્રવણ અને કીર્તિવાળા અને અનુચર ગોવાળો જેની સ્તુતિ કરતા હતા, એવા ભગવાન શ્રીકૃષ્ણ બળદેવજીની સાથે વ્રજમાં પધાર્યા.[૪૧] ગાયોના ચરણની રજથી ઘેરાએલા, કેશમાં બાંધેલાં મોરપીછથી અને વનનાં પુષ્પોથી ભગવાન શોભી રહ્યા હતા, નેત્ર તથા હાસ્ય બહુ જ સુંદર હતાં. વેણું વગાડતા હતા અને અનુચરો પછવાડે કીર્તિનું ગાયન કરતા આવતા હતા. એવા ભગવાનને જોવા સારૂ ઘણી ઉત્કંઠાથી ગોપીઓ ભેળી થઇને સામી આવી.[૪૨] ભગવાનના મુખરૂપી મધને નેત્રરૂપી ભ્રમરોથી પાન કરીને વ્રજની સ્ત્રીઓએ દિવસના વિરહનો તાપ દૂર કર્યો. ગોપીઓએ લાજ સહિત હાસ્ય અને વિનયપૂર્વક કટાક્ષ મારવારૂપ જે સત્કાર કર્યો, તેનો સ્વીકાર કરી ભગવાન વ્રજમાં પધાર્યા.[૪૩] પુત્ર ઉપર પ્રીતિવાળી યશોદા અને રોહિણી, પોતાના પુત્રોને તેની ઇચ્છા પ્રમાણે સમયસર સર્વે સુખની ઉત્તમ સગવડો કરી આપતી હતી.[૪૪] ઘેર આવીને સ્નાન અને મર્દનાદિકથી બન્ને ભાઇનો થાક ઉતરી ગયો. સુંદર વસ્ત્ર પહેરી લીધાં, દિવ્ય માળાઓ અને ચંદનથી શણગાર્યા, ઘણા લાડથી માતાએ આપેલું સ્વાદિષ્ટ અન્ન જમ્યા અને પછી ઉત્તમ શય્યામાં પોઢી ગયા.[૪૫-૪૬] આ પ્રમાણે દરરોજ વૃંદાવનમાં ફરતા ભગવાન એક દિવસ બળભદ્ર વિના એકલાજ બીજા મિત્રોની સાથે યમુનાજીને કાંઠે ગયા.[૪૭] ત્યાં ગ્રીષ્મઋતુના તાપથી પીડાએલી ગાયો અને ગોવાળો તરસના માર્યા ઝેરથી દૂષિત થયેલું તે યમુનાનું જળ પીધું.[૪૮] હે રાજા ! દૈવે જેની બુદ્ધિ હરી લીધી હતી એવી ગાયો અને ગોવાળો તે જળનો સ્પર્શ કરતાંની સાથે મરણ તુલ્ય થઇ પડી ગયા.[૪૯] જેઓના નાથ પોતે જ છે એવા શ્રીકૃષ્ણ આ પડેલા ગોવાળો તથા ગાયોને જોઇ, યોગેશ્વરોના પણ ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાને પોતાની અમૃત વર્ષાવનારી અમીદષ્ટિથી સર્વેને જીવતા કર્યા.[૫૦] સારી રીતે જેઓને સ્મૃતિ આવી છે એવા એ ગોપબાલો જળ પાસેથી ઉઠી બહુજ વિસ્મય પામ્યા અને એક બીજાની સામે જોવા લાગ્યા.[૫૧] હે રાજા ! ઝેર પીને મરી જવા છતાં પોતે ઉઠ્યા એ કેવળ ભગવાનની કૃપાદષ્ટિથી જ થયું, એમ ગોવાળો માનવા લાગ્યા.[૫૨]

अन्वमंसत तद्राजन् गोविंदानुग्रहेक्षितम् । पित्वा विषं परेतस्य पुनरुत्थानमात्मनः ॥५२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો પંદરમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૬

## ભગવાને કરેલું કાલીનાગનું દમન.

॥ श्रीशुकउवाच ॥

विलोक्य दूषितां कृष्णां कृष्णः कृष्णाहिना विभुः । तस्या विशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयत् १

શુકદેવજી કહે છે- શ્રીકૃષ્ણ ભગવાને યમુનાજીને કાલીનાગથી દૂષિત થયેલી જોઇ, તેને શુદ્ધ કરવાની ઇચ્છાથી તે કાલીનાગને

www.jayswaminarayan.org www.bhujmandir.org

તેમાંથી બહાર કાઢ્યો.[૧] પરીક્ષિત રાજા પૂછે છે- એ યમુનાના અગાધ જળની અંદર ભગવાને નાગને શી રીતે શિક્ષા કરી ? અને તે કાલીનાગ સ્થલચર પ્રાણી છતાં ઘણા યુગ પર્યંત જળમાં શા કારણથી અને કયા પ્રકારથી રહેતો હતો ? તે કહો.[૨] હે મહારાજ ! સ્વતંત્ર એવા શ્રીકૃષ્ણનું ગોવાળપણાના ઉદાર ચરિત્રરૂપી અમૃત પીતાં કોણ તૃપ્તિ પામે ?[૩] શુકદેવજી કહે છે- યમુનાજીમાં કાલિનાગનો એક ધ્રો હતો, કે જે ધ્રોનું પાણી ઝેરરૂપી અગ્નિથી ઉકળતું હતું. અને જે એ ધ્રો ઉપરથી ઉડતાં પક્ષીઓ પણ પડી જતાં હતાં.[૪] એ ધ્રોને કાંઠે જે કોઈ સ્થાવર જંગમ પ્રાણીઓ હોય તે પવનના કારણે ઉડતાં નાનાં જળનાં બીંદુસ્પર્શથી મરી જતાં હતાં.[૫] દુષ્ટ લોકોનો નિગ્રહ કરવા સારૂ જ જેણે અવતાર લીધો છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન કાલિનાગને બહુજ ભયંકર ઝેરના બળવાળો જાણીને અને તેણે નદીને દુષ્ટ કરી નાખેલી જોઈને, દઢ ભેઠ બાંધી, ઉંચા કદંબ ઉપરથી ઝેરી પાણીમાં પડ્યા.[૬] શ્રીકૃષ્ણ ભગવાનના પડવાના વેગથી ક્ષોભ પામેલા સર્પોના ઝેરથી પાણી ઉચું ચડ્યું, અને મોજાં ઉછળવા લાગ્યાં, આવો એ કાલિય નાગનો ધ્રો જાણે દોડતો હોય એવી રીતે ચારેકોર સો સો ધનુષ સુધી ફેલાઈ ગયો. છતાં અનંત બળવાળા ભગવાનને તો એ સર્વ લીલા માત્ર છે.[૭] ધ્રોમાં વિહાર કરતા અને મદોન્મત્ત ઉત્તમ હાથીના સરખા પરાક્રમવાળા, એ ભગવાનના ભુજદંડથી ઘુમેલા જળનો શબ્દ સાંભળીને, પોતાના ઘરનો પરાભવ થયો જાણી, અસહનતાથી કાલિયનાગ ભગવાનની પાસે આવ્યો.[૮] જોવા યોગ્ય સુકુમાર, મેઘની પેઠે શ્યામસુંદર, શ્રીવત્સને ધરનાર, પીળાં વસ્ત્રવાળા, એવા શ્રીકૃષ્ણ ભગવાનને કાલિયનાગ ક્રોધથી કરડીને પોતાના શરીરથી વીંટાઈ વળ્યો.[૯] ભગવાનના પ્રિયમિત્ર ગોવાળો કે જેમણે ભગવાનને જ પોતાના દેહ, સંબંધી, ધન, સ્ત્રીઓ અને ઈષ્ટ પદાર્થો અર્પણ કરેલાં હતાં, એવા તે ભગવાન નાગના શરીરથી વીંટાએલા અને જેની ચેષ્ટા જોવામાં આવતી ન હતી, એવા ભગવાનને જોઈને બહુ જ પીડા પામ્યા, અને દુઃખ, શોક તથા ભયથી મૂર્છિત થઈને પૃથ્વી પર ઢળી પડ્યા.[૧૦] ગાયો અને વાછરડાંઓ દુઃખથી ચીસો પાડવા લાગ્યાં, ભય પામી ભગવાનની સામું જોઈ રોતાં હોય તેમ ઉભાં રહ્યાં.[૧૧] એજ સમયે વ્રજમાં અત્યંત ભય સમીપમાં છે, એવું સૂચવનારા ત્રણ પ્રકારના ઉત્પાતો થયા. તેમાં પૃથ્વી ઉપર ભૂકંપ આદિ, આકાશમાં ઉલ્કાપાત આદિ અને પોતાના શરીરમાં ડાબાં અંગો ફરકવાં એ આદિ.[૧૨] ઉત્પાતોને જોઈ, ભયથી ઉદ્વેગ પામેલા અને ભગવાનના સ્વરૂપને નહીં જાણનારા નંદાદિક ગોવાળો, ગાયો ચારવાને એકલા ગયેલા ભગવાનને જાણી અને તે અપશુકનો ઉપરથી તેમને મરણ પામેલા માની, ભગવાનનાં દર્શનની ઈચ્છાથી બાળક, વૃદ્ધ અને સ્ત્રીઓ સહિત સર્વે ગોવાળો ગોકુળમાંથી બહાર નીકળ્યા. તેના પ્રાણ અને મન ભગવાનમાં જ હતાં. અને સર્વે વ્રજવાસીઓ દુઃખ, શોક તથા ભયથી આતુર અને દીન થઈ ગયાં હતાં.[૧૩-૧૫] ગોવાળોને આ પ્રમાણે ભય પામેલા જોઈ પોતાના નાના ભાઈના પ્રભાવને જાણનારા બળભદ્ર હસવા લાગ્યા, પણ કાંઈ બોલ્યા નહીં.[૧૬] પોતાના પ્યારા શ્રીકૃષ્ણને શોધવા લાગેલા તે ગોવાળો ભગવાનના પગલાંએ સૂચવેલા માર્ગથી યમુનાજીને કાંઠે ગયા.[૧૭] એ ગોવાળો ગાયોના પગલાંની સાથે સાથે કમળ, યવ, અંકુશ, વજ્ર અને ઉર્ધ્વરેખાનાં ચિહ્નવાળાં ભગવાનનાં પગલાંઓને જોતા જોતા ઉતાવળથી ત્યાં પહોંચ્યા.[૧૮] ધ્રોની અંદર ભગવાનને સર્પથી વીંટાએલા અને શરીરની ચેષ્ટા વગરના જોઈ, અને યમુનાના કાંઠે ગોવાળોને મૂઢ થયેલા, અને પશુઓને ચીસો પાડતાં જોઈ મુંઝાઈ ગયા.[૧૯] ભગવાનમાંજ જેનું મન લાગી રહ્યું હતું એવી અને ભગવાનનાં સ્નેહ, મંદહાસ્ય, કટાક્ષ અને વચનોને સંભારતી તથા ભગવાન સર્પથી લેવાઈ જતાં બહુ જ દુઃખથી તપી ગયેલી ગોપીઓ પોતાના પ્યારા શ્રીકૃષ્ણ વિના ત્રૈલોક્યને ઉજ્જડ દેખવા લાગી.[૨૦] યશોદા પોતાના પુત્રની પાછળ પાણીમાં પડવા લાગ્યાં, તેમને પકડી રાખીને આંસુ ખેર્યા કરતી અને યશોદાની સમાન જ વ્યથાવાળી અને ભગવાનના મુખ ઉપર દૃષ્ટિ રાખી રહેલી, એવી ગોપીઓ મુડદાં જેવી થઈ ગઈ હતી.[૨૧] જેઓના પ્રાણરૂપ કૃષ્ણ જ હતા એવા નંદાદિ ગોવાળોને ધ્રોમાં પેસતા જોઈ, શ્રીકૃષ્ણના પ્રભાવને જાણનારા બળદેવજીએ તેઓને રોકી રાખ્યા હતા.[૨૨] પછી પોતા સિવાય બીજી જેમની કોઈ ગતિ નથી અને પોતાને માટે જ દુઃખી પામતું એવું સ્ત્રી તથા બાળકો સહિત ગોકુળને જોઈ, મનુષ્ય લીલાનું અનુકરણ કરતા ભગવાન શ્રીકૃષ્ણ બે ઘડીવાર એવી જ સ્થિતિમાં રહીને, તરત સર્પના બંધનમાંથી બહાર નીકળ્યા.[૨૩] ભગવાનનું શરીર વધવા માંડતાં જેના શરીરના સાંધા ત્રુટવા લાગ્યા છે, એવો કાલિયનાગ પોતાનો આંટો છોડી નાખીને ક્રોધથી પોતાની ફેણો ઉંચી કરી, કેવળ ભગવાનની સામું જોઈને ફુંફાડા માર્યા કરતો હતો.[૨૪] પ્રત્યેક મોઢાંમાં બબ્બે અણીવાળી જીભથી ગલફાં ચાટ્યા કરતા અને અત્યંત ભયંકર ઝેરરૂપી અગ્નિથી ભરેલી દૃષ્ટિવાળા એ કાલિયનાગની ચારેકોર ક્રીડા કરતા ભગવાન ગરૂડની પેઠે ફરવા લાગ્યા, અને લાગ જોયા કરતો એ કાલિયનાગ પણ ભગવાનની ચારેકોર ફરવા લાગ્યો.[૨૫] આ પ્રમાણે ફરવાથી જેની શક્તિ હણાઈ ગઈ છે એવા અને ઉંચી ફેંણોવાળા કાલિયને નમાવી ભગવાન તેની મોટી ફેંણ ઉપર ચઢી ગયા. તે સમયે કાલીનાગના મસ્તકમાં રહેલા રત્નોના સમૂહના સ્પર્શથી જેનાં ચરણારવિંદ બહુ જ ચળકવા માંડ્યાં, એવા ભગવાન નાગનું માથું ચંચળ હતું તોપણ પોતે નૃત્યાદિક સર્વ કળાઓના મુખ્ય હોવાથી તેના ઉપર નૃત્ય કરવા લાગ્યા.[૨૬] કાલીનાગની ફેણ ઉપર નૃત્ય કરતા ભગવાનને જોઈ ભગવાનના સેવક એવા ગાંધર્વો, સિદ્ધ, દેવ, ચારણ અને અપ્સરાઓ પ્રેમ પૂર્વક મૃદંગ, પણવ, વાદ્ય, ગીત, પુષ્પ, નૈવેદ્ય અને સ્તુતિથી સેવા કરવા સમીપે આવ્યા.[૨૭] હે રાજા ! જેનાં એકસો મુખ્ય માથાં હતાં એવો કાલિયનાગ પોતાની આયુષ્ય ક્ષીણ થયા છતાં પણ ફર્યા કરતો હતો, તેનું જે જે માથું નમતું ન હતું તેને, ભગવાન પોતાના ચરણનો પહાર કરીને નમાવતા હતા. મોઢાંમાંથી અને નાકમાંથી ભયંકર લોહી

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ઓકતો એવો નાગ બહુજ કષ્ટ પામ્યો.[૨૮] ક્રોધથી લાંબા શ્વાસ લેતો અને આંખથી ઝેર ઓકતો એ નાગનો મદ ઉતારી નાખ્યો. તે સમયે દેવતાઓ દ્વારા પુષ્પથી પૂજાયેલા ભગવાન સાક્ષાત્ પુરાણપુરૂષ જેવા, ગોવાળોના જોવામાં આવ્યા. ભગવાનનાં વિચિત્ર તાંડવને લીધે ફણાઓમાંથી ઘણું લોહી ઓકતો અને ગાત્રભંગ થયેલો નાગ, શ્રીકૃષ્ણ ભગવાનને સ્થાવર જંગમના ગુરૂ એવા સાક્ષાત્ નારાયણ જાણીને મનથી તેમને શરણે ગયો.[૨૯-૩૦] જેના ઉદરમાં સઘળું જગત રહેલું છે. એવા ભગવાનના બહુ જ ભારથી પીડા પામેલો અને ભગવાનના ચરણની પેનીના પહારથી જેનું ફણારૂપી છત્ર ભાંગી પડ્યું છે, એવા કાલીનાગને જોઇને પીડા પામેલી અને જેનાં વસ્ત્ર ભૂષણ અને કેશબંધ શિથિલ થઇ ગયા હતા, એવી કાલિની સ્ત્રીઓ ભગવાનને શરણે આવી.[૩૧] બહુજ ઉદ્વેગ પામેલી અને પતિના દુઃખથી છુટકારો ઇચ્છતી, એ નાગ પત્નીઓ હાથ જોડી પોતાના શરીરને ધરતી ઉપર દંડવત્પ્રણામ કરીને શરણ આપનારા ભગવાનને શરણે ગઇ[૩૨]

નાગ પત્નિઓ સ્તુતિ કરે છે- હે મહારાજ ! આપે આ અપરાધીને તેના અપરાધની શિક્ષા કરી તે યોગ્ય જ છે. કારણ કે શત્રુ તથા પુત્રોના ઉપર સમાન દષ્ટિ રાખનારા આપનો આ અવતાર, ખળ લોકોને શિક્ષા કરવા માટે છે. અને તમો પણ કર્મના ફળ તરફ જ દૃષ્ટિ રાખીને અપરાધની શિક્ષા કરો છો.[૩૩] આપે અમારા પતિની શિક્ષા કરી તે પણ અમારી ઉપર અનુગ્રહ કર્યો છે. કારણ કે આ અમારા પતીને જે પાપથી સર્પનો અવતાર આવ્યો છે તે પાપ આપના ક્રોધથી દૂર થયું છે, માટે આપના ક્રોધને પણ અમો અનુગ્રહરૂપ માનીએ છીએ.[૩૪] પૂર્વે આ નાગે પોતે માનનો ત્યાગ કરીને અને બીજાઓને માન આપીને સર્વ જન ઉપર દયા રાખવા પૂર્વક કયું તપ કર્યું હશે ? અને કયો ધર્મ સારી રીતે પાળ્યો હશે ? કે જેથી સર્વને જીવાડનાર આપ પ્રસન્ન થયા છો.[૩૫] ઉત્તમ સ્ત્રી લક્ષ્મીએ પણ જે આપના ચરણને પામવાની ઇચ્છાથી સર્વ વૈભવનો ત્યાગ કરી તથા ઘણા કાળ સુધી નિયમો પાળી તપ કર્યું હતું, તે આપના ચરણના સ્પર્શનો અધિકાર આ સર્પને મળ્યો, તે શા પુણ્યના પ્રભાવથી મળ્યો ? એ અમે જાણતાં નથી.[૩૬] આપના ચરણારવિંદની રજને સેવનારા પુરૂષો સ્વર્ગ, ચક્રવર્તીપણું, બ્રહ્માની પદવી, પાતાળનું રાજ્ય, યોગની સિદ્ધિઓ અથવા મોક્ષને પણ ઇચ્છતા નથી.[૩૭] હે નાથ ! બીજાઓને ન મળે એવી આપની ચરણરજને તમોગુણથી ઉત્પન્ન થયેલો અને ક્રોધને વશ આ નાગ પણ પામ્યો, કે જે ચરણરજથી સંસારચક્રમાં ભટકતો પ્રાણી માત્ર ઇચ્છા કરે તેટલામાં જ જોઇતું સુખપ્રાપ્ત થઇ જાય છે.[૩૮] અંતર્યામી, મહાત્મા, આકાશાદિક પંચમહાભૂતના આશ્રયરૂપ, સર્વના આદિકારણ અને સર્વ કારણોના પણ કારણ આપ ભગવાનને પ્રણામ કરીએ છીએ.[૩૯] જ્ઞાન તથા વિજ્ઞાનના ભંડાર, પરબ્રહ્મ, અનંત શક્તિવાળા, સત્વાદિક માયિક ગુણોથી રહિત, નિર્વિકાર અને પ્રકૃતિને પ્રવર્તાવનાર આપને પ્રણામ કરીએ છીએ.[૪૦] કાળસ્વરૂપ, કાળશક્તિના આશ્રયરૂપ, નિમેષથી આરંભીને વર્ષ પર્યંતના જે કાળના અવયવો તેના સાક્ષી, વિશ્વરૂપ, વિશ્વના દ્રષ્ટા, વિશ્વના કર્તા, વિશ્વના કારણરૂપ, પંચભૂત, તન્માત્રા, ઇન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ અને ચિત્ત આ સર્વેના પ્રવર્તક, અહંકારને કારણે દેહાદિકમાં અભિમાનવાળા તથા સ્વતંત્રપણાના અભિમાનવાળા જીવોને, પોતાના સ્વરૂપનું સુખ નહિ આપનારા, અનંત, સૂક્ષ્મ, કૂટસ્થ, સર્વજ્ઞ, સાંખ્ય, યોગ એ આદિ અનેક પ્રકારના વાદોની જેમાં સમાપ્તિ થઇ જાયછે. અને વાચ્ય પદાર્થ અને વાચક શબ્દ તેના તો એક શક્તિરૂપ, અર્થાત્ આ શબ્દથી આ પદાર્થ જાણવું આવો સંકેત જેના થકી થાય છે. આવા આપને પ્રણામ કરીએ છીએ.[૪૧-૪૩] નેત્રાદિ સર્વે ઇન્દ્રિયોના કારણરૂપ, સર્વજ્ઞપણાથી યુક્ત, વેદો જેના શ્વાસ છે. અર્થાત્ વેદોના આવિર્ભાવના કારણરૂપ, પ્રવૃત્તિ કર્મ તથા નિવૃત્તિ કર્મનું પ્રતિપાદન કરનારા અને ઉપનિષદ્ સંબન્ધી જ્ઞાનના પ્રવર્તક, એવા આપને નમસ્કાર કરીએ છીએ.[૪૪] સર્વે જનોના દુઃખનું આકર્ષણ કરનારા હોવાથી કૃષ્ણ શબ્દથી કહેલા, સર્વે જનોને આનંદ આપનારા હોવાથી રામશબ્દથી કહેલા, શુદ્ધ અંતઃકરણમાં આવિર્ભાવ પામનારા હોવાથી વસુદેવસુત શબ્દથી કહેલા, પ્રકૃષ્ટ ધનથી યુક્ત હોવાથી પ્રદ્યુમ્ન શબ્દથી કહેલા, જ્ઞાની ભક્તોના નિરોધથી રહિત હોવાથી અનુરુદ્ધ શબ્દથી કહેલા, અને એકાંતિકભક્તોના પતિ એવા આપને પ્રણામ કરીએ છીએ.[૪૫] પોતાના ભક્તજનોની આગળ કૃપાળુપણું એ આદિક ગુણોને પ્રકટ કરનારા અથવા મનુષ્યલોકમાં આવીને સત્ય, શૌચાદિગુણોને બતાવનારા, અને દેવ મનુષ્યાદિકને વિષે અવતારો ધારણ કરીને તે તે દેવ મનુષ્યની જાતિના જે સ્વભાવો, તેણે કરીને સમગ્ર ઐશ્વર્યથી યુક્ત સ્વસ્વરૂપને ઢાંકી દેનારા, તથા સત્વગુણની વૃત્તિરૂપ શમદમાદિ ભક્તિનાં સાધનો દ્વારા જાણવા યોગ્ય. અને દોષોનો ત્યાગ કરીને ભક્તોના કેવળ ગુણોને જ જોનારા, અને પોતાના ભક્તોની આગળ જ્ઞાન ગોષ્ઠીને કરનારા, તથા પ્રકૃતિના કાર્યથી પર વિહાર કરનારા, અથવા અવ્યાકૃત એવા બ્રહ્મપુરને વિષે વિહાર કરનારા, અને નામરૂપાદિ સર્વે વ્યાકૃતિઓની સિદ્ધિમાં કારણરૂપ ઇન્દ્રિયોને પ્રવર્તાવનારા, ગુણાત્મક વાણીના ઉચ્ચારથી રહિત જેનો સ્વભાવ છે. આવા નારાયણમુનિ જે તમો, તે તમોને અમો પ્રણામ કરીએ છીએ.[૪૬-૪૭] મોક્ષરૂપી પર ગતિને અને બંધનરૂપી અવર ગતિને જાણનારા, તથા પોતાના આશ્રિતોને તો પોતાની મૂર્તિ પર્યંત સર્વે વસ્તુ આપવામાં મહાઉદાર, એ જ કારણથી સર્વે પુરુષાર્થોના અધિપતિ, સમગ્ર વિશ્વની અંદર અંતર્યામીપણે પ્રવેશ કરીને રહેલા, છતાંપણ સમગ્ર વિશ્વથી વિલક્ષણ અને સમગ્ર વિશ્વના દષ્ટા તથા સમગ્ર વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ એવા આપને અમો પ્રણામ કરીએ છીએ.[૪૮] હે પ્રભુ ! આપ અનાદિભૂત કાળનામની શક્તિને ધારણ કરનારા છો. સંકલ્પ સિવાયની સમગ્ર ક્રિયાઓથી રહિત છો. સત્વગુણ, રજોગુણ, અને તમોગુણ દ્વારા આ જગતની ઉત્પત્તિ,

www.jayswaminarayan.org
www.bhujmandir.org

સ્થિતિ અને પ્રલયને કરનારા છો. અને સત્વાદિગુણમય જેમના સ્વભાવો છે, એવા જીવોને કૃપા દૃષ્ટિથી દંડ આપીને જાગૃત કરો છો. અને સફળ છે જગત વ્યાપારરૂપ વ્યવહાર જેનો, એવા આપને અમો પ્રણામ કરીએ છીએ.[૪૯] હે પ્રભુ ! આ ત્રિલોકીમાં સાત્વિક, રાજસિક અને તામસિક આ ત્રણ પ્રકારનાં તમારાં શરીરો છે. અને તમો ત્રણેના શરીરિ આત્મા છો. જો કે ત્રણે પ્રકારનાં તમારા શરીરો હોવાથી ત્રણેય અનુગ્રહ કરવા યોગ્ય છે, છતાં પણ સ્થિતિ કર્તા અને અત્યારે સત્પુરુષોના ધર્મનું રક્ષણ કરવા માટે પ્રવર્તેલા એવા તમોને સાત્વિક શરીરોનું રક્ષણ કરવું એ જ પ્રિય છે. છતાં હે પ્રભુ ! અમો દંડ મળ્યાથી પહેલાં તો તામસિક શરીરવાળાં હતાં, પણ અત્યારે તમારા દંડને પામીને સાત્વિક થયેલાં છીએ. માટે અમો આપના અનુગ્રહને માટે યોગ્ય છીએ, તેથી આપ અમારા ઉપર અનુગ્રહ કરો.[૫૦] હે મહારાજ ! દયા કરો, હવે આ સર્પના પ્રાણ જાય છે. જે અમો સાધુ પુરૂષોએ શોક કરવા યોગ્ય સ્ત્રીઓ છીએ, તે સ્ત્રીઓને આ પતિરૂપ પ્રાણનું દાન આપો.[૫૧] સ્વામીએ એકવાર પોતાની પ્રજાએ કરેલા અપરાધનું સહન કરવું જોઈએ. આવી લોક રીતી છે, માટે હે શાંત સ્વભાવવાળા ! આ નાગ મૂઢ છે અને તમને જાણતો નથી, તેના ઉપર ક્ષમા કરવી જોઈએ.[૫૨] આપને જે આજ્ઞા કરવાની હોય તે અમોને કરો. અમો આપની દાસીઓ છીએ, અમે તમારી આજ્ઞાનું પાલન કરીશું. કારણ કે- આપની આજ્ઞાને શ્રદ્ધાથી પાળનાર પ્રાણી સર્વ ભયથી મૂકાય છે.[૫૩]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે નાગ પત્નીઓએ સારી રીતે સ્તુતિ કરેલા ભગવાને, મૂર્છા પામેલા અને ચરણવડે પ્રહાર કરવાને લીધે જેનાં માથાં ભાંગી ગયાં હતાં, એવા નાગને છોડી દીધો.[૫૪] ધીરે ધીરે જેનાં ઈંદ્રિયો અને પ્રાણ પાછાં મળ્યાં એવો અને કષ્ટથી શ્વાસ લેતો અને દીન થઈ ગયેલો કાલિય હાથ જોડીને બોલ્યો કે- અમો જન્મથી જ ખળ, તમોગુણી અને લાંબા ક્રોધવાળા છીએ. હે નાથ ! લોકોને જે સ્વભાવથી મિથ્યા આગ્રહ થયો છે તે સ્વભાવ છોડી દેવો એ અશક્ય છે.[૫૫-૫૬] હે પ્રભુ ! સત્વાદિક ગુણો દ્વારા આ વિશ્વને તમોએ જ સર્જેલું છે. જે વિશ્વની અંદર જુદા જુદા સ્વભાવો, જુદી જુદી દેહની શક્તિઓ, જુદી જુદી ઈન્દ્રિયોની શક્તિઓ, જુદી જુદી ઉત્પત્તિ ક્ષેત્રની શક્તિઓ, કારણ શક્તિઓ અને જુદી જુદી વાસનાઓ તથા આકૃતિઓ રહેલી છે. એ જગતની અંદર જન્મથી જ અમો ક્રોધવાળા સર્પો છીએ, તો આપે જ મોહ પમાડેલા અમો આપની દુઃખે કરીને ન તરી શકાય એવી માયાને શી રીતે છોડી શકીએ?[૫૭-૫૮] સર્વજ્ઞ અને જગદીશ્વર આપ જ માયાનો ત્યાગ કરવામાં કારણ છો, માટે "મારી જ માયાથી મોહિત થયેલા આલોકો, પ્રાણીઓને ખાઈ જાય છે" એમ જાણી અમારા પર કૃપા કરવી યોગ્ય જણાય તો કૃપા કરો.[૫૯]

શુકદેવજી કહે છે- ધર્મ રક્ષણરૂપી કાર્યને માટે મનુષ્યરૂપ થયેલા ભગવાન આ પ્રમાણે નાગનું વચન સાંભળી બોલ્યા કે- હે સર્પ ! તારે અહીં રહેવું નહીં. તારા સંબંધીઓને લઈને તું સમુદ્રમાં જા. હવે ગાયો અને મનુષ્યો આ ધરાને ઉપયોગમાં લેશે. મેં આ જે તને શિક્ષા કરી તેનું વર્ણન જે મનુષ્ય સાંભળશે અને સાંજ સવાર કીર્તન કરશે તે માણસને તમારે ભય આપવો નહીં, મારી ક્રીડાના સ્થાનરૂપ આ ધરામાં નાહીને જે માણસ જળથી દેવતાઓનું તર્પણ કરશે, તથા ઉપવાસ કરીને સ્મરણ કરતાં મારૂં પૂજન કરશે તે સર્વે પાપથી મૂકાશે. અને તું જે ગરૂડના ભયથી રમણદ્વીપને મૂકીને આ ધરામાં રહ્યો છે તે ગરૂડ હવે, તું મારા ચરણના ચિહ્નથી ચિહ્નિત થયો તેથી તને ખાશે નહીં.[૬૦-૬૩]

શુકદેવજી કહે છે- શ્રીકૃષ્ણ ભગવાન આ અદ્‌ભૂત કર્મ કરીને કાળીનાગને આજ્ઞા કરતાં તે નાગ પોતાની સ્ત્રીઓની સાથે શ્રદ્ધાથી ભગવાનની પૂજા કરી.[૬૪] દિવ્ય વસ્ત્ર, માળાઓ, અમૂલ્ય ભૂષણ, ચંદન અને કમળની માળાથી ભગવાનની પૂજા કરી તથા તેમને પ્રસન્ન કરી રાજી થયેલો કાળી શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞા લઈ પ્રદક્ષિણા તથા પ્રણામ કરી પોતાના કુટુંબ પરિવાર સાથે સમુદ્રના દ્વીપમાં ગયો. તે દિવસથી લીલા માટે મનુષ્યનારૂપને ધારણ કરનાર ભગવાનના અનુગ્રહથી તે અમૃત સરખા જળવાળી યમુના ઝેર રહિત થઈ.[૬૫-૬૭]

तदैव सामृतजला यमुना निर्विषाभवत् । अनुग्रहाद्भगवतः क्रीडामानुषरूपिणः ॥६७॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો સોળમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૭

## દાવાનળનું પાન કરતા ભગવાન.

॥ राजोवाच ॥

नागालयं रमणकं कस्मात्तत्याज कालियः । कृतं किं वा सुपर्णस्य तेनैकेनासमंजसम् ॥१॥

પરીક્ષિત રાજા પુછે છે- રમણક દ્વીપ કે જે નાગલોકોનું સ્થાન છે, તેને કાલિય નાગે શા માટે છોડ્યો હતો ? અને તે એકલાએ ગરૂડજીનું શું અપ્રિય કર્યું હતું ?[૧]

શુકદેવજી કહે છે- હે રાજા ! પહેલાના સમયમાં માતાના વેરને લીધે ગરૂડ હમેશાં ઘણા સર્પો મારી ખાતો. તેથી વાસુકી વગેરે સર્પો ભયભીત થઈને બ્રહ્માને શરણે ગયા. બ્રહ્માએ ગરૂડને બોલાવી પરસ્પર સંધી કરાવીને ઠરાવ્યું, કે સર્પોએ નિયમપૂર્વક ગરૂડને

www.jayswaminarayan.org www.bhujmandir.org

બલિદાન આપવું. અમાવાસ્યાના દિવસે એક ઝાડ નીચે સર્પોએ ગરૂડનું બલિદાન મુકી આવવું. તે ખાઇને ગરૂડે બીજા સર્પોને હેરાન કરવા નહિ. આવો ઠરાવ થવાથી દરેક મહિને સર્પો પોતપોતાનું બલિદાન ગરૂડજીને આપી જતા હતા.[૨-૩] ઝેર અને બળના મદથી છકેલો કદ્રુનો પુત્ર કાલિય ગરૂડને નહિ ગણકારીને પોતે તે બલિદાન ખાઇ જવા લાગ્યો. એ વાત સાંભળી મોટા વેગવાળા અને ભગવાનને પ્રિય ગરૂડજી કાલિય નાગને મારી નાખવા સારૂ દોડ્યા. [૪-૫] એ સમયે ગરૂડજીની સામે ઝેરરૂપી આયુધવાળો કાલિયનાગ પોતાનાં અનેક માથાં ઉંચાં કરીને વેગથી દોડીને ગરૂડજીને કરડ્યો. [૬] ભગવાનના આસનરૂપ અને પ્રચંડ વેગ તથા ઉગ્ર પરાક્રમવાળા ગરૂડજીએ ક્રોધથી તેને પોતાના શરીરથી ઝાટકીને ફેંકી દીધો અને પછી સોના જેવી કાંતિવાળી પોતાની ડાબી પાંખથી પ્રહાર કર્યો. [૭] પાંખના પ્રહારથી બહુજ વિહ્વળ થયેલો નાગ, યમુનાજીનો ઉંડો ધ્રો કે જેમાં ગરૂડજી જઇ શકે તેમ ન હતું તેમાં પેસી ગયો. [૮] પૂર્વે ભૂખ્યા થયેલા ગરૂડજીએ, એ યમુનાજીના ધ્રોમાંથી સૌભરિઋષિએ વાર્યા છતાં બળાત્કારથી પોતાના પ્રિય ભક્ષ્યરૂપ એક મોટા મત્સ્યને ઉપાડ્યો હતો. [૯] માછલાંઓનો અધિપતિ મરી જતાં બીજાં માછલાંઓને દુઃખ પામેલાં જોઇ દયાથી તે ધ્રોમાં રહેનારાઓને સુખી કરવા સારૂ સૌભરિઋષિ બોલ્યા હતા કે- “ગરૂડ અહીં આવીને માછલાંઓને ખાઈ જાય છે. માટે હવે પછી જો અહીં આવશે તો તેના પ્રાણ જતા રહેશે. આ વાત હું સત્ય કહું છું”. [૧૦-૧૧] આ વાતને કેવળ કાલિય જાણતો હતો, બીજો કોઈ સર્પ જાણતો ન હતો. એ કારણથી ગરૂડથી ભય પામેલો કાળીનાગ એ ધ્રોમાં રહ્યો હતો તેને ભગવાને કાઢ્યો. [૧૨] ધ્રોમાંથી નીકળેલા, મોટા મણીઓના સમૂહથી વ્યાપ્ત, સુવર્ણથી શણગારેલા અને જેણે દિવ્યમાળા, ચંદન અને વસ્ત્ર ધર્યાં હતાં એવા ભગવાનને આવ્યા જોઈને, પ્રાણ આવતાં ઈંદ્રિયો જેમ ઉઠે તેમ ઉઠેલા અને આનંદથી પૂર્ણ ચિત્તવાળા થયેલા સર્વે ગોવાળો પ્રીતિથી તેમનું આલિંગન કરવા લાગ્યા. [૧૩-૧૪] હે રાજા ! યશોદા, રોહિણી, નંદ, ગોપીઓ અને ગોવાળો એ સર્વેને, ભગવાન મળવાથી શરીરનું ભાન આવ્યું અને મનોરથ પૂર્ણ થયા. [૧૫] ભગવાનના પ્રભાવને જાણનાર બળભદ્ર ભગવાનનું આલિંગન કરીને હસ્યા. અને વૃક્ષ, ગાયો, સાંઢ તથા વાછરડાંઓ પરમ આનંદ પામ્યાં. [૧૬] ગોવાળોના કુલગુરુ બ્રાહ્મણો પોતાની સ્ત્રીઓ સહિત આવીને નંદરાયને કહ્યું કે- “કાલિયનાગે ગળેલો તમારો પુત્ર છુટ્યો એ ઘણું સારૂં થયું.[૧૭] તો હવે તેનો છુટકારો થયો તે કારણથી બ્રાહ્મણોને દાન આપો.” હે રાજા ! તે સમયે રાજી થયેલા નંદરાયે ગાયો અને સુવર્ણનાં દાન દીધાં.[૧૮] મહાભાગ્યશાળી અને જેની પ્રજા નાશ પામ્યા જેવી થઇને પાછી મળી, એવાં સતી યશોદાએ પુત્રનું આલિંગન કરી, ખોળામાં બેસાડી, વારંવાર આનંદના આંસુ વરસાવ્યાં.[૧૯] હે રાજા ! ભૂખ તરસ અને પરિશ્રમથી દુઃખી થયેલાં વ્રજવાસીઓ અને ગાયો યમુનાજીના કાંઠે જ તે રાત્રી રહી ગયાં.[૨૦] એ સમયમાં ગ્રીષ્મ ઋતુને લીધે વનમાંથી ઉત્પન્ન થયેલો દાવાગ્નિ મધરાતે સુતેલા વ્રજને ચારે કોરથી ઘેરી લઈને બાળવા લાગ્યો.[૨૧] તેથી બળવા લાગેલાં અને સંભ્રમ પામેલાં વ્રજવાસીઓ ઉઠીને શ્રીકૃષ્ણને શરણે ગયાં અને બોલ્યાં કે- હે કૃષ્ણ ! હે અપાર પરાક્રમવાળા ! આ અત્યંત ભયંકર અગ્નિ તમારા સેવક એવા અમોને બાળે છે.[૨૨-૨૩] હે પ્રભુ ! અમારું કાળાગ્નિથી રક્ષણ કરો. અમો મરણથી બીતાં નથી પણ આપના નિર્ભય ચરણારવિંદનો ત્યાગ કરી શકતાં નથી, તેથી શરણ આવ્યાં છીએ.[૨૪] જગતના ઈશ્વર અને અનંતશક્તિને ધારણ કરનાર ભગવાન આ પ્રમાણે પોતાના સંબંધીઓની વિહ્વળતા જોઈને તે તીવ્ર અગ્નિને પી ગયા.[૨૫]

इत्थं स्वजनवैकल्यं निरीक्ष्य जगदीश्वरः । तमग्निमपिबत्तीव्रमनंतोऽनंतशक्तिधृक् ॥२५॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો સત્તરમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૮

## બલરામ દ્વારા કરાયેલો પ્રલંબાસુરનો વધ.

॥ श्रीशुकउवाच ॥

अथ कृष्णः परिवृतो ज्ञातिभिर्मुदितात्मभिः । अनुगीयमानो न्यविशद्व्रजं गोकुलमण्डितम् ।१।

શુકદેવજી કહે છે- પછી પ્રસન્ન થયેલાં જ્ઞાતિઓથી વીંટાએલા શ્રીકૃષ્ણ ભગવાન ગાયોના સમૂહથી શોભી રહેલા એવા વ્રજમાં પધાર્યા.[૧] આ પ્રમાણે ગાયોનું પાલનના મિષવાળી માયાથી એ બે ભાઈઓ વ્રજમાં ક્રીડા કરતા હતા, ત્યાં ગ્રીષ્મઋતુ આવી.[૨] એ ગ્રીષ્મ ઋતુ, જે વૃંદાવનમાં બળભદ્રની સાથે સાક્ષાત્ ભગવાન રહે છે, તે વૃંદાવનના ગુણોને લીધે વસંત જેવી દેખાવા લાગી.[૩] એ ગ્રીષ્મઋતુઓમાં પણ ઝરણાંઓના શબ્દોથી વૃંદાવનમાં તમરાંઓના શબ્દો પણ ઢંકાઈ જાય છે. અને નિરંતર તે ઝરણાંઓના બારીક જળકણોથી વૃક્ષોના મંડળો પણ ભીંજાયેલાં રહે છે.[૪] શ્વેત કમળ, સામાન્ય કમળ અને શ્યામ કમળની રજને લાવનાર તથા નદી સરોવર કે ઝરણાંઓના તરંગો પરથી પસાર થઈને આવનારા શીતળ વાયુને લીધે, ત્યાં રહેનારા વનવાસીઓને ઉનાળાના દાવાનળથી કે સૂર્યથી થતો તાપ લાગતો ન હતો.[૫] એ વનમાં કાંઠાઓને પહોંચતી અગાધ જળવાળી નદીઓના તરંગોથી, જેમાં કાંઠાઓની સાથે બીજી માટી પણ ચારે કોર દ્રવિભૂત રહ્યા કરે છે, એવી પૃથ્વીના રસને અને હરીઆળાપણાને સૂર્યનાં કિરણો ઝેર જેવાં અતિતિક્ષણ હોવા છતાં પણ હરી શકતાં નથી.[૬] એ પુષ્પની સંપત્તિવાળું વન કે જેમાં વિચિત્ર પ્રકારનાં પશુઓ અને પક્ષીઓ શબ્દ કર્યા કરતાં હતાં,

www.jayswaminarayan.org
www.bhujmandir.org

મયુર અને ભ્રમરો ગાતા હતા, અને કોયલ તથા સારસો નાદ કરી રહ્યાં હતાં, આવા વૃંદાવનમાં ક્રીડા કરવા સારૂં વેણુ વગાડતા અને ગાયોના ધણથી વીંટાએલા શ્રીકૃષ્ણ ભગવાન, બળભદ્ર અને ગોવાળોની સાથે પધાર્યા.[૭-૮] ત્યાં કુંપડીયાં, મોરપીછાં, પુષ્પોના ગુચ્છો, માળા તથા ગેરુ વગેરે ધાતુઓથી સારી રીતે શણગારેલા બળભદ્ર અને શ્રીકૃષ્ણાદિક ગોવાળો નાચવા લાગ્યા, બાહુ વડે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા અને ગાવા લાગ્યા.[૯] શ્રીકૃષ્ણ જ્યારે નાચ કરતા હતા. ત્યારે કેટલાક ગોવાળો ગાતા હતા, કેટલાક ગોવાળો શીંગડી વગાડતા હતા અને કેટલાક વખાણતા હતા.[૧૦] હે રાજા ! ગોવાળોની જાતમાં ગુપ્ત રહેલા એ ગોવાળોરૂપી દેવતાઓ જેમ નટો નટને વખાણે તેમ, શ્રીકૃષ્ણ અને બળદેવને વખાણતા હતા.[૧૧] ચૂડાકર્મ કર્યાથી પહેલાંના લાંબા કેશોને ધારણ કરતા એ બન્ને ભાઈઓ કોઈ સમયે એકબીજાને ફેરવવા, એકબીજા ઉપર કૂંદવું, એકબીજાને પછાડવા, હાથના તળીયાંથી બાહુઓમાં તાડન કરવું, એકબીજાને ખેંચવા, બાહુયુદ્ધ કરવું વગેરે રમતોથી ક્રીડા કરતા હતા.[૧૨] હે રાજા ! કોઈ સમયે બીજાઓ નાચતા હોય ત્યારે બન્ને ભાઈઓ ગાતા હતા, વાજાં વગાડતા હતા અને વાહ ! વાહ ! કરીને વખાણતા હતા.[૧૩] કોઈ સમયે બીલાંઓથી, કોઈ સમયે દડા જેવાં કુંભવૃક્ષના ફળોથી, આમળાંઓથી ભરેલી મૂઠીઓથી, કોઈ સમયે સ્પર્શ કરવા ન દેવાથી, આંખમીંચામણાથી, પશુ અને પક્ષીઓની ચેષ્ટાથી, ક્યારેક દેડકાંની પેઠે કૂંદકા મારવાથી, અનેક પ્રકારનાં હાસ્યોથી, હીંચકાથી, રાજાની ચેષ્ટાથી રમતા હતા.[૧૪-૧૫] આ પ્રમાણે લોકમાં પ્રસિદ્ધ રમતોથી વનમાં ક્રીડા કરતા બન્ને ભાઈઓ નદીઓ, પર્વતોની ગુફાઓ, નિકુંજો, વનો અને તળાવોમાં ફરતા હતા.[૧૬] એ વનમાં બળદેવ અને શ્રીકૃષ્ણ ગોવાળોની સાથે પશુઓને ચારતા હતા. ત્યાં તેઓને હરી જવાની ઈચ્છાથી ગોવાળનું રૂપ ધરીને પ્રલંબાસુર આવ્યો.[૧૭] સર્વજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાન એ દૈત્યને જાણી ગયા તોપણ તત્કાળ તેનો વધ કર્યો નહિ, પરંતુ બીજા ઉપાયોથી તેના વધનો વિચાર કરીને પ્રથમ શ્રીકૃષ્ણ ભગવાને તેની સાથે મિત્રતા સ્વીકારી લીધી.[૧૮] પછી ક્રીડાના પ્રકારને જાણનારા ભગવાને ગોવાળોને બોલાવી કહ્યું કે- હે ગોવાળો ! આપણે યથાયોગ્ય રીતે બે ભાગોમાં વહેંચાઈને રમત કરીશું.[૧૯] વળી એ રમતમાં ગોવાળોએ શ્રીકૃષ્ણ અને બળદેવજીને બે ટોળાંના નાયક કર્યા. કેટલાએક ભગવાનની ટોળીમાં મળ્યા અને બીજા બળદેવજીની ટોળીમાં મળ્યા.[૨૦] જેઓ જીતે તે માથે બેસે અને હારે તે ઉપાડે, એવી રીતની અનેક પ્રકારની રમતો કરવા લાગ્યા.[૨૧] હારને લીધે જીતેલાને પોતાની પીઠ ઉપર બેસાડીને ચાલતા અને જીતને લીધે હારેલાની પીઠ ઉપર ચઢી બેસતા અને ગાયોને ચારતા એ શ્રીકૃષ્ણ આદિક ગોવાળો ભાંડીરક નામના વડ સુધી જતા હતા.[૨૨] બળદેવની ટોળીવાળા શ્રીદામા અને વૃષભ આદિ ગોવાળો જ્યારે રમતમાં જીત્યા ત્યારે શ્રીકૃષ્ણાદિક ગોવાળો તેઓને ઉપાડવા લાગ્યા.[૨૩] હારી ગયેલા શ્રીકૃષ્ણે શ્રીદામાને પોતાની પીઠ પર ઉપાડ્યો, ભદ્રસેને વૃષભને ઉપાડ્યો અને પ્રલંબાસુરે બળભદ્રને ઉપાડ્યા.[૨૪] બળદેવજીને ઉપાડી ચાલતો પ્રલંબાસુર શ્રીકૃષ્ણને બળવત્તર જાણી, તેમની દૃષ્ટિ ચુકાવવા સારૂ બહુ જ ઉતાવળો ચાલી, ઉતારવાના સ્થાનકની આગળ ઘણે દૂર ચાલ્યો ગયો.[૨૫] મોટા પર્વત જેવા ભારવાળા બળદેવને ઉપાડનાર, પ્રલંબાસુર થાકી ગયો એટલે વેગ મંદ પડી જવાથી જેણે રાક્ષસી સ્વરૂપ ધરી લીધું એવો, અને સોનાનાં ઘરેણાંવાળો તે પ્રલંબાસુર મેઘની સમાન શોભવા લાગ્યો.[૨૬] આકાશ સુધી પહોંચેલું અને અત્યંત વેગથી દીપ્ત દૃષ્ટિવાળું, ભ્રકુટી સુધી પહોંચેલી ઉગ્ર દાઢોવાળું, બળતી શીખાજેવા પીળા કેશવાળું અને કડાં, મુકુટ તથા કુંડળની કાંતિથી અદ્‌ભુત લાગતું એ દૈત્યનું શરીર જોઈને બળદેવ કાંઈક ત્રાસ પામ્યા.[૨૭] પછી પોતાના બળની સ્મૃતિ આવતાં નિર્ભય થએલા બળદેવે આકાશ માર્ગથી પોતાના માલની પેઠે પોતાને લઈ જતા એ દૈત્યને, ઈંદ્રે જેમ વજ્રના વેગથી પર્વતને પ્રહાર કર્યો, તેમ ક્રોધવતે તેના માથામાં જોરદાર મૂઠીથી પ્રહાર કર્યો.[૨૮] મૂઠીના પ્રહારથી માથું ફાટી જતાં મોઢામાંથી લોહીને ઓકતો, શરીરનું ભાન ભૂલી ગયેલો અને મોટો નાદ કરતો એ પ્રલંબાસુર મરણ પામીને પૃથ્વી ઉપર પડ્યો.[૨૯] બળવાળા બળદેવે પ્રલંબાસુરને મારેલો જોઈને બહુ જ વિસ્મય પામેલા ગોવાળો વાહ ! વાહ ! કહેવા લાગ્યા.[૩૦] આશીર્વાદ દેતા અને ચિત્તમાં પ્રેમથી વ્યાકુળ થયેલા ગોવાળો વખાણવાને યોગ્ય અને જાણે મરણ પામીને પાછા આવ્યા હોય એવા બળદેવનું આલિંગન કરીને વખાણવા લાગ્યા.[૩૧] પાપી પ્રલંબાસુર મરી જતાં બહુજ આનંદ પામેલા દેવતાઓ બળદેવજી ઉપર પુષ્પની વૃષ્ટિ કરી અને સારૂં થયું સારૂં થયું આ પ્રમાણે કહેવા લાગ્યા.[૩૨]

पापे प्रलंबे निहते देवाः परमनिर्वृताः । अभ्यवर्षन् बलं माल्यैः शशंसुःसाधुसाध्विति ॥३२॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો અઢારમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૧૯

## દાવાનળનું પાન કરીને ગોપો તથા ગાયોની રક્ષા કરતા ભગવાન.

॥ श्रीशुकउवाच ॥

क्रीडासक्तेषु गोपेषु तद्‌गावो दूरचारिणीः । स्वैरं चरंत्यो विविशुस्तृणलोभेन गह्वरम् ॥१॥

શુકદેવજી કહે છે- ગોવાળો રમતમાં લાગી જતાં દૂર નીકળી ગયેલી અને પોતાની ઈચ્છા પ્રમાણે ચરતી ગાયો ઘાસની લાલચથી ઘાટા વનમાં ચાલી ગઈ.[૧] એક વનમાંથી બીજા વનમાં જતાં ગરમીથી તરસી થયેલી અને ચીસો પાડતી મુંજ ઘાસના ગાઢ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

વનમાં પેસી ગઇ.[૨] શ્રીકૃષ્ણ તથા બળભદ્રાદિક ગોવાળો પશુઓને નહીં દેખવાથી શોધવા લાગ્યા. પણ ગાયો ક્યાં ગઇ હતી એ જાણવામાં આવ્યું નહીં.[૩] જીવિકાનું સાધન જતું રહેતાં મુંઝાઇ ગયેલા ગોવાળો ગાયોની ખરીઓ અને મુખથી કપાએલાં ઘાસને નિહાળતા નિહાળતા તે ગાયોના રસ્તે ગયા.[૪] પછી થાકેલા અને તરસ્યા થયેલા ગોવાળોને મુંજઘાસના વનમાં ભૂલું પડેલું અને ભાંભરતું ગાયોનું ધણ ત્યાંથી મળ્યું, તેને પાછું વાળી ભગવાને મેઘની સમાન ગંભીર વાણીથી જ્યારે ગાયોને નાદ કર્યો ત્યારે ગાયો પણ પોતાના નામને જાણીને આનંદથી સામે નાદ કરવા લાગી.[૫-૬] ત્યાં દૈવ ઇચ્છાથી વનમાં રહેનારને બાળનાર અને વાયુએ વધારેલા ભયંકર જ્વાળાઓથી સ્થાવર જંગમનો નાશ કરતો મોટો દાવાનળ ચારે દિશાઓથી લાગ્યો.[૭] ચારે બાજુથી આવતા એ દાવાનળને જોઇને ગોવાળો અને ગાયો ભય પામ્યાં. પછી જેમ સંસારના ભયથી પીડાએલા લોકો ભગવાનની પ્રાર્થના કરે, તેમ બળદેવજી સહિત સર્વે ગોવાળો શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી કે- હે કૃષ્ણ ! હે પરમ પરાક્રમવાળા ! દાવાનળથી બળતા એવા અમો તમારે શરણ આવ્યા છીએ. માટે અમારી રક્ષા કરો. કારણ કે શરણે આવેલા એવા, અમારા નાથ અને પરમ શરણરૂપ તમે જ છો. [૮-૧૦]

શુકદેવજી કહે છે- બંધુઓનું આવું દીન વચન સાંભળી ભગવાને કહ્યું કે- ''ભયરહિત થઇ આંખો મીંચી જાઓ'' એટલે તરત સર્વે ગોવાળો આંખો મીંચી જતાં, યોગેશ્વર ભગવાને પોતાના મુખવડે દાવાનળને પી ગયા અને સર્વને કષ્ટમાંથી મૂકાવ્યા.[૧૧-૧૨] પછી સર્વે ગોવાળો આંખો ઉઘાડીને જુવેછે ત્યાં ભાંડીરવડની નજીક પોતાને અને ગાયોને દાવાનળથી મૂકાએલા જોઇ વિસ્મય પામ્યા.[૧૩] પોતાની દાવાનળથી રક્ષા કરનાર ભગવાનનું યોગબળ જોઇને તે ગોવાળો ભગવાનને દેવ માનવા લાગ્યા.[૧૪] ગાયોને પાછી વાળીને ગોવાળો દ્વારા સ્તુતિ કરાતા બળભદ્ર સહિત ભગવાન સાયંકાળે વેણુ વગાડતા ગોકુળમાં પધાર્યા.[૧૫] જે ગોપીઓને ભગવાન વિના એક ક્ષણ યુગ જેવો જતો હતો તે ગોપીઓને ભગવાનનાં દર્શનથી મોટો આનંદ થયો.[૧૬]

गोपीनां परमानंद आसीद् गोविंददर्शने । क्षणं युगशतमिव यासां येन विनाभवत् ॥१६॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ઓગણીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૦

## વર્ષાઋતુ તથા શરદઋતુનું પ્રાકૃતિક વર્ણન.

॥ श्रीशुकउवाच ॥

तयोस्तदद्भुतं कर्म दावाग्नेर्मोक्षमात्मनः । गोपाः स्त्रीभ्यः समाचख्युः प्रलंबवधमेवच ॥१॥

શુકદેવજી કહે છે- ગોવાળોએ વ્રજમાં જઇને પોતાને દાવાનળથી મૂકાવારૂપ અને પ્રલંબાસુરનો નાશ કરવારૂપ બન્ને ભાઇઓનું અદ્‌ભુત પરાક્રમ પોતાની સ્ત્રીઓ પાસે કહ્યું.[૧] વૃદ્ધ ગોવાળો અને ગોપીઓ એ વાત સાંભળી વિસ્મય પામ્યાં, અને ''ભગવાન શ્રીકૃષ્ણ તથા રામ એ કોઇ વ્રજમાં મોટા દેવ આવ્યા છે''એમ માનવા લાગ્યાં.[૨] પછી સર્વ પ્રાણીઓને ઉત્પત્તિ અને જીવન આપનારી વર્ષાઋતુ આવી, સૂર્ય અને ચંદ્રમાને કુંડાળાં થવા લાગ્યાં, અને વીજળીઓ વડે દિશાઓ પ્રકાશવા લાગી, આકાશમાં અવાજો થવા લાગ્યા.[૩] વીજળી સાથે ગડગડાટ કરતાં અતિ કાળાં અને ઘાટાં વાદળોથી આકાશ ઢંકાઇ ગયું. અને આકાશમાં જ્યોતિ મંડળો પણ અસ્પષ્ટ જણાવા લાગ્યાં[૪] રાજા જેવી રીતે પ્રજા પાસેથી ધન લઇને સમય પર પાછું આપે છે, તેમ સૂર્ય પણ આઠ મહિના સુધી પૃથ્વીનું જળરૂપ ધન, કે જે પોતે પોતાનાં કિરણોદ્વારા લીધું હતું તેને સમય આવતાં પાછું આપવા લાગ્યા.[૫] દયાળુ પુરૂષો જેમ દુઃખીજનને જોઇને તેને સુખી કરવા દયાથી ધ્રુજીને પોતાનું જીવન પણ મૂકી દે, તેમ મોટા મેઘ વીજળીરૂપ નેત્રથી જગતને તપેલું જોઇ, ભારે પવનથી ધ્રુજીને જળરૂપ જીવન મૂકવા લાગ્યા.[૬] જેમ સકામ તપ કરનારાનું શરીર પ્રથમ તપથી દુબળું થઇને પછી તપનું ફળ પામીને પુષ્ટ થાય, તેમ પૃથ્વી કે જે ગ્રીષ્મ ઋતુથી દુબળી થઇ હતી, તે પણ પાછી મેઘનું જળ મળવાથી પુષ્ટ થઇ.[૭] જેમ કલીયુગમાં પાપને લીધે પાખંડમાર્ગ પ્રકાશે પણ વેદમાર્ગ પ્રકાશે નહીં, તેમ પ્રદોષકાળમાં અંધારાને લીધે પતંગીઆં પ્રકાશવા લાગ્યાં અને ગ્રહો ઢંકાએલા રહ્યા.[૮] જેમ ગુરૂનું નિત્ય કર્મ ચાલતું હોય ત્યારે ગુરૂ પાસે અધ્યયન કરવા માટે આવેલા શિષ્યો ગુરૂને નિત્ય કર્મમાં વિઘ્ન ન થાય એ હેતુથી પ્રથમ મૌન બેઠેલા હોય અને પછી ગુરૂનું નિત્ય કર્મ સમાપ્ત થતાં ''અધ્યયન માટે આવો'' આવો ગુરૂનો શબ્દ સાંભળીને શિષ્યો ગુરૂની સમીપે જઇને વેદનું ઉચ્ચારણ કરવા લાગે છે. તેમ મેઘનો શબ્દ સાંભળી દેડકાં ડ્રાં ડ્રાં શબ્દ કરવા લાગ્યાં.[૯] જેમ અજીતેન્દ્રિય પુરૂષનું શરીર, ધન અને દોલત સર્વ અવળે માર્ગે જાય છે, તેમ ઉનાળામાં સુકાતી નાની નાની નદીઓ વર્ષાઋતુમાં જળ મળતાં જ આડી અવળી વહેવા માંડી.[૧૦] જેમ રાજાઓની સૈન્ય સંપત્તિ, રંગબેરંગી ધજા પતાકાઓને લીધે, રંગ બેરંગી અને ઉંચાં કરેલાં છત્રોની છાયાવાળી જણાય છે, તેમ લીલા ઘાસથી હરીયાળી અને ઇન્દ્ર ગોપ નામના લાલ જીવડાઓને લીધે રાતા રંગવાળી તથા જ્યાં ત્યાં ઉગેલી બિલાડીઓની છત્રાકાર ટોપીઓથી પૃથ્વી છાયાવાળી થઇ ગઇ.[૧૧] ખેતરમાં ધાન્યની સમૃદ્ધિ જોઇ ખેડુતો આનંદ મગ્ન થયા અને લાભ થવો દેવને આધીન છે, એમ ન જાણતા ધાન્ય સંગ્રહ કરવાવાળા વ્યાપારી દુઃખી થયા.[૧૨] જેમ ભગવાનનો ભક્ત ભગવાનની સેવા કરી સુંદર સ્વરૂપને પ્રાપ્ત થાય, તેમ જળસ્થળમાં રહેવાવાળાં સર્વ જળચર પ્રાણીઓ નવીન

www.jayswaminarayan.org

www.bhujmandir.org

જળથી તથા વનથી સુંદર સ્વરૂપને પ્રાપ્ત થયાં.[૧૩] જેમ કાચા યોગીનું વાસનાવાળું ચિત્ત વિષયોથી જોડાઇને ક્ષોભ પામે, તેમ પવનથી ઉઠતા તરંગોવાળો સમુદ્ર નદીઓથી જોડાઇને ક્ષોભ પામવા લાગ્યો.[૧૪] જેમ ભગવાનમાં ચિત્ત રાખનારા ભક્તલોકો દુઃખો પડવાથી પણ વ્યથા ન પામે, તેમ પર્વતો વરસાદની ધારાઓ પડવાથી પણ વ્યથા પામતા ન હતા.[૧૫] બ્રાહ્મણોએ અભ્યાસ કરવામાં નહી આવતા અને સમય જતાં ભૂલી જવાયેલા વેદો જેમ સંદિગ્ધ થઇ જાય, તેમ લોકોના ગમનાગમન વિનાના થયેલા અને ઘાસથી ઢંકાએલા માર્ગો સંદિગ્ધ થઇ ગયા.[૧૬] જેમ ક્ષણિક સ્નેહવાળી વ્યભિચારિણી સ્ત્રીઓ ગુણવાન પુરૂષમાં સ્થિરતા ન ધરે, તેમ ચપળ વીજળીઓ સર્વે લોકોના બંધુરૂપ મેઘોમાં સ્થિરતા પકડતી ન હતી.[૧૭] જેમ ગુણોના પરિણામરૂપ દેહને વિષે ત્રણ ગુણોથી રહિત જીવ શોભે, તેમ શબ્દ જેનો ગુણ છે એવા આકાશમાં ગુણ (દોરી) વગરનું ઈંદ્રધનુષ શોભવા લાગ્યું.[૧૮] જેમ ચંદ્ર, પોતાના જ પ્રકાશથી પ્રકાશિત એવા મેઘોથી ઢંકાઇને મેઘોથી વિલક્ષણ પણે શોભતો નથી. તેમ આત્મા પોતાના જ ધર્મભૂત જ્ઞાનવડે પ્રકાશિત દેહાત્મભ્રાન્તિને લીધે દેહથી પૃથક્ પ્રકાશતો નથી.[૧૯] જેમ ઘરમાં સંતાપ પામેલા વિરક્ત પુરૂષો વૈષ્ણવજનના સમાગમથી રાજી થઇને, તેઓને વાણીથી અભિનંદન આપે, તેમ ગરમીથી તપેલા મયૂરો મેઘ આવવાના ઉત્સવથી રાજી થઇને મેઘોને ટૌકારાથી અભિનંદન આપવા લાગ્યા.[૨૦] જેમ પ્રથમ તપ કરવાથી દુબળા થયેલા અને થાકી ગયેલા પુરૂષો સંસારના વિષય સુખ ભોગવવાથી પ્રફુલ્લિત થાય, તેમ ઉનાળાથી દુર્બળ થયેલાં વૃક્ષો પોતાનાં મૂળવતે પાણી પીવાથી પ્રફુલ્લિત થયાં.[૨૧] જોકે ઘર અનેક પ્રકારના કર્તવ્યની પીડાથી ભરેલાં છે, તોપણ તેમાં વિષયની ઈચ્છાવાળા પામર પુરૂષો જેમ વસે છે, તેમ તળાવો જોકે કીચડ અને કાંટા ભરેલા કાંઠાઓવાળાં હતાં, તોપણ તેઓમાં સારસ પક્ષીઓ રહેવા લાગ્યાં.[૨૨] જેમ કળીયુગમાં પાખંડીઓના નીચ વાદોથી વેદમાર્ગ ત્રુટી જાય, તેમ મેઘ વરસતા પાણીના પ્રવાહોથી સેતુઓ ત્રુટી ગયા.[૨૩] જેમ રાજાઓ સમયે સમયે પુરોહિતોની પ્રેરણાથી લોકોને સુખ આપે, તેમ વાદળાં વાયુઓની પ્રેરણાથી પ્રાણીઓને અમૃત સરખું જળ આપવા લાગ્યાં.[૨૪] આવા સમૃદ્ધિવાળા તે વનમાં વિહાર કરવાને માટે ગાયો અને ગોવાળોથી વીંટાએલા શ્રીકૃષ્ણ અને બલરામ પધાર્યા.[૨૫] તે સમયે મોટા અઉના ભારથી જોકે ગાયો મંદ મંદ ચાલતી હતી, છતાં પણ ભગવાનના બોલાવવાને લીધે દૂધ ઝરતી ઉતાવડી ચાલવા લાગી.[૨૬] ભગવાને જ્યારે વૃન્દાવનમાં પ્રવેશ કર્યો ત્યારે એ વનમાં વનવાસીઓને અત્યંત હર્ષ પામેલાં ભગવાને જોયાં, વૃક્ષની પંક્તિઓને મદઝરતી જોઇ, પર્વતોમાંથી વહેતી જલધારાઓ જોઇ, તથા જલધારાઓની સમીપે રહેલી ગુફાઓને જોઇ.[૨૭] કોઇ સમયે વરસાદ વરસતાં ઝાડની કોતરડમાં અને ગુફામાં પેસીને ભગવાન રમતા હતા અને કંદમુળ તથા ફળ જમતા હતા.[૨૮] બળદેવજી સહિત શ્રીકૃષ્ણ ભગવાન જમાડવા યોગ્ય ગોવાળોની સાથે પાણીને કાંઠે શિલા પર બેસીને ઘેરથી આણેલાં દહીંભાતને જમતા હતા.[૨૯] તૃપ્ત થઇને લીલા ઘાસવાળી પૃથ્વી ઉપર બેસી આંખ્યો મીંચીને ઓગાળતા બળદો, વાછરડાં અને આઉના ભારથી થાકી રહેલી ગાયોને જોઇને, ભગવાને પોતાની શક્તિથી વૃદ્ધિ પમાડેલી અને સર્વ પ્રાણીઓને સુખ દેનારી વર્ષાૠતુની શોભાને વખાણતા હતા.[૩૦-૩૧] આ પ્રમાણે શ્રીકૃષ્ણ અને બળરામ જ્યારે વ્રજમાં રહેતા ત્યારે વર્ષાૠતુ ગઇ અને શરદ ૠતુ આવી, વાદળાંનો ઘમઘોર મટી ગયો, જળ સ્વચ્છ થઇ ગયાં અને પવનની કઠોરતા મટી ગઇ.[૩૨] જેમ યોગમાંથી ભ્રષ્ટ થયેલાઓનાં ચિત્ત પાછાં યોગનું સેવન કરવાથી સ્વચ્છ થાય, તેમ પાણી કમળોને ઉત્પન્ન કરનારી શરદૠતુથી પાછાં સ્વચ્છ થયાં.[33] જેમ ભગવાનને વિષે ભક્તિ છે એ બ્રહ્મચારીનું ગૃહસ્થની સ્પૃહારૂપ અશુભને હરે છે, તેમ શરદૠતુએ આકાશનાં વાદળાંને હરી લીધાં, જેમ ગૃહસ્થને જો ભગવાનમાં ભક્તિ ઉદય થાય તો વૈરાગ્યની ઉત્પત્તિદ્વારા પુત્રાદિકની સંકળામણને હરે છે. (કેમકે ભક્તને એકાંત વાસમાં રૂચિ ઉત્પન્ન થાય છે.) તેમ શરદૠતુએ, જે પ્રાણીઓ વરસાદની બીકથી એકઠા થઇને સાંકડમાં ભરાઇ રહેતાં હતાં, તેમની સાંકડને હરી લીધી. જેમ વાનપ્રસ્થને ક્યારેક અસમર્થપણાને લીધે પોતાના આશ્રમને યોગ્ય કર્મ ન થઇ શકવાથી લાગેલા પ્રત્યવાય દોષને ભગવાનની ભક્તિ હરી લે છે. તેમ શરદૠતુએ પૃથ્વીના કાદવને હરી લીધો. જેમ ભગવાનના ભક્ત, કર્મફળનો ત્યાગ કરી દેનારા સંન્યાસીઓના મોક્ષમાં પ્રતિબન્ધક પુણ્યપાપરૂપ અશુભને હરી લે છે. તેમ શરદૠતુએ જળનો મેલ હરી લીધો.[૩૪] જેમ શાંત મુનિલોકો તૃષ્ણાનો ત્યાગ કરી સ્વચ્છ થઇ શોભા આપે છે, તેમ પોતાનું સર્વસ્વ છોડી વાદળાં શ્વેત થઇ શોભા દેવા લાગ્યાં.[૩૫] જેમ જ્ઞાની લોકો પોતાનું જ્ઞાનરૂપ અમૃત કોઇ સેવા કરનારા અધિકારી શિષ્યને સમયે સમયે આપે છે. અને કોઇ અનધિકારીને નથી આપતા. તેમ પર્વત પોતાનું નિર્મળ જળ ક્યાંક વર્ષાવતા હતા, અને કોઇ સ્થળે વર્ષાવતા ન હતા.[૩૬] જેમ કુટુંબી મૂર્ખ પુરૂષ પોતાની નિત્ય ક્ષીણ થતી આયુષ્યને જાણતો નથી, તેમ થોડાં પાણીમાં રહેવાવાળાં જળજંતુ ક્ષીણ થતાં જળને જાણતાં ન હતાં.[૩૭] જેમ અજીતેન્દ્રિય કુટુંબી પુરુષ દરિદ્રી અને કુપણ થઇને ભુખથી થયેલા તાપને પામે છે. તેમ થોડા જળમાં રહેવાવાળાં જંતુ શરદના સૂર્યનો તાપ પામવા લાગ્યાં.[૩૮] જેમ ધીર પુરૂષ ધીરે ધીરે આત્માથી ભિન્ન ભિન્ન શરીરાદિ પદાર્થોમાંથી અહંતા છોડી દે છે, તેમ લતાઓ ધીરે ધીરે કાચાપણાનો ત્યાગ કરવા લાગ્યાં. અને જેમ અનાત્મ પદાર્થોમાંથી ધીરે ધીરે મમતા છોડે છે, તેમ સ્થલ પ્રદેશો કાદવનો ત્યાગ કરવા લાગ્યા.[૩૯] જેમ અંતઃકરણ શાંત થતાં મુનિ વેદઘોષને છોડી ચૂપ થઇ જાય છે, તેમ શરદૠતુ આવવાથી સમુદ્ર નિશ્ચળ જળવાળો થઇ પોતાનો ઘોષ છોડી ચૂપ થઇ ગયો.[૪૦] જેમ યોગીલોકો ઇન્દ્રિયરૂપ દ્વારથી સવી જતા જ્ઞાનને ઇન્દ્રિયોનો રોધ કરી પકડી રાખે છે, તેમ શરદૠતુ આવતાં ખેડુતો ડાંગર વગેરેના ક્યારાઓમાંથી વહી જતાં પાણીને

www.jayswaminarayan.org
www.bhujmandir.org


મજબુત બંધ બાંધીને અટકાવવા માંડ્યા.[૪૧] જેમ આત્મજ્ઞાન દેહાભિમાનના તાપને હરે છે, અને ભગવાન વ્રજ સ્ત્રીઓના તાપને હરે છે, તેમ ચંદ્રમાએ શરદના સૂર્યના કિરણો સંબંધી જીવોના તાપને હરવા માંડ્યો.[૪૨] જેમ રજોગુણ તમોગુણ રહિત શુદ્ધ સત્વગુણ યુક્ત અને વેદાર્થને બતાવવાવાળું ચિત્ત શોભિત થાય, તેમ મેઘ રહિત શરદના નિર્મળ તારાગણના પ્રકાશવાળું આકાશ શોભવા લાગ્યું.[૪૩] જેમ યદુપતિ શ્રીકૃષ્ણ ભૂમિ ઉપર યાદવ મંડળથી વીંટાઇને શોભા આપે, તેમ ચંદ્ર સંપૂર્ણ તારામંડળમાં વીંટાઇને આકાશમાં શોભવા લાગ્યો.[૪૪] શરદઋતુ આવતાં પુષ્પવનમાં સમશીતોષ્ણ પવનનું આલિંગન કરવાથી સર્વ લોકોનો તાપ મટી જતો હતો, પરંતુ ભગવાને જેઓનું ચિત્ત હરી લીધું હતું, એવી ગોપીઓનો તાપ મટતો ન હતો.[૪૫] ગાયો, મૃગલીઓ, પક્ષીણીઓ અને સ્ત્રીઓની પછવાડે શરદઋતુના પ્રભાવને લીધે તેઓની ઈચ્છા વગર પણ તે તે જાતિના પતિ પુરૂષો દોડતા હતા, તેથી તેઓ ઈશ્વરના આરાધનની ક્રિયાઓ જેમ આરાધનના કરનારની ઈચ્છા વગર પણ ફળવાળી થાય, તેમ ગર્ભવાળી થવા લાગી.[૪૬] હે રાજા ! જેમ ચોર વિના બીજા સર્વે લોકો રાજાના ઉદયથી નિર્ભય થાય, તેમ ચંદ્રવિકાસી કુમુદ વિના બીજાં સર્વે કમળો સૂર્યના ઉદયથી પ્રફુલ્લિત થવા લાગ્યાં.[૪૭] પાકેલાં ધાન્યોની સમૃદ્ધિવાળી પૃથ્વી નગરોમાં અને ગામોમાં નવીન અન્ન ખાવાના વૈદિક યજ્ઞોથી અને ઈંદ્રિયોનેસુખ આપનારા લૌકિક ઉત્સવોથી પણ શોભવા લાગી, અને તેમાં શ્રીકૃષ્ણ અને બલરામના વિહારને લીધે તો બહુ જ શોભતી હતી.[૪૮] જેમ મંત્ર અને યોગાદિકથી સિદ્ધ થયેલા પુરૂષો આયુષ્યના બંધનથી મનુષ્ય દેહમાં રોકાઇ રહ્યા હોય છતાં, તેઓ સમય આવતાં આ દેહમાંથી નીકળી બીજા દેહને પામી પોતપોતાના તપથી સાધ્ય ભોગોને પામે, અથવા મોક્ષને પણ પામે છે. તેમ વરસાદથી રોકાએલા વેપારી, સંન્યાસી, રાજા અને બ્રહ્મચારીઓ શરદઋતુમાં છૂટથી નીકળીને પોતપોતાના અર્થોને પામ્યા. (વેપારીઓ વ્યપાર કરવા લાગ્યા, સંન્યાસીઓ સ્વેચ્છાથી ફરવા લાગ્યા, રાજાઓ દિગ્વિજય કરવા નીકળ્યા અને બ્રહ્મચારીઓ વિદ્યાધ્યયન કરવા લાગ્યા.)[૪૯]

वणिङ्‌मुनिनृपस्नाता निर्गम्यार्थान् प्रपेदिरे । वर्षरुद्धा यथा सिद्धां स्वपिंडान् काल आगते ।४९

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો વીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૧

## ગોપીઓ દ્વારા થયેલું શ્રીકૃષ્ણના વેણુનાદનું વર્ણન.

॥ श्रीशुकउवाच ॥

इत्थं शरत्स्वच्छजलं पद्माकरसुगंधिना । न्यविशद्वायुना वातं सगोगोपालकोऽच्युतः ॥१॥

શુકદેવજી કહે છે- આવી રીતે વૃંદાવન શરદઋતુને લીધે સ્વચ્છ જળવાળું અને કમળોના સમૂહથી સુગંધીમાન વાયુથી વ્યાપ્ત હતું આવાં વૃંદાવનમાં ગાયો અને ગોવાળોની સાથે ભગવાન પધાર્યા.[૧] ખીલેલાં પુષ્પોથી યુક્ત વૃક્ષોની ઘટાઓમાં મદોન્મત્ત ભમરાઓ અને પક્ષીઓથી શબ્દાયમાન થયેલાં સરોવરો, નદીઓ અને પર્વતોથી વ્યાપ્ત એવા વૃન્દાવનમાં પ્રવેશ કરીને ભગવાન શ્રીકૃષ્ણ ગોપબાળોની સાથે તથા બળદેવજીની સાથે ગાયો ચારતાં વાંસડી વગાડવા લાગ્યા.[૨] કેટલીક વ્રજની સ્ત્રીઓ કામદેવને ઉત્પન્ન કરનાર વેણુનાદ સાંભળીને પોતાની સખીઓ પાસે શ્રીકૃષ્ણનું વર્ણન કરવા લાગી.[૩] લીલાનું સ્મરણ કરતી ગોપીઓ વર્ણન કરવા માંડ્યું પણ કામદેવના વેગથી મન વ્યાકુળ થઇ જતાં વર્ણન થઇ ન શક્યું.[૪]

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं बिभ्रद् वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दैर्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः ॥

મસ્તકમાં મોરપીછનો મુગટ, કાનમાં કર્ણિકારનાં ફુલ, શરીરપર સોના જેવું પીળું વસ્ત્ર અને કંઠમાં વૈજયન્તિમાળાને ધારણ કરતા, નટનીપેઠે શોભતા, ઉત્તમ શરીરવાળા, પોતાના નીચલા ઓષ્ઠના અમૃતથી વેણુના છીદ્રને પુરતા, અને ગોવાળો જેમના યશનું ગાયન કરતા હતા, એવા ભગવાન પોતાના ચરણ ચિહ્નોથી રમણીય એવા વૃંદાવનમાં પધાર્યા, અને ત્યાં બંસીનાદ ગજાવ્યો.[૫] હે રાજા ! આ પ્રમાણે સર્વ પ્રાણીઓના મનને હરનાર વેણુનાદ સાંભળીને કામાતુર થઇ જતાં પણ વર્ણન કરવા લાગેલી સર્વે ગોપીઓ વર્ણન કરતાં કરતાં પદેપદે મનથી ભગવાનનું આલિંગન કરતી હતી.[૬] હે સખીઓ ! મિત્રોની સાથે પશુઓને વનમાં લઇ જતા બલરામ અને શ્રીકૃષ્ણનું વેણુ વગાડતું અને સ્નેહ ભર્યા કટાક્ષને મૂકતું મુખારવિંદ જેમણે જોયું તેઓને જ નેત્રનું ફળ મળ્યું, એ વિના નેત્રવાળાઓને પોતાના નેત્રનું બીજું કાંઇ ફળ અમો જાણતી નથી.[૭] બીજી ગોપી કહેવા લાગી કે, આંબાનાં કુપળો, મોર પીછ, ફુલનાગુચ્છ અને કમળોની માળાઓને લીધે શોભતા નીલ અને પીત વસ્ત્રોથી વિચિત્ર વેષવાળા, બળદેવ અને શ્રીકૃષ્ણ કોઇ સમયે ગાયન કરતાં નાટકશાળામાં ઉત્તમ નટની પેઠે ગોવાળોની સભામાં બહુ જ શોભતા હતા.[૮] અહો ! ગોવાળોના પુણ્યની શી વાત ! હે ગોપીઓ ! ભગવાનના અધરનું અમૃત ગોપીઓને ભોગ્ય છે તોપણ તેને આ વેણુ પોતે એકલી જ સ્વતંત્રપણે થોડો જ રસ બાકી રહે એવી રીતે પીએ છે, કે જે જોઇને તેને પોતાના જળથી ઉછેરનારી તેની મા જેવી નદીઓ ખીલી રહેલા કમળોના મિષથી

www.jayswaminarayan.org www.bhujmandir.org

રોમાંચિત થયેલી જણાય છે, અને જે વૃક્ષોના વંશમાં એ વેણું ઉત્પન્ન થયો છે તેઓ, જેમ ભગવત્સેવકોને ઉત્પન્ન થયેલો જોઇ કુળના વૃદ્ધપુરૂષો રોમાંચિત થઇને આનંદના અશ્રુ મૂકે, તેમ પ્રફુલ્લિત થઇને મકરંદની ધારાના મિષથી આંસુ મૂકે છે, માટે એ વેણુએ કયું પુણ્ય કર્યું હશે ?[૯] હે સખી ! આ વૃંદાવન સ્વર્ગ કરતાં પણ અધિક પૃથ્વીની કીર્તિને વધારે છે. કેમ કે દેવકીના પુત્રનાં ચરણારવિંદ ફરવાથી તેને વધારે શોભા મળી છે અને આ વૃંદાવનમાં ભગવાનના વેણુ નાદને સાંભળીને તેને મંદ ગર્જનાવાળો નીલમેઘ માની મદોન્મત્ત થયેલા મયુરો નાચવા લાગી જાય છે, તે નાચને જોઇને પર્વતનાં શિખરોમાં બીજાં સર્વે પ્રાણીઓ પોતપોતાની ક્રિયાઓ છોડી દે છે. માટે આવો આનંદ બીજા કોઇ લોકમાં નથી.[૧૦] હે સખી ! આ મૃગલીઓ મૂઢ બુદ્ધિવાળી છતાં પણ ધન્ય છે, કે જે બંસીનાદને સાંભળી સ્નેહપૂર્વક દૃષ્ટિ કરીને વિચિત્ર વેષવાળા કૃષ્ણનું સન્માન કરે છે, અને તે પણ પોતાના પતિ કાળીઆર મૃગોની સમક્ષમાં કરે છે. (આપણા પતિ એવા ક્ષુદ્ર છે, કે આપણે તેની હાજરીમાં એમ કરીએ તો કદી સહન કરે નહીં).[૧૧] હે ગોપીઓ ! આશ્ચર્યની વાત સાંભળો. જેમાં રૂપ અને વેષ સ્ત્રીઓને આનંદ આપનાર છે, એવા કૃષ્ણને જોઇ તથા તેમણે વગાડેલ વિચિત્ર વેણુનું ગાયન સાંભળીને, વિમાનોમાં બેસીને જતી દેવાંગનાઓ પોતાના સ્વામીના ખોળામાં બેઠેલી છતાં પણ કામદેવથી વ્યાકુળ થઇને મોહ પામી જાય છે, તેના ચોટલામાંથી ફુલ સરકી જાય છે, અને તેના ચણીયાનાં બંધનો ઢીલાં પડી જાય છે.[૧૨] ગાયો અને વાછરડાં ભગવાનના મુખમાંથી નીકળેલું વેણુગીતરૂપ અમૃતને કાનરૂપી પડીઆથી પીતાં પીતાં આંસુ આવી જવાથી પોતાની સર્વે ક્રિયા ભૂલી જાય છે. ધાવતાં વાછરડાં વેણુના નાદ સાંભળી ધાવવું છોડી દે છે, એટલું જ નહીં પણ મોઢાંમાં જે ધાવણ આવ્યું હોય તેને પીધા વિના એમને એમ રાખી મૂકે છે, અને ગાયો પણ દૃષ્ટિ માર્ગવડે મનમાં ભગવાનનું આલિંગન કરવા લાગી જાય છે.[૧૩] હે મા ! આ વનમાં જે પક્ષીઓ છે તે મુનિઓ હોવા જોઇએ, કેમકે મુનિઓ જેમ વેદરૂપી વૃક્ષની શાખા ઉપર આધાર રાખીને ભગવાનનું જે રીતે દર્શન થાય, એ રીતે કામ્ય કર્મફળનો ત્યાગ કરીને ભગવાનમાં જ એક દૃષ્ટિ રાખી કરી, સુખીઆ થઇને ભગવાનનો મહિમા સાંભળે છે. તેમ આ પક્ષીઓ પણ સુંદર કુપળિયાં વાળી વૃક્ષની શાખા ઉપર બેસી, પોતાને ભોગ્ય ફળાદિકનો ત્યાગ કરી, કેવળ ભગવાનનાં દર્શન થાય એવી રીતે પોતાની સર્વે શારીરિક ચેષ્ટાઓ છોડી દઇને ભગવાનના વેણું નાદને જ સાંભળે છે.[૧૪] આ સચેતન પ્રાણીઓની વાત તો ઠીક. પરંતુ નદીઓ પણ ભગવાનનો બંસીનાદ સાંભળીને જાણે પાણીમાં પડતી ભમરીઓરૂપી કામદેવને લીધે મંદવેગવાળી થઇ સ્થિર બની જાય છે. અને પોતાના તરંગોરૂપી હસ્તથી ભગવાનના ચરણમાં કમળ અર્પણ કરીને જાણે આલિંગન કરેછે.[૧૫] તડકામાં બળદેવ અને ગોવાળોની સાથે વ્રજના પશુઓને ચારતા અને વેણુનો નાદ કરતા પોતાના મિત્ર ભગવાનને જોઇને મેઘ તેમના ઉપર પ્રેમથી વૃદ્ધિ પામી, ફુલ જેવા પોતાના છાંટા નાખે છે, અને પોતાના શરીરથી છત્ર છાયા કરે છે.[૧૬] પ્રથમ લક્ષ્મીજીના સ્તન ઉપર લગાડેલું, અને પછી ક્રીડા સમયે લક્ષ્મીજીએ પ્રેમને વશ થઇને ભગવાનના બન્ને ચરણ પોતાના સ્તન ઉપર ધારણ કરેલાં હોવાથી, ભગવાનના ચરણમાં કુંકુમ લાગેલો હોય છે. પછી જ્યારે ભગવાન વનમાં વિચરણ કરતા હોય ત્યારે ઘાસ ઉપર ચોટેલું અને સહજે લાલ ચરણ કમળની લાલાસથી અત્યંત લાલ બનેલું કુંકુમને જોઇને કામના તાપથી પીડાયેલી ભીલડીઓ ઘાસ ઉપર લાગેલા એ કુંકુમને પોતાના મુખ ઉપર તથા સ્તન ઉપર લગાવીને એ માનસિક તાપને દૂર કરે છે. માટે ભીલડીઓ પણ આપણા કરતાં અધિક ભાગ્યશાળી છે.[૧૭] હે સખીઓ ! આ ગોવર્ધન પર્વત અવશ્ય ભગવાનનો કોઇ મોટો ભક્ત જણાય છે, કેમકે તેને બલરામ અને કૃષ્ણના ચરણનો સ્પર્શ મળતાં તૃણાદિક બહાર નીકળી આવવાના મિષથી રૂવાંડાં ઉભાં થઇ જતાં દેખાય છે અને એ પર્વત ગાયો તથા ગોવાળોની સાથે બલરામ અને શ્રીકૃષ્ણને પાણી, ઉત્તમ ઘાસ, ગુફાઓ તથા કંદમૂળ આપીને સન્માન કરે છે. અને કુદરતી વનની શોભા પણ એ બન્ને ભાઇઓને માન આપે છે.[૧૮] ગાયોના (દોહતી વખતે) પગ બાંધવાના છેલાને માથા પર વીંટી લેવાથી અને બહુ બળવાન તથા તોફાની ગાયોને બાંધીને ખેંચી જવા માટેની રાશોને ખભા ઉપર રાખવાથી મોટા ગોવાળની શોભા દેખાડતા એ બન્ને ભાઇઓ જ્યારે ગોવાળોને સાથે લઇ વનમાં ગાયો ચારે છે, ત્યારે મધુર પદવાળા વેણુના નાદ સાંભળી જંગમ પણ સ્થાવરની પેઠે સ્થિર થઇ જાય છે, અને વૃક્ષાદિ જેઓ સ્થિરછે તે વેણુ સાંભળીને ડોલવા માંડે છે, એથી મોટું આશ્ચર્ય થાય છે.[૧૯] શુકદેવજી કહે છે- આ પ્રમાણે વૃંદાવનમાં ફરનારા ભગવાનની ક્રીડાનું પરસ્પર એકબીજાની પાસે વર્ણન કરતી ગોપીઓ ભગવાન મય થઇ ગઇ હતી.[૨૦]

एवंविधा भगवतो या वृंदावनचारिणः । वर्णयंत्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥२०॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો એકવીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૨

## વસ્ત્ર હરણની લીલા કરતા ભગવાન.

॥ श्रीशुकउवाच ॥

हेमंते प्रथमे मासि नंदव्रजकुमारिकाः । चेरुर्हविष्यं भुंजानाः कात्यायन्यर्चनव्रतम् ॥१॥

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શુકદેવજી કહે છે- હેમંત ઋતુના માગસર મહિનામાં વ્રજની કુમારીકાઓ હવિષ્ય જમવાનો નિયમ રાખીને, કાત્યાયની દેવીના પૂજનનું વ્રત કરતી હતી.[૧] હે રાજા ! યમુનાના જળમાં સ્નાન કરીને સૂરજ ઉગ્યા પછી વેણુની દેવીની મૂર્તિ કરીને પૂજાના પુષ્પાદિ સર્વ પદાર્થોવડે કાત્યાયની જગદંબાનું પૂજન કરતી હતી.[૨-૩] હે કાત્યાયનિ ! હે મહામાયા ! શ્રીકૃષ્ણને મારા પતિ કરજો. હું તમને નમન કરૂં છું.[૪] આ પ્રમાણે મંત્રનો જાપ કરીને દરેક કુમારીકાઓ કાત્યાયની દેવીનું પૂજન કરતી હતી. આ રીતે ભગવાનમાં ચિત્ત રાખીને ગોપબાલિકાઓ એક મહિના સુધી વ્રત કર્યું.[૫] શ્રીકૃષ્ણ અમારા પતિ હોજો, એવી ઈચ્છાથી દેવીનું પૂજન કરતી હતી, એક બીજાઓને નામથી બોલાવી, સવારમાં ઉઠી, એક બીજાઓના હાથ પકડીને ઉંચા સ્વરથી ભગવાનનું ગાયન કરતી કરતી દરરોજ યમુનાજીમાં નહાવા માટે જતી હતી. એક દિવસે યમુનાજીમાં આવી, પ્રથમની પેઠે પોતાનાં લુગડાં કાંઠે મૂકી, ભગવાનનું ગાયન કરતી આનંદથી જળમાં વિહાર કરતી હતી. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન તે વાત જાણીને તેના વ્રતનું ફળ દેવા સારૂં પોતાના મિત્રોની સાથે પધારી, તેઓનાં કપડાં લઈ તરત કદંબના ઝાડ ઉપર ચઢી જઈને હસવા લાગ્યા, અને તેમની સાથે બાળકો પણ હસવા લાગ્યા. પછી ભગવાને એ કુમારિકાઓને હાસ્યનું વચન કહ્યું કે-

શ્રી ભગવાન કહે છે- હે સ્ત્રીઓ ! તમો અહીં આવીને પોતપોતાનાં કપડાં મારી પાસેથી લઈ જાઓ.[૬-૧૦] હું સાચું કહું છું, ગમ્મત કરતો નથી. કેમકે તમે વ્રત કરવાને લીધે થાકી ગયેલી છો. હું કોઈ દિવસ ખોટું બોલ્યો નથી તે આ ગોવાળો જાણે છે.[૧૧] હે સુંદરીઓ ! ઈચ્છા હોય તો એક એક જણ અહીં આવીને લ્યો અથવા સર્વે સાથે લ્યો.

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભગવાને હાંસી કરી તે જોઈને પ્રેમરસમાં ડૂબેલી અને એક બીજાની સામે જોઈને હસતી ગોપીઓ લાજને લીધે બહાર નીકળી નહીં. કૃષ્ણનું વચન સાંભળી મોહ પામેલી અને ઠંડા જળમાં કંઠ સુધી ડૂબવાને લીધે ધ્રુજતી ગોપીઓએ કહ્યું કે- હે કૃષ્ણ ! તમો અન્યાય ન કરો, તમે નંદરાજાના પ્યારા પુત્ર અને વ્રજમાં કેવા વખાણવાને યોગ્ય છો, એ અમો જાણીએ છીએ, અમને વસ્ત્ર આપો, કેમકે ટાઢને લીધે અમો ધ્રુજીએ છીએ.[૧૨-૧૪] હે શ્યામસુંદર ! અમો તમારી દાસીઓ છીએ, તેથી જેમ કહેશો તેમ કરીશું. હે ધર્મને જાણનારા ! વસ્ત્ર આપો નહીંતો અમે નંદરાજાને કહી દઈશું.[૧૫] ત્યારે કૃષ્ણે કહ્યું- સુંદર મંદ હાસ્યવાળી સ્ત્રીઓ ! તમે જો મારી દાસીએ હો અને મારૂં કહ્યું કરવું હોય, તો અહીં આવીને પોતપોતાનાં વસ્ત્રો લઈ જાઓ.[૧૬]

શુકદેવજી કહે છે- પછી ટાઢથી ધ્રુજતી અને મુંઝાએલી સર્વે કુમારિકાઓ બે હાથવતે પોતાનાં ગુહ્ય અંગોને ઢાંકીને જળાશયમાંથી બહાર નીકળી.[૧૭] તેઓએ શુદ્ધ અંતઃકરણથી પ્રસન્ન કરેલા ભગવાન, બાલ્ય અને યુવાવસ્થાની મધ્યે રહેલી ગોપીઓને જોઈ રાજી થઈ, તેઓનાં વસ્ત્ર પોતાના ખભા પર મૂકી મંદમંદ હસીને બોલ્યા કે- વ્રતનું ધારણ કર્યા છતાં તમે નગ્ન થઈને જળમાં સ્નાન કર્યું એ દેવનો (વરૂણ) અપરાધ કર્યો છે, માટે એ અપરાધને ટાળવા સારૂં માથા ઉપર હાથજોડી પ્રણામ કરીને વસ્ત્રો લ્યો.[૧૮-૧૯]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભગવાને કહ્યું એટલે ગોપીઓ નગ્ન સ્નાન, એ વ્રતનો ભંગ કરનાર છે એમ માની, તે વ્રતને પૂર્ણ કરવાની ઈચ્છાથી ગોપીઓ સર્વ કર્મોના ફળરૂપ ભગવાનને જ પગે લાગી, કેમકે તે સર્વ દોષને ટાળનાર છે.[૨૦] કૃપાળુ ભગવાને આ પ્રમાણે નમેલી ગોપીઓને જોઈ પ્રસન્ન થઈને વસ્ત્રો આપ્યાં.[૨૧] ભગવાને ગોપીઓને તેઓનાં વસ્ત્ર લઈ છેતરી લીધી, લાજ રહિત કરી, હાંસી કરી અને રમકડાંની પેઠે રમાડી, તો પણ તેઓએ શ્રીકૃષ્ણ પ્રત્યે દોષ દૃષ્ટિ કરી નહીં. .[૨૨] પોતપોતાનાં વસ્ત્ર પહેરી પ્રિયના સમાગમે વશ કરેલી અને લાજના વિલાસથી ભગવાનની સામું જોયા કરતી ગોપીઓ પોતાનાં ચિત્ત પકડાઈ જવાને લીધે ત્યાંથી ખસી નહીં.[૨૩] દામોદર ભગવાને પોતાના ચરણના સ્પર્શની ઈચ્છાથી જેઓ વ્રત કર્યું હતું, એવી ગોપીઓનો સંકલ્પ જાણી લઈને તે સ્ત્રીઓને કહ્યું.[૨૪] શ્રી ભગવાન કહે છે- હે ભલી સ્ત્રીઓ ! મારૂં પૂજન કરવાનો જે તમારો મનોરથ છે તે તમે શરમથી બોલતી નથી તોપણ મેં જાણી લીધો છે, અને તેમાં મારી સંમતિ છે, માટે તે મનોરથ સફળ થવાને યોગ્ય છે.[૨૫] મારામાં મન રાખનારાઓની ઈચ્છા મારાથી પૂર્ણ થઈને પાછી શાંતિ જ આપે છે, પણ બીજી ઈચ્છાને ઉત્પન્ન થવા દેતી નથી. બળેલું અથવા રાંધેલું બીજ ઘણું કરીને બીજા બીજને ઉત્પન્ન કરે જ નહીં.[૨૬] હે સ્ત્રીઓ ! વ્રજમાં જાઓ તમારો મનોરથ સિદ્ધ થશે, આ આવતી રાત્રીઓમાં મારી સાથે રમણ કરશો. કેમ કે હે સતીઓ ! મારા ઉદ્દેશથી આ જગદંબાના પૂજનરૂપ વ્રત તમે કર્યું છે.[૨૭]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે આજ્ઞા કરતાં જેના મનોરથ પૂર્ણ થયા છે એવી અને ભગવાનના ચરણારવિંદનું જ ધ્યાન કરતી ગોપીઓ માંડમાંડ વ્રજમાં ગઈ.[૨૮] પછી ગોવાળોથી વીંટાએલા ભગવાન અને બલરામ ગાયો ચારતા ચારતા વૃંદાવનથી દૂર નીકળી ગયા.[૨૯] તીક્ષ્ણ સૂર્યના તડકામાં છાયાથી છત્રરૂપ થઈ રહેલાં વૃક્ષોને જોઈને ભગવાને ગોવાળોને કહ્યું કે- હે સ્તોકકૃષ્ણ ! હે અંશુ ! હે શ્રીદામા ! હે દેવપ્રસ્થ ! હે વૃષભ ! પારકાને માટે જ જેનું જીવન છે એવાં આ ભાગ્યશાળી વૃક્ષોને જુઓ. પોતે વાયુ, વરસાદ, તડકો અને ટાઢ સહન કરીને આપણી એ પીડાઓનું નિવારણ કરે છે.[૩૦-૩૨] અહો ! આ વૃક્ષો પાસેથી કોઈ નિરાશ થતું નથી. પ્રાણીઓના પ્રાણરૂપ એવાં આ વૃક્ષોને ધન્ય છે.[૩૩] પાંદડાં, ફુલ, ફળ, છાયા, મૂળ, છાલ, લાકડાં, ગંધ, ગુંદર, ભસ્મ, ઠળિયા અને અંકુરોથી બીજાઓની ઈચ્છાને પરિપૂર્ણ કરે છે.[૩૪] આ સંસારમાં પ્રાણીઓના જન્મની સફળતા એટલી જ છે કે પ્રાણથી, ધનથી, બુદ્ધિથી, અને વાણીથી સર્વદા પ્રાણીઓનું હિત કરવું.[૩૫]

www.jayswaminarayan.org
www.bhujmandir.org

શુકદેવજી કહે છે- આ પ્રમાણે વૃક્ષોના વખાણ કરતા ભગવાન કુંપળિયા, ગુચ્છ, ફળ, ફુલ, અને પાંદડાંના સમૂહથી જેઓની શાખાઓ નમી ગઈ હતી, એવાં વૃક્ષોના મધ્યમાં થઈને યમુનાજીને કાંઠે પધાર્યા.[૩૬] હે રાજા ત્યાં ગાયોને સ્વચ્છ, શીતળ અને પવિત્ર યમુનાનું પાણી પાઈને પછી ગોવાળો પાણી પીધું.[૩૭] એ નદીના ઉપવનમાં યથેષ્ટ રીતે પશુઓને ચારતા ગોવાળો બહુ જ ભૂખ્યા થઈ જવાથી, બલરામ અને શ્રીકૃષ્ણ પાસે કહેવા લાગ્યા.[૩૮]

तस्या उपवने कामं चारयंतः पशून्नृप । कृष्णरामावुपागम्य क्षुधार्ता इदमब्रुवन् ॥३८॥

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો બાવીશમો અધ્યાય સંપૂર્ણ.**

## અધ્યાય ૨૩

## વિપ્ર પત્નિઓ ઉપર અનુગ્રહ કરવા માટે ભગવાને યજ્ઞમાં કરાવેલી અન્નની યાચના.

॥ गोपा उचुः ॥

राम राम महावीर्य कृष्ण दुष्टनिवर्हण । एषा वै बाधते क्षुन्नस्तच्छान्तिं कर्तुमर्हथः ॥१॥

ગોવાળો કહે છે- હે બળભદ્ર ! હે પરાક્રમી કૃષ્ણ ! હે દુષ્ટોનો નાશ કરનાર ! આ ભૂખ અમને પીડા પમાડે છે, માટે આપ ભુખની નિવૃત્તિ પમાડવાને માટે યોગ્ય છો.[૧]

શુકદેવજી કહે છે- આ પ્રમાણે ગોવાળો દ્વારા પ્રાર્થના કરાતા ભગવાન પોતાની ભક્ત બ્રાહ્મણની સ્ત્રીઓ ઉપર કૃપા કરવાનો વિચાર કરી બોલ્યા કે- હે ગોવાળો ! વેદ જાણનારા બ્રાહ્મણો સ્વર્ગ પામવાની ઈચ્છાથી આંગિરસ નામના સત્રનો પ્રારંભ કર્યો છે, તે યજ્ઞભૂમિમાં જાઓ અને ત્યાં જઈ આ મોટાભાઈ તથા મારૂં નામ લઈને તેની પાસે અન્નની માગણી કરજો. અમારા કહેવાથી ત્યાં જવાનું છે, માટે તમારે કશી શરમ રાખવી નહીં.[૨-૪] આ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી તેથી સર્વે ગોવાળો ત્યાં જઈ બ્રાહ્મણોને દંડવત્ પ્રણામ કરી હાથ જોડીને માગ્યું કે- હે બ્રાહ્મણો ! અમારી વિજ્ઞપ્તિ સાંભળો, ભગવાનની આજ્ઞાથી અને બળદેવજીની પ્રેરણાથી અમો તમારી પાસે આવ્યા છીએ.[૫-૬] ભગવાન અને બલરામ આ સ્થળથી થોડે દૂર ગાયોને ચારતા ચારતા આવ્યા છે, તેઓ ભૂખ્યા થવાને લીધે તમારી પાસેથી અન્ન લેવાની ઈચ્છા કરે છે, માટે હે ધર્મજ્ઞ બ્રાહ્મણો !શ્રદ્ધા હોય તો કેવળ ભાતની યાચના કરતા એ બન્ને ભાઈઓને માટે અન્ન આપો.[૭] હે ઉત્તમ બ્રાહ્મણો ! કદાચિત આપ કહેશો કે- અમે દીક્ષિત છીએ. અમારૂં અન્ન ખાવું ન જોઈએ. તેથી એવો નિર્ણય છે કે- જેમાં પશુનું મારણ છે એવી દીક્ષા, અને સૂત્રામણી યાગ, આ બન્ને યાગોને છોડીને બીજા યાગોમાં દીક્ષિતનું અન્ન ખાવામાં કોઈ દોષ નથી.[૮] સ્વર્ગાદિક તુચ્છ ફળની આશા રાખનારા, બહુ જ શ્રમ ભરેલાં વેદોક્ત કર્મો કરનારા અને મૂર્ખ છતાં પોતાને જ્ઞાની માનનારા, એ બ્રાહ્મણો ભગવાનની માંગણીને સાંભળી રહેલા હોવા છતાં પણ જાણે સાંભળી નહિ.[૯] દેશ, કાળ, ચરુપુરોડાશાદિક દ્રવ્ય, મંત્ર, તંત્ર, ઋત્વિજ, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ અને ધર્મ એ સર્વે જે શ્રીકૃષ્ણ ભગવાનમય છે, એવા તે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનને મનુષ્ય માની, એ દુર્બુદ્ધિવાળા અને અમે મોટા છીએ એમ અભિમાન ધરાવનારા બ્રાહ્મણોએ તે માગણીને માન આપ્યું નહિ.[૧૦-૧૧] હે રાજા ! એ બ્રાહ્મણો જ્યારે હા કે ના કાંઈ પણ બોલ્યા નહીં ત્યારે નિરાશ થયેલા ગોવાળો પાછા આવીને બળદેવ અને શ્રીકૃષ્ણની પાસે સર્વ વાત કહી સંભળાવી.[૧૨] ભગવાને તે વાત સાંભળી હસીને "કાર્ય સાધવું હોય તો થાકી જવું નહીં, અને માગવા જનારનું અપમાન થયા વગર રહે જ નહીં" એવી લોકરીતિ દેખાડીને ગોવાળોને ફરીવાર કહ્યું- "કાર્ય સાધનાર હોય તેમણે ક્યારેય પણ કંટાળવું નહિ. તુણ કરતાં હલકું કપાસ હોય છે, અને કપાસ કરતાં પણ હલકો યાચક કહેવાય છે. માટે કયો યાચક અનાદર પામતો નથી ? સર્વે યાચકો અનાદર પામે જ છે." ત્યારે ભગવાન કહે છે- હવે તમો તેમની સ્ત્રીઓ પાસે જઈ પૂર્વવત્ જણાવો, કેવળ દેહથી ઘરમાં રહેતી પણ સ્નેહ ભરેલી બુદ્ધિથી મારામાં રહેનારી તે સ્ત્રીઓ તમને સારી પેઠે અન્ન આપશે.[૧૩-૧૪] પછી ગોવાળો, બ્રાહ્મણ સ્ત્રીઓ પાસે જઈ, ત્યાં બેઠેલી અને સારી રીતે શણગારેલી બ્રાહ્મણીઓને પ્રણામ કરી નમ્રતાથી બોલ્યા કે- હે બ્રાહ્મણીઓ ! તમોને નમન કરીએ છીએ. અમારી વાત સાંભળો. અહીંથી થોડેક છેટે આવેલા શ્રીકૃષ્ણ અમને અહીં મોકલ્યા છે.[૧૫-૧૬] ગાયો ચારતા ભગવાન, ગોવાળો અને બલરામની સાથે વ્રજથી દૂર આવ્યા છે. અને પોતાના અનુચરો સહિત ભૂખ્યા થયા છે, તેમને માટે ખાવાનું આપો.[૧૭] ભગવાનના ગુણો જેને સાંભળેલા છે એવી અને નિરંતર દર્શનની ઈચ્છા ધરાવનારી તે સ્ત્રીઓ ભગવાનને સમીપે આવ્યા સાંભળી, ત્યાં જવાને સારૂ બહુ જ હર્ષઘેલી થઈ.[૧૮] ભક્ષ્યાદિ ચાર પ્રકારનાં અન્નનાં પાત્રો લઈને તેઓ સર્વે પોતાને પ્રિય એવા ભગવાનની પાસે ચાલી, લાંબા દિવસના શ્રવણને લીધે જેનું ચિત્ત ઉત્તમશ્લોક ભગવાનમાં જ લાગી રહ્યું હતું, એવી સ્ત્રીઓને તેઓના પતિ, ભાઈઓ આદિ સંબંધીઓ રોકવા લાગ્યા તોપણ તેઓને નહીં ગણકારીને, નદીઓ જેમ સમુદ્રને જ મળે તેમ ભગવાનની પાસે ગઈ.[૧૯-૨૦] આસોપાલવના નવીન પલ્લવોથી શોભી રહેલા યમુનાજીના ઉપવનમાં બલરામ સહિત અને ગોવાળોથી વીંટાએલા ભગવાનને બ્રાહ્મણીઓએ દર્શન કર્યાં.[૨૧] ભગવાને સુવર્ણ જેવાં પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં, વર્ણ શ્યામ હતો, મોરપીંછ ધાતુ અને કુંપળિયાંથી નટવરવેષ ધારી રહેલા, એક હાથ મિત્રના ખભા ઉપર અને બીજા હાથથી કમળ

www.jayswaminarayan.org www.bhujmandir.org

હલાવતા અને મંદમંદ હસતા એવા ભગવાનને જોયા.[૨૨] કાનને કૃતાર્થ કરનારા ગુણો સાંભળવાને લીધે પોતાનાં મન જેમાં લાગી રહ્યાં હતાં તે ભગવાનને નેત્રરૂપ દ્વારથી, પોતાના હૃદયમાં પધરાવી, ઘણીવાર સુધી આલિંગન કરી સર્વ તાપથી મુક્ત થઇ.[૨૩] પોતાનાં દર્શનની ઇચ્છાથી જ આવેલી સર્વે ગોપીઓ પ્રત્યે ભગવાન હસીને કહેવા લાગ્યા કે- હે ભાગ્યશાળી બ્રાહ્મણીઓ ! તમે ભલે આવી બેસો, અમે તમારૂં શું કામ કરીએ ? કોઇ પણ બંધનને નહીં ગણકારી અમારાં દર્શને તમે આવી છો એ તમને ઘટે છે.[૨૪-૨૫] કુશળ અને પોતાના પુરૂષાર્થ ઉપર લક્ષ રાખનારા લોકો આત્માઓને પણ અતિ પ્રિય એવો જે હું, તે મારે વિષે નિષ્કામ અને નિર્વિઘ્ન ભક્તિ યથાર્થ રીતે કરે છે.[૨૬] પ્રાણ, બુદ્ધિ, મન, જ્ઞાતિજનો, દેહ, સ્ત્રી, પુરૂષ અને ધનાદિક પદાર્થો જે અંતર્યામી આત્માના સંબંધને લીધે જ પ્રિય લાગે છે, તે અંતર્યામી એવો જે હું તે મારાથી વધારે પ્રિય બીજો કોણ હોય ?.[૨૭] તમો મારા દર્શનથી જ કૃતાર્થ થયાં છો તો હવે તમો યજ્ઞના સ્થાનકે જાઓ, કારણ કે તમે જશો ત્યારેજ તમારા પતિ યજ્ઞને પૂર્ણ કરી શકશે.''[૨૮]

બ્રાહ્મણીઓ કહે છે- હે પ્રભુ ! તમારે આવું કઠણ વચન ન કહેવું જોઇએ. 'મારો ભક્ત કોઇ રીતે દુઃખી ન જ થાય' એવી જે આપની પ્રતિજ્ઞા છે તેને અથવા તમને પામેલો પાછો ફરેજ નહીં, એવું જે વેદ વચન છે તેને આપ સત્ય કરો. અમો સર્વે બંધુઓનો ત્યાગ કરીને આપની દાસી થવા આવેલી છીએ.[૨૯] અમારા પતિ, મા-બાપ આદિક બંધુઓ અને સ્નેહીઓ હવે અમોને ગ્રહણ કરશે નહીં, ત્યારે બીજા તો કેમ જ ગ્રહણ કરે ? હે પ્રભુ ! અમે આપના ચરણમાં સમર્પિત થયેલી છીએ. તેથી હવે અમારી બીજી કોઇ ગતિ નથી. એક જ આપ ગતિરૂપ છો, માટે અમોને આપ પોતાની દાસી તરીકે રાખો.[30]

ભગવાન કહે છે- હવે મારી આજ્ઞાને લીધે પતિ, મા, બાપ, ભાઇઓ અને પુત્રાદિક કોઇ પણ તમારો દોષ નહીં ગણે. જુઓ આ દેવતાઓ પણ સંમતિ આપે છે.[૩૧] શુકદેવજી કહે છે- આ પ્રમાણે ભગવાનનાં વચન સાંભળી બ્રાહ્મણ પત્નીઓ પાછી યજ્ઞસ્થાનકમાં ગઇ, ત્યારે તેઓના પતિઓ પણ દોષ દૃષ્ટિ નહીં રાખતાં તેમની સાથે રહી પોતાનો યજ્ઞ પૂર્ણ કર્યો.[33] એ સર્વે સ્ત્રીઓ ભગવાનની પાસે જતી હતી તે સમયે એક સ્ત્રીને તેમના પતિએ રોકી રાખી. તે સ્ત્રી પોતાના સાંભળ્યા પ્રમાણે ભગવાનનું હૃદયથી આલિંગન કરી, કર્મથી બંધાએલો દેહ છોડી દીધો. (મૃત્યુ પામી ગઇ)[3૪] આ બાજુ ગોવિંદ ભગવાન પણ ચારપ્રકારના તે અન્નથી ગોવાળોને જમાડી પોતે પણ જમ્યા.[3૫] આ પ્રમાણે લીલાથી મનુષ્યરૂપે થયેલા, મનુષ્ય રીતિનું અનુકરણ કરતા, અને રૂપ, વાણી તથા કર્મોથી ગાયો, ગોવાળો અને ગોપીઓને આનંદ આપતા ક્રીડા કરતા હતા.[3૬] પછી મનુષ્યોનું અનુકરણ કરતા અને જગતના ઈશ્વર શ્રીકૃષ્ણ અને બળભદ્રની માગણીને માન આપ્યું નહીં, એ વાતને સંભારી પોતાને અપરાધી ગણતા તે બ્રાહ્મણો પશ્ચાતાપ કરવા લાગ્યા.[3૭] શ્રીકૃષ્ણ ભગવાનમાં સ્ત્રીઓની અલૌકિક ભક્તિ જોઇને પસ્તાએલા બ્રાહ્મણો ભક્તિ વિનાના પોતાના આત્માને ધિક્કારવા લાગ્યા.[3૮] "આપણે ભગવાનથી વિમુખ છીએ, તેથી ત્રણ પ્રકારના જન્મને, બ્રહ્મચર્યને, ઘણું જાણનારપણાને, કુળને, ક્રિયાઓને અને ચાતુરીને ધિક્કાર છે.[3૯] ભગવાનની માયા જ્ઞાનીઓને પણ મોહ પમાડનારી છે, કેમકે આપણે મનુષ્યોના ઉપદેશક જ્ઞાની છીએ, છતાં પણ પોતાના હિતના વિષયમાં મોહ પામેલા છીએ.[૪૦] અહો !!! આ સ્ત્રીઓને પણ જગતના ગુરૂ ભગવાનમાં કેવો અપાર ભાવ છે ! કે જેઓ ઘરરૂપ મૃત્યુના પાશ કાપી નાખ્યા.[૪૧] આ સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર, ગુરૂને ઘેર નિવાસ, તપ, આત્મવિચાર, પવિત્રતા કે શુભ ક્રિયાઓ એમાંનું કાંઇ પણ થયું નથી, છતાં મોટી કીર્તિવાળા ભગવાનમાં દૃઢ ભક્તિ ઉત્પન્ન થઇ, અને આપણને સંસ્કારાદિક થયા છતાં પણ ભક્તિ ઉત્પન્ન થઇ નથી.[૪૨-૪૩] અહો ! સ્વાર્થમાં મૂઢ અને ઘરના કામકાજને લીધે પ્રમત્ત એવા આપણા ઉપર અનુગ્રહ કરવા માટે ગોવાળોનાં વચનોથી ભગવાને પોતાનું સ્મરણ જ આપ્યું.[૪૪] નહિંતર પૂર્ણકામ અને મોક્ષ આપનાર ભગવાનને પામર એવા આપણું શું કામ હોય ? છતાં અન્નની યાચના કરી, એતો ભગવાને મનુષ્ય લીલાની ચેષ્ટા જ કરી છે.[૪૫] વારંવાર જેના ચરણસ્પર્શની આશાથી લક્ષ્મી પણ બીજાઓનો ત્યાગ અને પોતાનો ચંચળપણાદિક દોષ છોડી દઇને જેને ભજે છે, તે ભગવાન બીજાની પાસે માંગણી કરે તે તો કેવળ લોકોને મોહ ઉત્પન્ન કરનાર છે.[૪૬] દેશ, કાળ, અનેક પ્રકારનાં પદાર્થો, મંત્ર, તંત્ર, ઋત્વિજ, અગ્નિઓ, દેવતા, યજમાન, યજ્ઞ અને ધર્મ એ સર્વે જેના મય છે તે સાક્ષાત્ ઈશ્વર વિષ્ણુ યાદવોમાં જન્મ્યા છે એમ આપણે સાંભળ્યું છે, તોપણ આપણે મૂઢપણાથી ચેત્યા નહિ.[૪૭-૪૮] અહો ! આપણે બહુ જ ભાગ્યશાળી છીએ કે- આપણી બુદ્ધિને ભગવાનમાં નિશ્ચળ કરાવનારી સ્ત્રીઓ આપણા ઘરમાં છે.[૪૯] અમે જેની માયાથી મોહ પામીને કર્મોના માર્ગોમાં ભમ્યા કરીએ છીએ, તે અખંડ જ્ઞાનવાળા શ્રીકૃષ્ણને અમો પ્રણામ કરીએ છીએ.[૫૦] પોતાની માયાએ મોહ પમાડેલા અને પ્રભાવને નહીં જાણનારા આપણા અપરાધને તે આદિપુરૂષ ભગવાન ક્ષમા કરવાને યોગ્ય છે.''[૫૧] ભગવાનનું અપમાન કરનારા તે બ્રાહ્મણોને આ પ્રમાણે પોતાના અપરાધનું સ્મરણ આવવાથી, શ્રીકૃષ્ણ અને બળભદ્રનું દર્શન કરવાની ઇચ્છા થઇ, તોપણ કંસની બીકથી તેઓ ગયા નહીં.[૫૨]

इति स्वाधमनुस्मृत्य कृष्णे ते कृतहेलनाः । दिदृक्षवोऽप्यच्युतयोः कंसाद्भीता न चाचलन् ।५२

**ઇતિ શ્રીમદ્ મહાપુરાણ ભાગવતના દશમ સ્કંધનો ત્રેવીશમો અધ્યાય સંપૂર્ણ.**